
કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક
સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ • આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત
વર્ષ ૬૧મું · અંક ૮મો · ઑગસ્ટ · ઇસ્વી સન ૧૯૮૪
સળંગ અંક ૭૨૮
તંત્રી · બિહારીલાલ ટાંક



ઊડતી વાગોળો : જાપાનમાં વાગોળ સદ્ભાગ્ય અને દીર્ઘજીવનની સૂચક મનાય છે. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં કોઈ અજાણ જાપાની કલાકારે લગભગ ૪૪ સેન્ટીમીટર જેવડા કાગળમાં અત્યંત નજાકતથી આ કોતરેલી છે. પોતાની લાંબી પાંખો પસારીને ઊડતી વાગોળોની એમાં સમતોલ સુંદર ભાત રચાય છે. આમાં ખરી ખૂબી તો કલાકારે તેની ચારે બાજુની કિનારને પણ એટલી જ પાતળી રાખીને દર્શાવી છે. જો એ વધુ પહોળી રાખી હોત તો અંદરના કોતરકામને જાળવી રાખવામાં એ સહાયક બનત એ ખરું, પરંતુ તેમ કરતાં કલાકારે જે અવકાશ દર્શાવ્યો છે તેની અસર મારી જાત. પશ્ચાદ્ભૂના એ વ્યાપને વધુ પ્રભાવક બનાવવા કલાકારે વાગોળની પાંખો વધુ લાંબી અને તેમના દેહને વધુ નાના દર્શાવ્યાં છે.



રમકડાંના રંગ (કલાકાર : સ્વ. ભીખુભાઈ આચાર્ય)

અંદરનું

ઑગસ્ટ ૧૯૮૪

સળંગ અંક ૭૨૮

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ - ૧૪૫૪ રાયપુર ચકલા - અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

વાચકો લખે છે...

આચાર્ય રામાનુજ

'કુમાર' મે ૧૯૮૪માં 'રામાનુજાચાર્ય' (લે. પ્રફુલ્લ રાવલ) રસપ્રદ બની રહેલ છે, ખાસ તો એના રાજકીય સંદર્ભો ચર્ચા પ્રેરે તેવા છે.

૧) આચાર્ય રામાનુજને જે ચોલરાજા સાથે સંઘર્ષમાં આવવાનું બન્યું તે કુળોત્તુંગ (પહેલો) કે અધિરાજેન્દ્ર? 'ભારતીય ઇતિહાસ કોશ' (પૃ. ૮)માં અધિરાજેન્દ્રનું નામ છે.

૨) કુળોત્તુંગનો ઉત્તરાધિકારી વિક્રમ ઈ. ૧૧૨૬માં ગાદીએ આવ્યો, તેના સમયમાં રામાનુજ પાછા શ્રીરંગમમાં આવ્યા હોય તો શ્રીરંગમમાં રહેવા માટે 'વીસેક વર્ષ' રામાનુજ પાસે રહેતાં નથી, કારણ કે ઈ. ૧૧૩૭માં રામાનુજે દેહ છોડયો! રામાનુજ સો વર્ષ પછીની જિંદગી શ્રીરંગમમાં જ રહેલા તે નિશ્ચિત છે એટલે સંભવ એવો છે કે અધિરાજેન્દ્રના સમયમાં રામાનુજને શ્રીરંગમ્ છોડવું પડયું હોય અને કુળોત્તુંગના સમયમાં પાછા આવી રહ્યા હોય. 'ભારતીય ઇતિહાસ કોશ' કહે છે કે 'અધિરાજેન્દ્રની ધાર્મિક અસહિષ્ણુતાથી રામાનુજ ચોલ રાજ્યની બહાર ચાલ્યા ગયા હતા તે કુળોત્તુંગના રાજ્યકાળમાં પાછા આવી શ્રીરંગમમાં રહેવા લાગ્યા.' (પૃ. ૯૮)

૩) રામાનુજના સંપર્કથી બિટ્ટિદેવ નામનો જૈનધર્મી રાજા, વૈષ્ણવ બન્યો ને 'વિષ્ણુવર્ધન' નામ રાખ્યું તે યોગ્ય લાગે છે, પરંતુ વિષ્ણુવર્ધનની મદદથી ઈ. ૧૦૯૯માં રામાનુજે નારાયણનું મંદિર બંધાવ્યું તે ચર્ચાસ્પદ છે, કારણ કે વિષ્ણુવર્ધન ઈ. ૧૧૦૦ પછી ગાદીએ આવ્યો! ('ભારતીય ઇતિહાસ કોશ' ઈ. સ. ૧૧૧૦ આપે છે.)

૪) શ્રી યમુનાચાર્યની ત્રણ ઇચ્છાઓમાંની એક 'દિલ્હીના પાદશાહ પાસેથી વિષ્ણુમૂર્તિ પાછી લાવવી' તથા 'કાશ્મીરથી પાછા ફરતાં રામાનુજે દિલ્હી જઇ ત્યારના બાદશાહ પાસેથી વિષ્ણુમૂર્તિ પ્રાપ્ત કરી.' આ વાત પરત્વે દિલ્હીનો થોડો વિચાર કરવો પડશે:

સુવિદિત છે કે આપણા દેશનો ઐતિહાસિક કાળ મૌર્યવંશથી શરૂ થાય છે. મૌર્ય પછી શુંગ, સાતવાહન, ગુપ્ત, વાકાટક, આપણે ત્યાં મૈત્રક, આમાંથી કોઈની રાજધાની દિલ્હી નથી. દિલ્હીને પ્રથમ રાજધાની બનાવવાનું માન તોમર વંશના રાજપૂતોને મળે છે તેમણે સંભવત: ઈ. સ.ની આઠમી સદીમાં 'ઢિલ્લિકા'ને રાજધાની બનાવી. અગિયારમી સદીના તોમરરાજ અનંગપાળે તેને શણગારી. (આ અનંગપાળની એક દીકરી ગુજરાતમાં - ધૂમલીમાં સાસરે હતી.) બારમી સદીમાં ચૌહાણ રાજપૂતો દિલ્હી ઉપર આવ્યા અને દિલ્હીના અંતિમ રાજપૂત રાજા પૃથ્વીરાજ ચૌહાણ પાસેથી ઈ. સ. ૧૧૯૩માં શહાબુદ્દીન ઘોરીએ દિલ્હી જીતી લઇ, દિલ્હીમાં પ્રથમ સલ્તનતની સ્થાપના કરી. રામાનુજનો સમય ઇ. ૧૦૧૭ થી ૧૧૩૭ એટલે સ્પષ્ટ છે કે એ સમય દરમિયાન દિલ્હીની ગાદીએ કોઈ બાદશાહ નથી.

૫) રામાનુજે ગુજરાતની મુલાકાત લીધી છે. (સંભવત: ૧૦૭૫થી ૧૧૦૦ વચ્ચે) ગુજરાતમાં તેઓએ નારાયણ સરોવર, દ્વારકા, માધવપુર ઘેડ) અને જૂનાગઢમાં શ્રીસંપ્રદાયનાં સ્થાનો ઊભાં કરેલાં મનાય છે. આ સમયે ઉત્તર ગુજરાતમાં મીનળદેવી અને કર્ણદેવ છે, કચ્છમાં સમા રાજપૂતો છે, દ્વારકામાં ચાવડા છે, ધૂમલીમાં ભાણ જેઠવો છે, જૂનાગઢમાં રા'નવઘણ બીજો છે. રામાનુજનો અન્ય એક નોંધપાત્ર ઐતિહાસિક સંદર્ભ તે તમિળ કવિ કમ્બન તેમનો ઉત્તરવયનો સમકાલીન છે.

(પોરબંદર) — નરોત્તમ પલાણ

'કુમાર'ના સળંગ અંક ૭૨૧ (જાન્યુઆરી ૧૯૮૪)માં 'વૂડકેમ કૉર્પોરેશન'ની જાહેરખબરમાં જે વાનગી વિષેનું લખાણ ભાઈશ્રી ધર્મેન્દ્ર શાહના નામે રજૂ થયું છે તે મારા પુસ્તક 'વિચારોના વૃંદાવનમાં'થી સીધું ઉપાડેલું છે. આ અંગે શ્રી ધર્મેન્દ્ર તથા કંપનીએ ક્ષમા પ્રાર્થતો પત્ર તો મને લખ્યો છે. પરંતુ 'કુમાર'માં પણ આની સ્પષ્ટતા થાય તો સારું.

(સૂરત) — ગુણવંત શાહ

'કુમાર'નો જૂન-જુલાઇનો અંક વાંચ્યો' ખુશ થયો. તેમાં પાછળનાં પાનાંઓમાં એક જાહેરખબરમાં કુર્આન શરીફની આયાત આપેલી છે. આમ તો એમાં કંઈ વાંધો નથી, પરંતુ આ અંક કોઈગમે ત્યાં ગમે તેવા સ્થાને મૂકે એથી ધર્મવચનનું અપમાન થાય છે... હું સમજું છું કે આ આયાતમાં સારી શિખામણવાળા શબ્દો છે, પરંતુ સમજુ માણસોને કે અન્યને શિખામણ આપી સમજાવવું એ મારું અને તમારું કામ નથી, કે આ રીતે મૅગેઝિનમાં આપવાની જરૂર નથી. થોડું લખેલ છે જે વધારે સમજી હવે પછી આવી ભૂલ ભૂલમાંય ન કરશો.

(ગોધરા) — અહેમદ ઈસ્માઈલ મદારી

[આ વિભાગ બંધ કર્યો નથી.]

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ભાષા સાહિત્યની આસ્વાદ, સંસ્કાર અને દીક્ષા પરીક્ષાઓ તા. ૮, ૯ ડિસેમ્બર, ૧૯૮૪ના રોજ ગુજરાતનાં વિવિધ કેન્દ્રો ઉપરથી લેવાશે. પરીક્ષાઓ તેમજ અભ્યાસક્રમ અંગેની વિગતો દર્શાવતું માહિતીપત્રક મેળવવા માટે તેમજ પરીક્ષાઓ અંગેનું કેન્દ્ર શરૂ કરવા અંગે જરૂરી પત્રવ્યવહાર ડૉ. રમેશ એમ. ત્રિવેદી, માનદ પરીક્ષાનિયામક, C/o ટી. વી. પટેલ આર્ટ્સ કૉલેજ બિલ્ડિંગ, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦. એ સરનામે કરવો.

અનુસંધાન] **વેસાલિયસ** [પૃષ્ઠ ૧૬૪

ભાગમાં વહેંચાએલું બતાવેલું. અલબત્ત, એણે કરેલી એ આકૃતિઓ ભૂલભરેલી હતી, છતાં તેની સારી માંગ રહી હતી. આલેખક તરીકે એનું કામ એટલું તો ચોકસ અને તેની રજૂઆત એવી સરળ હતી કે વેસાલિયસ માટે એણે બનાવેલી પ્લેટો ખુદ એના ગુરુ વિખ્યાત ચિત્રકાર ટિશ્યાંએ જ કરી હશે એવુ પણ ઘણાએ માનેલું.

કૅલકારની પેલી છ પ્લૅટોમાં વેસાલિયસને એક ઉત્તમ તક દેખાઇ. પોતાની દેખરેખમાં એણે તેની પાસે માનવદેહની રચના દર્શાવતી ૩૦૦ પ્લૅટો બનાવરાવી. કૅલકારે પણ એ આકૃતિઓમાં માનવદેહને એટલે સરસ રીતે દર્શાવ્યો કે તેમાં માંસપેશીઓ મૃતદેહની જડતાવાળી નહિ, પણ પારદર્શક ચામડીની આરપાર જ દેખાતી હોય તેવી જીવંત અને ચુસ્તભરી લાગે, વેસાલિયસે શરીરરચના અંગે મેળવેલા જ્ઞાન પ્રમાણે બનેલી એ આકૃતિઓ આજે ચારચાર સદી પછી યે એટલી જ આકર્ષક રહી છે. આ જ રીતે આ આકૃતિઓની સમજ આપતાં વેસાલિયસે જે લખાણ આપ્યું છે તે પણ પારિભાષિક શબ્દોના નીરસ ખડકલા જેવું ન બનતાં બોલાતી ભાષા જેવું સરળ સુગમ છે. એમાં એણે પોતાના પુરોગામીઓએ આ વિષયમાં કરેલી ભૂલો તથા એ કાળે આ અંગે પ્રવર્તતી માન્યતાઓ પર પણ આકરી ટીકા કરી છે.

આ ગ્રંથની પ્લૅટો (બીબાં) લઇને જ એ આલ્પસ વીંધીને બાલ ગયો હતો. એનું પ્રકાશન થતાં જ એક ઉમદા કૃતિ તરીકે તેને આવકાર મળ્યો. બીજી બાજુ તેની સામે વિરોધ પણ થયો. વેસાલિયસે તેમાં બતાવેલું કે માણસની છાતીમાં બંને બાજુની (અનુ. પૃષ્ઠ ૧૭૬)

વનરાવનમાં / રાજેન્દ્ર શાહ

ગાન

સખી, જો, વનરાવનને રાન;
છલકાવી એકાન્ત વેગથી વહી રહ્યાં કલગાન.

મધુપુર-મારગ જવું આવવું
રોજરોજનું ટાણું;
વચમાં વ્હાલભર્યું આ થાણું
મળે નિરંતર લ્હાણું;
ડૂબવું, મનભર કરવું સ્નાન.

ટાઢક દેતું હોય એવું કંઈ અંતર મારું સળગે;
કાળાં જળનું કામણ મારે રાતે કાળજ વળગે;
થાય રોમાંચ-કઠિન મુજ થાન.

આઘીપાછી ગોકુળને ઘર
હોઉં તો ય તે મારું
મન તો ત્યાંનું બન્યું નિવાસી,
થયું અહીંથી ન્યારું;
ત્યાં જ રે ત્યાં જ રહેલા કાન.

ઠેઠનો ઠેલો / ઉશનસ્

ગાન

એક જંગલ જેવો લટિયે લટિયે
ગૂંચવાયો છે વેલો રે!
જ્યાં નસ નસ વ્હેતો રસ રસ કેરો
ધસમસ ધસમસ રેલો રે!

ક્યાંય જડે ના આદિ એનો
ક્યાંય જડે ના અંત
ગાંઠગાંઠમાં ગૂંચવાયો છે
એક જ તંતર-તંત
હાથ ન આવે. આ પા, ઓ પા
છેડો છુટ્ટો મેલ્યો રે!

ક્યાં છે થડિયું? કઈ ડૂંખને
વળગી ચૂસે વૃન્ત?
આમ જુઓ તો એક જ ખળકે
આખું વૃક્ષ ખીલંત!
કિયા મૂળથી આ અમરતિયો
ઠેઠનો આવે ઠેલો રે!

એકલું લાગે / પીરુ પરીખ

ગાન

આજ મને કૈં એકલું એકલું લાગે!

છાપરેથી કોક મોરલે મેલી ગગન-તરતી ગ્હેક,
વીજલડીએ આભથી લીધી અગન-ઝરતી ઠેક;
આજ અષાઢી ગંધનો છાંટો વાગે!
આજ મને કૈં એકલું એકલું લાગે!

નેજવા નીચે આજ ભરાયો ચાર પાંખોનો મેળો,
નેત્રલેથી ઢળી જાય ક્યાં દોડ્યો એ...ય તોફાની વ્હેળો?
આજ કોઈની યાદનો જખમ જાગે!
આજ મને કંઈ એકલું એકલું લાગે!

એક લહર / જયન્ત પાઠક

ગાન

એક લહર ચલી લટકાળી
અંગ અંગ ફરકી ઊઠી શી રોમાંચક હરિયાળી!

એણે લીધો ચૂની પ્રસ્વેદ
પથનો હરી લીધો સૌ ખેદ
ઊતરી મનથી અસર અઘોરી કાળકૂટની કાળી!

કંઈ ઊઘડ્યા ભીતર ભેદ
પંખાડું ભણતું ચારે વેદ
પિંજર ઝૂલે કલ્પતરુની કલકલ કુસુમિત ડાળી!

લહરનાં કેમ કહું રે કામણ!
ચંચલ ચગ્યો શાન્ત મ્હેરામણ
સભર હવે સૌ ફેનિલ લ્હેરે ખાડીખાબોચિયાં ખાલી!

ઉજાગરો / રાજેન્દ્ર શુક્લ

ગાન

ઉજાગરાનું સપનું આવ્યું,
સપનાનો રે ઉજાગરો આછો અમથો ઉજાગરો!

અધખૂલ્યાં કે ગુલાલ ઊડે,
દશે દિશામાં વહાલ ઊડે,
ઊડે રંગ અનુરાગરો, આછો અમથો ઉજાગરો!

દીવાલો ને દ્વાર ફૂજે,
આખું અંદર-બા'ર ફૂજે,
ફૂજે કૈંક મિજાગરો. આછો અમથો ઉજાગરો!

એક તાંતણે શ્વાસ સાંધ્યા,
બે છેડાના પ્રાસ બાંધ્યા.
બાંધ્યા આભ ધજાગરો, આછો અમથો ઉજાગરો!

માનવદેહ-રચનાનું લગભગ સાચું દર્શન કરાવનાર બેલ્જિયન શરીરરચના-શાસ્ત્રી

ઍન્ડ્રીઅસ વેસાલિયસ



૧૬મી સદીમાં
દેહરચના સંબંધી
પ્રચલિત
અનેક માન્યતાઓને
એણે
કાલ્પનિક
સાબિત કરી હતી.

ઈ. ૧૫૪૨. આલ્પ્સની પર્વતમાળામાંથી એક પોઠ પસાર થઈ રહી હતી. તેનાં ખચ્ચરોની પીઠ ઉપર એક ગ્રંથમાં છાપવા માટેની આકૃતિઓ સારુ કોરેલાં બીબાં ખડકયાં હતાં. સાથે એ ગ્રંથનો સર્જક હતો – ૨૭ વર્ષનો બેલ્જિયન યુવાન ઍન્ડ્રીઅસ વેસાલિયસ. એનો એ ગ્રંથ હતો 'દ હ્યુમાની કૉર્પોરિસ ફૅબ્રિકા'. માનવદેહની રચના અંગેનો એ ગ્રંથ જ્યારે પ્રકટ થયો ત્યારે હલચલ મચી ગએલી. વેસાલિયસની એ સર્વોત્તમ કૃતિ હતી.

વેસાલિયસના પિતા, દાદા અને વડદાદા નામાંકિત વૈદ્યો હતા. ઈ. ૧૫૧૪માં એનો જન્મ. નાનો હતો ત્યારે એને હાથ ચડતું કોઈ પ્રાણી બચી શકતું નહિ. કૂતરાં, બિલાડા ને ઊંદરોનાં દેહછેદનો કરી એણે એની રચનાઓ તપાસી હતી. પારીસમાં એણે સીલ્વિયસ પાસે શરીરરચનાનો અભ્યાસ કરેલો. આ સીલ્વિયસ પર ગ્રીક-ફિલસૂફ ગેલનના ખયાલોનો ઊંડો પ્રભાવ હતો.

એ કાળ જ એવો હતો જ્યારે પુરોગામી મહાનુભાવોએ કરેલાં વિધાનોને યથાતથ: સ્વીકારીને લોકો ચાલતા. એ પુરોગામીઓની પ્રતિભાથી અંજાએલા લોકો એમના વિચારો અંગે શંકા કરતાં યે ખચકાતા. એમ પણ હોય કે તેઓએ રજૂ કરેલો તર્ક સરળતાથી ગળે ઊતરી જાય તેવો હોય યા એવું યે હોય કે એમના દ્વારા નિર્ણય કે તારણ થઈ ગયા પછી એ અંગે તેની પૂર્ણતા સ્વીકારી લઈ એ જ માર્ગે આગળ ચાલવા બીજા પ્રેરાતા હોય. વળી, એ સમયની સામાજિક સ્થિતિ અને ધાર્મિક ખયાલોથી બંધાએલી સીમાઓનું ઉલ્લંઘન કરવું પણ અશક્ય નહિ તો અતિકઠિન હોય. અથવા આવાં બધાં પરિબળો એક સાથે પણ પ્રભાવ પાડતાં હોય. આ બધું સંભવિત હતું. ગેલન, એરિસ્ટોટલ, પ્લિની વગેરેના ખયાલો આ રીતે સ્વીકૃત બની ગયાં હતાં. એથી અનેક નવી ભૂલો પણ થતી. પણ ન તો કોઇએ એ ખયાલો ચકાસ્યા કે ન કોઇએ તે અંગે શંકા પ્રકટ કરી. પરિણામે જ્ઞાનનો વિકાસ જ જાણે સ્થગિત થઈ ગયો. જે કંઈ જ્ઞાન છે – જે સત્ય છે તે ગ્રંથોમાં લખાયું છે, અને જે ગ્રંથોમાં નથી તે સત્ય નથી એવું જ મનાતું. આથી એ ગ્રંથોમાં જે લખાયું હતું તેમાંથી જ દરેક પ્રશ્નનો ઉત્તર ખોળવાના પ્રયાસો થતા, અને એથી અજબ માન્યતાઓ પ્રસરતી જઇ જ્ઞાનવિજ્ઞાનની શોધ આડે માર્ગે અટવાયા કરતી. જીવવિજ્ઞાનના ક્ષેત્રે પણ આ જ સ્થિતિ હતી. જાણે કે એ અંગેના પ્રશ્નો ઊકલી ગયા હતા. પ્રાણીઓની જાતોનાં મૂળ શોધાઇને સર્જનનો વિકાસ થયાની જાણ પૂરી થઇ ચૂકી હતી. શરીરની ક્રિયાઓને ગેલને સમજાવી દીધી હતી. પ્રશ્ન માત્ર ગર્ભનો વિકાસ કઇ રીતે થાય છે તે જ હતો. તેમાં યે ખાસ તો ગર્ભમાં જીવ ક્યારે પ્રવેશે તે અંગે મતભેદ હતો. મધ્યકાલીન વિદ્વાનોના મતે ગર્ભાધાનના ત્રીજા દિવસે એ થતું, જ્યારે એરિસ્ટોટલનો મત એ પાંચમા દિવસે બનતું હોવાનો હતો.

ઔષધવિજ્ઞાનના મહાનિષ્ણાત મનાતા પેરાસેલ્સસનું માનવું હતું કે ઇશ્વરે પ્રત્યેક છોડમાં એવી સંજ્ઞા મૂકી છે કે, જે અંગ યા અવયવના આકારનો એ છોડ કે તેનો કોઇ ભાગ હોય તે અંગ-અવયવને માટે એ ગુણકારી હોય. એટલે કે હૃદય જેવા આકારનાં પાન કે ફળ હૃદયના રોગમાં ઉપકારી હોય, હોજરી જેવાં હોજરીને અને કલેજા જેવાં કલેજાને લાભદાયી નીવડે. આવી તો અનેક માન્યતાઓ પ્રચલિત હતી.

પણ પછી એકાએક પલટો આવ્યો. અનેક પરિબળો તેમાં કારણભૂત હતાં. વાસ્તવિકતા તરફનું વલણ વધ્યું. કદાચ ઇટાલીમાં તેનો આરંભ થયો. 'રેનેસાં' એટલે કે પુનર્જાગૃતિનો એ કાળ. સર્વ ક્ષેત્રોમાં તેની અસર ફેલાઇ. ઇ. ૧૪૭૮માં બોતીચેલીએ 'સ્પ્રિંગ' (વસંત) નામનું એક ચિત્ર આલેખ્યું. એમાં એણે ચિત્રિત કરેલાં ફૂલોમાં લગભગ ત્રીસ જાતનાં ફૂલો આસાનીથી ઓળખી શકાતાં હતાં. પોતાના ગુરુ ફ્રા લિપ્પો લિપ્પીથી એ આ રીતે જુદો પડયો. ગુરુનાં આવાં ચિત્રોમાં વાસ્તવિકતાને બદલે કલ્પના વધુ જોવા મળતી હતી.

ઝીણવટપૂર્વક કુદરતનું નિરીક્ષણ કરીને તેનું તાદૃશ આલેખન કરનાર એવો બીજો આદમી હતો લીઓનાર્દો દ વિન્સી. એણે પણ વિવિધ વનસ્પતિનાં નિરીક્ષણો કરીને તેનું તાદૃશ આલેખન કર્યું હતું. માનવદેહનાં અંગોને તાદૃશતાથી આલેખવા માટે એણે ત્રીસથી યે વધુ મૃત માનવીના દેહોનું છેદન કરેલું. આમાંથી એને શરીરરચનામાં રસ જાગ્યો અને પોતે કરેલાં નિરીક્ષણોની એણે સચિત્ર નોંધો કરી. પરંતુ છેદનના તેના પ્રયોગો પર વડા ધર્મગુરુ પોપે પ્રતિબંધ ફરમાવ્યો. મનુષ્યદેહનું છેદન ધર્મમાં પ્રતિબંધિત હતું. જો કે ધીરેધીરે તેની અગત્ય સમજાતી થઇને વૈદકના અભ્યાસમાં તેનું મહત્ત્વ સ્વીકારાયું, પણ એ છતાં શબછેદન માટે ધર્મગુરુની મંજૂરી મેળવવી પડતી.

કદાચ આથી જ લીઓનાર્દોએ મનુષ્યદેહ અંગે કરેલાં નિરીક્ષણોની એ સચિત્ર નોંધો ત્યારે પ્રકટ થઈ શકી નહોતી. પરંતુ પોતાના સમયના આ વિષયના જ્ઞાનમાં એ ઘણો જ આગળ હતો. પોતાનાં નિરીક્ષણો પરથી એણે જે તારણો કાઢયાં હતાં ત્યાં સુધી પહોંચતાં તો વિજ્ઞાનીઓને લગભગ ચારસો વર્ષ લાગેલાં. જો એ કાળે એની નોંધો પ્રકટ થઇ શકી હોત તો ? આ લીઓનાર્દો પર પણ કેટલીક પૂર્વ-માન્યતાઓનો પ્રભાવ તો હતો જ. હૃદય-ફેફસાં વગેરે તથા હોજરી-આંતરડાં વગેરેની વચ્ચે આવેલા ઉદરપટલનું વર્ણન લખતાં એણે યે હૃદય-ફેફસાં વગેરેને મનુષ્યદેહનાં 'આધ્યાત્મિક' અંગો તથા હોજરી-આંતરડાં વગેરેને 'ભૌતિક' અંગો તરીકે ઉલ્લેખ્યાં હતાં.

વેસાલિયસે શરીરરચના અંગે પોતાના સમય કરતાં વધુ ચોક્કસ જ્ઞાન રજૂ કર્યું હતું. પાડુઆમાં ભણીને એણે જે હોશિયારી બતાવેલી તેથી ત્યાંની ઉપાધિ પ્રાપ્ત કર્યા પછી બીજા જ દિવસથી ત્યાંના પ્રાધ્યાપક તરીકે તેને નિમણૂક મળી હતી. પદ ધારણ કર્યા પછી તુરત એણે શરીરરચનાના શિક્ષણની પરંપરિત પ્રણાલિમાં ફેરફાર કરી નાખ્યો. એ સમયમાં પ્રાધ્યાપક જ્યારે શરીરરચના અંગે વ્યાખ્યાન આપતો હોય ત્યારે શબછેદનનું કાર્ય તેનો સહાયક કરતો. આ પદ્ધતિમાં ઘણી વાર પ્રાધ્યાપકના ધ્યાન બહાર ભૂલો રહી જતી. જે અંગ કે અવયવ વિષે પ્રાધ્યાપક સમજાવતો હોય તે છેદન કરીને બતાવવામાં સહાયક




▽ ઈ. ૧૫૪૩માં વેસાલિયસે માનવદેહ રચનાની સાચી અને સુંદર રજૂઆત કરતો જે એટલાસ - 'દ હ્યુમાની કૉર્પોરિસ ફૅબ્રિકા' પ્રકટ કર્યો હતો. તેના પૂઠા પરના ચિત્રના આ અંશમાં વેસાલિયસને પાડુઆ યુનિવર્સિટીમાં દેહછેદન કરી વિદ્યાર્થીઓને સમજાવતો દર્શાવ્યો છે.



▷ ઈ. ૧૫૪૬માં વિદ્યાર્થીઓને ઉપયોગી બની રહે તે માટે બાલ યુનિવર્સિટીની વિનતિથી વેસાલિયસે માનવઅસ્થિઓ જોડીને આ હાડપિંજર બનાવી આપેલું. આ રીતે અભ્યાસાર્થે તૈયાર કરેલા અસ્થિ-પિંજરનો આ જૂનામાં જૂનો નમૂનો છે, અને આજે યે ત્યાં સચવાએલો છે. નીચે: અનેક શબછેદનો કરી મેળવેલા જ્ઞાનના આધારે વેસાલિયસે પોતાના ચિત્રકાર મિત્ર કૅલકાર પાસે પોતાની નિગેહબાનીમાં દેહરચના સમજાવતી ૩૦૦ જેટલી પ્લેટો (બીબાં) બનાવરાવેલી. માનવદેહની માંસપેશીઓ, રક્તવાહિનીઓ, જ્ઞાનતંતુઓ, અસ્થિઓ તથા વિવિધ અવયવોનાં આ પ્રકારનાં આટલાં ચોક્કસ અને સુંદર આલેખનો આ અગાઉ કદી રજૂ થયાં નહોતાં. વળી, એ આલેખનો મૃત અને જડ નહિ, પણ ચેતનવંત લાગતાં હતાં.

કયારેક ભૂલ પણ કરી બેસતો, અને એ ભૂલ એની જ ઊણપ ગણાતી. અને એ સ્વાભાવિક હતું. કારણ પ્રાધ્યાપકને દેહછેદનનો અને સહાયકને ગ્રંથસ્થ જ્ઞાનનો અનુભવ ન હોય એવું યે બનતું. વેસાલિયસ તો પોતે જ દેહછેદન કરીને વિદ્યાર્થીઓને ભણાવતો.

આ ઉપરાંત, વેસાલિયસે દેહરચના સમજાવતાં ચિત્રો બનાવવામાં કૅલકારની સહાય લીધી. કૅલકારે પોતે પણ અગાઉ આવી છએક પ્લેટો બનાવેલી. જેમાં એણે ગેલનના પ્રચલિત ખયાલ પ્રમાણે લોહીની નસોને યકૃતમાંથી નીકળતી તથા યકૃતને પાંચ (અનુ. પૃષ્ઠ ૧૬૧)



ચાલો આપણે માણસ-માણસ રમીએ

ધીરુ પરીખ

[પાત્રો : અ – પહેલો પુરુષ, બ – પહેલી સ્ત્રી, ક – બીજો પુરુષ અને ડ – બીજી સ્ત્રી]

(પડદો ખૂલી ગયો છે. રંગમંચ પર સંપૂર્ણ અંધકાર છે. એ અંધકારમાં જ થોડો સમય પહેલો પુરુષ (અ) અને પહેલી સ્ત્રી (બ) વચ્ચે સંવાદ ચાલે છે.)

બ ! અરે, અહીં અંધારું કેમ છે? (જવાબ ન મળતાં ફરીથી) હું પૂછું છું કે અહીં અંધારું કેમ છે? (વળી જવાબ ન મળતાં ફરીથી) શું અહીં કોઈ નથી? (અકળાઇને) અરે, હું પૂછું છું અહીં અંધારું કેમ છે? અહીં કોઈ નથી? કોઈ નથી અહીં?

અ : છે.

બ : કોણ છે?

અ : હું.

બ : 'હું' એટલે?

અ : હું એટલે હું, વળી.

બ : એટલું તો હું ય જાણું છું.

અ : તો પછી?

બ : 'હું' એટલે કોણ એમ પૂછું છું.

અ : હું એટલે તું નહિ.

બ : અરે, હું એટલે હું પણ નહિ.

અ : તો તું એટલે તું પણ નહિ.

બ : પણ આ અંધારું એટલે અંધારું ખરું જ.

અ : હા, અંધારું એટલે અંધારું તો ખરું જ.

બ : તો હું પૂછું છું કે અહીં અંધારું કેમ છે?

અ : અહીં પ્રકાશ કદી હતો જ નહિ.

બ : (જરા કડક અવાજે) મારે જાણવું નથી, જોઇએ છે.

અ : શું જાણવું નથી? શું જોઇએ છે?

બ : (ફરી કડક અવાજે) એ જ કે 'અહીં પ્રકાશ કદી હતો જ નહિ' એ મારે નથી જાણવું. મારે તો અહીં પ્રકાશ જોઇએ છે.

અ : (સ્વસ્થતાથી) એ...મ! (પછી એકદમ અટ્ટહાસ્ય)

બ : (એ જ કડક અવાજે) મારે પ્રકાશ જોઇએ છે, હાસ્ય નહિ.

બ : (સ્વસ્થતાથી) ભલે. (પછી અટ્ટહાસ્ય, પણ જરા લાંબું)

બ : (ચિડાઇને) ઓહ! બંધ થાવ આ અટ્ટહાસ્ય, બંધ થાવ, બંધ થાવ.

અ : (ફોસલાવતો હોય તેમ) હાઆઆઆ! હવે પ્રકાશ થશે.

બ : (અંધારામાં ગૂંગળાતી હોય તેમ) હા, હા; જલ્દી પ્રકાશ કરો. જલ્દી પ્રકાશ કરો.

અ : તો જો; પ્રથમ કાનથી જો.

બ : (ચમકીને) કાનથી જોવાનું?

અ : હા, કાનથી જોવાનું. અને કાનથી જોવાનું એટલે ધ્યાનથી સાંભળવાનું.

બ : ભલે, હું હવે કાનથી જોઉં છું. પણ જલ્દી પ્રકાશ કરો, જલ્દી અહીં પ્રકાશ કરો.

અ : (ગંભીર અવાજે) 'લેટ ધેર બી લાઈટ'— પ્રકાશ થાવ—(પછી જરા ઝડપથી) 'ઍન્ડ ધેર વૉઝ લાઈટ—અને પ્રકાશ થયો.

(ધીમે ધીમે ઊઘડતા પ્રકાશથી રંગમંચ ભરાઈ જાય છે.)

બ : (રંગમંચ પર જમણી તરફ આગળના ખૂણે ઊભી હોય છે ત્યાંથી સંતોષ અને આનંદપૂર્વક) આહ! પ્રકાશ, પ્રકાશ, પ્રકાશ!

(રંગમંચ પર ડાબી તરફ આગળના ખૂણે ઊભેલા પુરુષને ઉદ્દેશીને) પણ તું કોણ છે?

અ : પાછો એ જ પ્રશ્ન? 'હું' અને 'તું'નો અર્થ શો છે?

બ : એટલે?

અ : ભુલાઈ ગઈ હમણાંની પ્રકાશ પહેલાંની વાત?

બ : કઈ વાત?

અ : નજીક આવ.

બ : આ આવી, લે.

અ : હવે ત્યાં જ બેસી જા.

બ : એટલે શું? બેસી જવું એટલે શું?

અ : બેસી જવું એટલે આમ બે પગ પર ઊભા ન રહેવું તે.

બ : તો પછી બેસવું એટલે શું કરવું?

અ : બેસવું એટલે બેસવું એટલે બેસવું, વળી.

બ : પણ એ 'એટલે' એટલે શું?

અ : બસ, 'એટલે' એટલે 'એટલે'. જો આમ કરવું એટલે બેસવું.

(બેસવાનો ઝડપી અભિનય કરે છે.)

બ : ના, ના; મારે આમ પડવું નથી.

અ : બેસવું એટલે પડવું નહિ. પડવું અને આવી પડવું એમાં ય ફેર છે. આથી બેસવું એટલે પડવું નહિ, પણ અહીં આવી પડવું એટલે જ બેસવું.

બ : તો કેમ બેસવું?

અ : જોયું નહિ હું બેઠો તે. ચાલ ફરી બતાવું. જો આમ કર. પ્રથમ ઘૂંટણમાંથી બંને પગ વાળી સમગ્ર શરીરને ભૂમિ તરફ જવા દે.

બ : (પહેલા પુરુષના નિદર્શનને અનુસરતી) લે, આ એ પ્રમાણે કરું છું.

અ : (ઉત્તેજિત કરતો) બરાબર...બરાબર... હજુ શરીરને વધારે નીચે જવા દે. બસ, જો, હવે આ પ્રમાણે થાપો જમીન પર ગોઠવી દે.

બ : હા...શ, આ ગોઠવ્યો.

અ : બસ, બસ, બસ. હવે ઢીંચણમાંથી વાળેલા પગ આંટી મારી આડા પાડી દે. જો, એ...આમ. આ લગાવી...પલાંઠી.

બ : હા, લે! આ લગાવી...પલાંઠી.

ક : (બીજો પુરુષ (ક) એકદમ પ્રવેશતાં) અરે, અરે, અરે... તમે લોકો આ શું કરો છો?

અ : જે તું નથી કરતો તે.

બ : હા, જે તું નથી કરતો તે.

ક : શા માટે?

અ : એટલા માટે કે 'તું' એ 'હું' નથી—

બ : અને 'હું' એ 'તું' નથી. (મોટેથી માર્મિક હાસ્ય)

ક : તમે બંને જુઠાં છો.

અ : જુઠાં!?

બ : જુઠાં!?

ક : હા, હા, જુઠાં. કેમ કંઈ શંકા જાય છે?

અ : આ અત્યારે અહીં પ્રકાશ છે એટલું જે સત્ય છે તેમાં વળી શંકા શાની?

ક : (એકદમ હાસ્ય સાથે) હવે તમે સાચાં છો; કારણ કે તમે જુઠાં છો એવું તમે સ્વીકારો છો.

બ : છટ્; એવું વળી કોણે સ્વીકાર્યું જ છે.

ક : કેમ, હમણાં જ પેલાએ જવાબ ન આપ્યો કે 'અહીં પ્રકાશ છે એટલું જ સત્ય છે તેમાં વળી શંકા શાની?'

અ : એ પ્રકાશ જેટલું સત્ય એટલે અમે જુઠાં નથી તે, સમજ્યો!

ક : (સૌમ્યતાઈથી) તમે જુઠાં નથી?

અ : ના, અમે જુઠાં નથી.

બ : હા, અમે જુઠાં નથી.

ક : અલ્યાઓ, કહું છું તમે જુઠાં છો.

અ : આ તું શું બકે છે?

ક : બકતો નથી, બોલું છું.

બ : તું જ જુઠો છે.

અ : હા, હા, તું જ જુઠો છે.

ડ : (બીજી સ્ત્રી (ડ) પ્રવેશીને) કોણ જુઠું, કોણ સાચું છે અહીંયાં ?

અ : તું કોણ છે ?

ક : હા, તું કોણ છે ?

બ : હા, હા, તું કોણ છે ?

ડ : જે તમે નથી તે હું છું.

ક : (અચંબાથી હસીને) લે...કર વાત! આ ય જુઠાંની જમાતમાં મળે તેવી છે.

ડ : એટલે ?

અ : આમ આવો; આ બાજુ, જરા. તમે અમારા પક્ષે છો.

બ : હા, હા, અમારી હારમાં ઊભા રહી જાવ તમે. તમે અમારા જ પક્ષમાં છો.

ડ : મારે તો કંઈ પક્ષ જેવું જ—

અ : (અધવચ્ચે) હા, હા, તમારે પક્ષ જેવું જ છે.

ડ : નથી.

અ : છે.

ડ : નથી.

બ : છે.

ડ : નથી.

(થોડી વાર આ 'નથી'—'છે'નું ઝડપી આવર્તન થતું રહે છે.)

ક : માટે જ કહું છું કે જે છે તે નથી, અને જે નથી તે છે. તમે સહુ સાચાં હોવાનું જણાવો છો માટે તે નથી. અને જુઠાં નહિ હોવાનું જણાવો છો માટે તે છે.

અ : બેસ, બેસ, હવે.

બ : હા, હા; બેસ બેસ, હવે.

ડ : બરાબર છે; બેસ બેસ હવે.

ક : આ બેસ એટલે શું ? ને એ કેમ કરવું ?

અ : (પહેલી સ્ત્રીને ચીંધીને) એ જ તો હું આને શીખવતો હતો ત્યાં તું વચ્ચે ટપકી પડ્યો, અને આ સાચાં-જુઠાંનો વિવાદ ચાલ્યો. તો ચાલ, હવે હું તને—ના તમને સહુને—બેસતાં શીખવું.

ક : ભલે. ચાલ.

અ : તો સૌપ્રથમ તમે ત્રણેય જણ મારી સામે થોડે થોડે અંતરે અર્ધ વર્તુળાકારમાં ગોઠવાઈ જાવ. (પેલાં સૌ ગોઠવાય છે.) હા, બસ, એમ જ. અને (બીજી સ્ત્રીને ઉદ્દેશીને) તમે સહેજ આમ ડાબી તરફ ખસો.

ડ : ના, હું તો આમ જમણી તરફ જ ખસીશ. જેણે પ્રગતિ કરવી હોય તેણે જમણી તરફ ખસવું જોઈએ

બ : બરાબર છે, તું એને ડાબી તરફ ખસવાનું કહીને—

અ : (અધવચ્ચે) હવે કોઈએ વચ્ચે બોલવાનું નથી. જ્યાં સુધી હજુ બેસતાં જ નહિ આવડે ત્યાં સુધી પ્રગતિની તો વાત જ ક્યાં ? જે સરખું બેસી શકે છે તે જ પ્રગતિ કરી શકે છે.

ક : તું ભાષણ છોડી કામ કરવા લાગ. ચાલ બતાવ, અમારે હવે કઈ રીતે બેસવું.

ડ : હા, જલ્દી બતાવ, અમારે કઈ રીતે બેસવું તે.

અ : (પહેલી સ્ત્રીને નિર્દેશીને) આને તો મેં થોડું હમણાં જ શીખવ્યું છે, કેમ વળી. હું એ શીખવતો હતો ત્યારે જ તું અહીં ટપકી પડેલો અને સાચા-જૂઠાનો વિવાદ—

ક : (અધવચ્ચે) પાછી શરૂ કરી ભાષણબાજી? ચાલ, હવે બેસવાનું શીખવવા લાગ.

અ : ભલે તો હવે તમે ત્રણેય જણ મારી સામે અર્ધ વર્તુળાકારમાં ગોઠવાઈ ગયાં છો. જુઓ, પ્રથમ તમારે તમારા પગ ઘૂંટણ-માંથી વાળી તમારા શરીરને જમીન તરફ જવા દેવાનું છે. સમજી ગયાં ? તો જુઓ, આ હું કરું છું તે પ્રમાણે કરો.

(બેસવાનો પ્રયાસ કરે છે)

બ : ચાલો, આ એ પ્રમાણે કર્યું. પછી આગળ?

ક : હા, પછી આગળ શું ?

ડ : હવે આગળ શું કરવાનું છે તે ઝટ બતાવો.

અ : હવે તમારે તમારો થાપો જમીન પર ટેકવવાનો છે. જુઓ, એ...આમ.

બ : આ...ટેકવ્યો થાપો.

ક અને ડ : આ...ટેકવ્યો. લે, હવે ?

અ : હવે ઘૂંટણમાંથી વાળેલા પગ આમ આંટી મારી આડા પાડી દો.

બ : (એ પ્રમાણે કરતાં) હા...શ.

ક : (એ જ પ્રમાણે કરતાં) હા...શ.

ડ : (એ પ્રમાણે કરતાં) હા...શ. ચાલો, હવે ?

અ : હવે તમે સહુ યોગીઓ, સાધુ-સાધ્વીઓ કહેવાવ.

ક : અને તું નહિ ?

અ : હા, ચાલો, હું પણ. આપણે સૌ હવે યોગીઓ કહેવાઈએ.

ડ : એટલે હવે કરવાનું શું ?

અ : આમ બેસવાથી તમને નવા અનુભવો થશે.

બ : હેં !

અ : હા. ચાલો, તમે સૌ હવે આંખો બંધ કરી દો...કરી દીધી ?

ત્રણેય જણ : હા, લો આ આંખો બંધ કરી દીધી.

અ : તો હવે તમે કંઈક નવું અનુભવવા લાગશો. હવે હું તમને વારાફરતી પ્રશ્નો પૂછીશ એના જવાબો આપવાના છે તમારે.

ડ : (આંખ બંધ રાખીને) પણ અમને ખબર કેવી રીતે પડશે કે કયો પ્રશ્ન કોને પુછાયો છે ? અમારી આંખો તો બંધ છે.

બ અને ક : હા, એ પ્રશ્ન કોને પુછાયો એની અમને શી રીતે ખબર પડશે ? કારણ કે અમારી આંખો તો બંધ છે.

અ : કાન તો ખુલ્લા છે ને ?

બ : હા...પણ એથી કંઈ જોઇ થોડું શકાય છે?

અ : (ખડખડાટ હસે છે) જોઈ શકાશે, જોઈ શકાશે, જોઈ શકાશે, જોઈ શકાશે.

ડ : કઈ રીતે ?

ક : હા, હા, કઈ રીતે ?

અ : જુઓ, આ રીતે. (ત્યાં પેલાં ત્રણેય જણ આંખ ખોલી નાખે છે તેથી ચમકીને) અરે, અરે; તમારે આંખો ખોલવાની નથી. બંધ કરી દો પાછી આંખો.

ક : તમે કહ્યું'ને કે, 'જુઓ, આ રીતે.'

બ : હા, 'જુઓ' કહ્યું પછી અમે આંખ કેમ ના ખોલીએ.

ડ : આંખો ના ખોલીએ તો જોઈએ કઈ રીતે ?

અ : તમારે નવો અનુભવ કરવો છે ને ?

બ અને ક : હા, હા, કેમ નહિ ?

અ : તો પછી જલ્દી જલ્દી આંખો બંધ કરી દો. (બધાં આંખો બંધ કરે છે) હા, બસ, બસ, એ પ્રમાણે. જુઓ—અરે ભૂલ્યો, સાંભળો. હવે તમારે હું ન કહું ત્યાં સુધી આંખો ખોલવાની નથી.

ક : અને તું જે પ્રશ્ન પૂછે તેના જવાબ આપવાના છે, ખરું ને ?

અ : તદ્દન ખરું. તો જુઓ, હું એક તાળી પાડીને પ્રશ્ન પૂછું એટલે તારે, વચ્ચે બેઠેલા પુરુષે, જવાબ આપવાનો, સમજ્યો ?

ક : હા, સમજી ગયો.

અ : હું બે તાળી પાડીને પ્રશ્ન પૂછું એટલે તારે, ડાબી તરફ બેઠેલી સ્ત્રીએ, જવાબ આપવાનો; બરાબર ?

બ : હા, બરાબર.

અ : અને હું ત્રણ તાળી પાડીને પ્રશ્ન પૂછું એટલે તારે, જમણી તરફ બેઠેલી સ્ત્રીએ, જવાબ આપવાનો; ખ્યાલમાં આવ્યું ?

ડ : હા, ખ્યાલમાં આવી ગયું.

અ : તો જુઓ, હું પ્રશ્નની શરૂઆત કરું છું. (એક તાળી પાડે છે.) તને શું દેખાય છે ?

ક : (જાણે દૃશ્યને ઉકેલવા મથતો હોય તેમ) આ...જોને, મને એમ... દેખાય છે કે કોઈ એક જણ મારી પાસે કંઈક માગે છે.

અ : બરાબર છે. શું માગે છે ?

ક : એ કહે છે કે હું આ વખતે ચૂંટણીમાં ઊભો છું. જીતીશ કે નહિ તે બતાવો, ગુરુદેવ.

અ : હા, પછી?

ક : પછી એ કહે છે કે ગુરુદેવ, હું જીવું એવો ઉપાય બતાવો. હું આજીવન તમારો ભક્ત બની રહીશ. તમને પહાડોની ગોદમાં સરસ આશ્રમ બાંધી આપીશ. ત્યાં બધી સગવડ કરી આપીશ. ત્યાં...

અ : (અધવચ્ચે) બસ, બસ; તને એ સાંભળીને શું થાય છે?

ક : (હરખથી) સળવળાટ! સળવળાટ!

અ : હવે હું કોને પ્રશ્ન પૂછું છું એનું ધ્યાન આપજો. (ત્રણ તાળી પાડે છે.) કોને પ્રશ્ન પૂછીશ?

ડ : મને, હું જમણી બાજુ છું તેને.

અ : બરાબર, બરાબર; તો જો, હું હવે પ્રશ્ન પૂછું છું.

ડ : ભલે.

અ : બોલ, તને શું દેખાય છે?

ડ : (ગંભીરતાથી) જુઓ, આ એક સ્ત્રી મારી સામે ખોળો પાથરે છે

અ : કેમ?

ડ : એ કહે છે કે...

ક : (વચ્ચે અધીરાઈથી) હા, હા; શું કહે છે એ?

અ : જુઓ, તમારામાંથી બીજા કોઇએ વચ્ચે બોલવાનું નથી. જેને પ્રશ્ન પુછાયો હોય તેણે જ માત્ર બોલવાનું છે.

ક : ભલે, એમ.

અ : (ત્રણ તાળી પાડીને) હા, તો તે સ્ત્રી શું કહે છે?

ડ : એ એમ કહે છે કે માતાજી તમે મારી લાજ રાખો. હું કુમારિકા છું. મને મારો પ્રેમી દગો દઈ ચાલ્યો ગયો છે. હું માતા થનાર છું (રડમસતાથી) મને બચાવો. માતાજી, મને બચાવો; મને કોઈ ઉપાય બતાવો.

અ : પછી?

ડ : પછી હું એને આશ્વાસન આપું છું કે તારે ગભરાવું જોઇએ નહિ. ઈસુ ખ્રિસ્ત પણ કુંવારી માતાના સંતાન હતા.

અ : હા, પછી?

ડ : એ કહે છે 'ના, ના, ના; મારે એને વધસ્તંભે નથી ચઢાવવું, (અવાજ દૂરદૂર જતો જાય છે તેવી અસર) મારે એને વધસ્તંભે નથી ચઢાવવું, મારે એને વધસ્તંભે નથી ચઢાવવું.' અને એ સ્ત્રી અદૃશ્ય થઈ જાય છે.

અ : ને હવે હું કોને પ્રશ્ન પૂછું છું તે ધ્યાન આપો. (બે તાળી પાડે છે)

બ : (હરખથી) મને, મને; હું ડાબી તરફ છું તેને.

અ : તને શું દેખાય છે?

બ : મને... મને દેખાય છે કે—

અ : (અધવચ્ચે) હા, હા; શું દેખાય છે તને?

બ : એક પુરુષ અને એક સ્ત્રી મારી સમક્ષ આવી મને કહે છે કે, દેવીજી, આપ તો જાણો છો અમારા ધંધા. જુદાજુદા દેશમાંથી અનેક પ્રતિબંધિત વસ્તુઓ લાવી અમે નાગરિકોને રીઝવીએ છીએ. કૈંક ભોળી અબુધ અને લાલચુ નારીઓને અમારી જાળમાં ફસાવીએ છીએ. હજુ સુધી તો અમે ક્યાંય ફસાયાં નથી.

અ : (આશ્ચર્યથી) હા આ આ આ! તો પછી શું માગે છે એઓ?

બ : એઓ માગે છે કે આ વખતે અમારી પાછળ છૂપી પોલીસ પડી છે, અને એને બધી બાતમી મળી ગઈ છે. અમે નાસી છૂટયાં છીએ. તમારી પાસે આશ્રય માટે આવ્યાં છીએ. દેવીજી, સાધુ-સાધ્વી વેષે આપ અમને આપના આશ્રમમાં આશ્રય આપો. આપને અને આપના આશ્રમને અમે—

અ : (અધવચ્ચે) એથી તને શું થાય છે?

બ : આનંદ! અતિ આનંદ!

અ : (એકદમ) તો ચાલો, હવે તમે બધાં આંખ ખોલી નાખો.

ડ : ખોલી નાખી.

ક : લે, આ ખોલી નાખી.

બ : હા, આ ખોલી નાખી આંખો
હવે કંઈ જ નથી દેખાતું, હવે કંઈ જ નથી અનુભવાતું.

અ : આંખો બંધ કરી આ રીતે આસનવાળી બેસવાની જ તો એ બલિહારી છે. ચાલો, આમ બેસવાનો લાભ તમે અનુભવ્યો. હવે બીજી રીતે બેસવાનું છે.

ક : કઈ રીતે?

અ : પ્રથમ તો તમે ત્રણે ય જણ ઊભા થઈ જાવ.

ક : લે, આ અમે ઊભાં થઈ ગયાં. (બધાં ઊભાં થઈ જાય છે.)

અ : (સામેની વિંગ તરફ આંગળી ચીંધીને) હવે જો, અંદર સામે પેલી ચીજ દેખાય છે તે ખેંચી લાવ અહીં.

ક : (વિંગ તરફ જતાં જતાં) જરૂર ખેંચી લાવું છું. (વિંગમાં ચાલ્યો જાય છે.)

અ : (થોડી વારે) કેમ આટલી વાર લાગી?

ક : (અંદરથી) જાણે કે એ ચીજ મને જકડી લીધો છે.

બ : અરેરે!

ડ : અરે, અરે, બિચારો!

અ : એ ચીજ લઇને જલ્દી બહાર આવ. વાર કેટલી?

ક : (અંદરથી અકળાયેલો અકળાયેલો બોલે છે.) હું તો બહાર આવવા મથું જ છું. પણ આ ચીજ મને ખેંચી રાખે છે. મને બચાવો, મને બચાવો, કોઈ મને બચાવો.

અ : (જોરથી હસે છે.)

બ : અરે, પેલો અંદરથી 'બચાવો બચાવો'ની બૂમો પાડે છે...

ડ : (આગળના વાક્યને ઉપાડી લેતાં) ને તું હસે છે?

બ : નિર્દય.

ડ : નિષ્ઠુર.

બ : જંગલી.

ડ : હેવાન.

ક : (અંદરથી જ) બચાવો, બચાવો, બચાવો.

અ : (વધુ જોરથી હસે છે.)

બ : તું હજુ ય હસે છે?

ક : (અંદરથી) બચાવો, આ ચીજથી મને બચાવો.

અ : (હજુ વધુ જોરથી હસે છે.)

ડ : અલ્યા, તું હજુ ય હસે છે?!

ક : (અંદરથી) અરે ક્યાં ગયાં સહુ? મને બચાવો. આ ચીજથી મને બચાવો.

અ : (અંદર રહેલા 'ક'ને) મૂરખ! એ ચીજથી તને બચાવવાનો નથી. એ ચીજ જ તને બચાવશે, તારશે માટે તું હિમ્મત એકઠી કરી એ ચીજ સાથે બહાર આવ.

ક : (અંદરથી જાણે કે કોઇ ચીજના સકંજા સાથે ખસવા મથતો હોય તેવા ઊંહકારા)

અ : હા, હા; બરાબર છે, જરા વધુ જોર કર, અને બહાર આવી શકાશે.

ક : (અંદરથી) આ હવે સહેજ ખસાયું. (ધીમે ધીમે ઊંહકારાનો અવાજ નજીક સરતો આવે છે.) ઊંહ, આ...ઊંહ, ઊંહ, લે આ આવ્યો બહાર. (બે હાથે પકડેલી ખુરશી, પાયા, જમીનથી અધ્ધર હોય તેમ, પાછળ ચોંટી ગયેલી જણાય છે ને એ જ હાલતમાં એ ઊભો રહે છે.)

બ અને ક : (ખૂબ જોરથી હસે છે, હસ્યા જ કરે છે.)

અ : તમે લોકો આમ કેમ હસો છો!

બ : બિચારાને આ ચીજ કેવી વળગી પડી છે!

ડ : અથવા એ બિચારો એની સાથે કેવો ચોંટી ગયો છે!

ક : (રોષથી) તેં મને અંદર આ ચીજ લેવા મોકલીને ફસાવ્યો છે.

અ : આ ચીજ કોઈને ફસાવતી છે જ નહિ.

બ : શી છે આ ચીજ?

અ : આ ચીજને ખુરશી કહે છે. ('ક'ને ઉદ્દેશીને) એ ચીજ તું જરા જમીન સાથે ટેકવ

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૫)

તળ ગુજરાતનાં નાનાં બંદરો

ડૉ. શિવપ્રસાદ રાજગોર

ભરૂચ અને સૂરત એ બે તળ ગુજરાતની સાગર-કંઠાર પરનાં ઇતિહાસ-પ્રસિદ્ધ બંદરો છે. ભૂતકાળમાં આ બંને બંદરોની જાહોજલાલીની દૂર દેશાવર સુધી બોલબાલા હતી. વિવિધ કારણોથી ભલે આજે આ બંદરોનું મહત્ત્વ પહેલાં જેટલું નથી રહ્યું, છતાં ગુજરાતનાં બંદરોની ગણનામાં એમનાં નામ હજી યે મોખરામાં ગણાય છે. આ બંને બંદરોનો વિગતે પરિચય કરવાનું બાકી રાખી પ્રથમ આપણે અહીં એ સિવાયનાં નાનાં બંદરોનો પરિચય કરી લઈએ.

ભગવા

સૂરત જિલ્લામાં ઓલપાડ તાલુકાની સીના નદીના જમણા કાંઠે, દરિયાકાંઠાથી ૬·૪ કિમી (૪ માઈલ) દૂર ભગવા બંદર છે. તાલુકાના મુખ્ય મથક ઓલપાડ સાથે એ ભૂમિમાર્ગે જોડાએલું છે. ૨૦ કિમી દૂર સાયણ તેનું નજીકમાં નજીક રેલવે સ્ટેશન છે, મુખ્યત્વે ઈંટ, વિલાયતી નળિયાં અને પશુઓની આયાત સામે આ બંદરેથી બહુ ઓછી નિકાસ થાય છે. ઈ. ૧૯૫૯ થી '૬૨ દરમિયાન ૪૮૫૨ ટન માલ આ બંદરે ઊતર્યો હતો, જેમાં ૨૦૮૯ ટન વિલાયતી નળિયાં અને ૨૨૩૪ ટન ઢોર હતાં, જ્યારે નિકાસ માત્ર ૧૦ ટનની હતી. તે પછી '૬૩ થી '૭૬ દરમિયાન કુલ ૨૯,૧૯૧ ટન માલ આવ્યો, જેમાં '૬૯-'૭૦ની ૩૪૨૮ ટનની આયાત વધુમાં વધુ હતી, જ્યારે ૧૦૫૬ ટનની ઓછામાં ઓછી આયાત ૧૯૭૫-૧૯૭૬માં થએલી. ૧૯૭૦-'૭૧માં ૧૭૪૪ ટનની આયાત હતી જે આગલા વર્ષ કરતાં ઘણી ઓછી હતી. આનું કારણ એ વખતે નળિયાંની આયાત ઘટી હતી તે હતું. ત્યાર બાદ '૭૭ થી '૮૩ દરમિયાન પણ આયાત ઘટતી જઈ ૨૯૬૪ ટન જેટલી થઈ ગએલી. '૮૨-'૮૩ દરમિયાન અહીં ૪૮ ટન નળિયાં આવેલાં. '૭૮-'૭૯માં અહીં ૧૭૨ વહાણો આવેલાં તેની યે સંખ્યા ઘટતી જઇને '૮૧-૮'૨માં અહીં માત્ર ૩૩ વહાણો જ આવેલાં.

ઓંજળ

નવસારીથી ૨૨ કિમી દૂર અને પોતાની નજીકના રેલવે સ્ટેશન વેડછાથી ૧૧ કિમી દૂર ઓંજળ બંદર છે. વેડછા અને અબ્રામાં સાથે એ જોડાએલું છે. ઈ. ૧૯૫૯થી '૬૨ દરમિયાન આ બંદરે ૬૨૭૬ ટનની આયાત અને ૯૩૬ ટનની નિકાસ થએલી. એ પછી '૬૪-'૭૭ દરમિયાન એમાં પણ ઘટાડો થઈ ૪૯૦૮ ટન આયાત અને ૩૨૭ ટન નિકાસ થઈ હતી. ત્યાર બાદ '૮૩ સુધીમાં માત્ર ૪૪૯ ટન માલ અહીં ઊતરેલો, જ્યારે '૭૫-'૭૬ પછી નિકાસ તો બિલકુલ બંધ થઈ ગઈ હતી, આયાતમાં મુખ્યત્વે ઈમારતી લાકડું, વિલાયતી નળિયાં, ડુંગળી અને પરચુરણ માલ હતો, જ્યારે સૂકી માછલીની નિકાસ મુખ્ય હતી. નળિયાં અને લાકડું મેંગલોરથી આવતાં. ૧૯૭૩થી '૮૨ દરમિયાન અહીં ૫૬૨ વહાણો જ આવેલાં, અને તે પણ ઘણાં નાનાં હતાં.

વાંસીબોરસી

પૂર્ણા નદીના ડાબા કાંઠે વાંસીબોરસી બંદર આવેલું છે. નવસારીથી ૩૪·૮ કિમી મરોલી રેલવે સ્ટેશનથી ૨૧·૬ કિમી અને હવાફેર માટે જાણીતા ઉભરાટથી ૧૦ કિમી દૂર આ બંદરથી ખુલ્લો સમુદ્ર ૧૭ કિમી દૂર છે. સોનગઢ અને વ્યારાનાં જંગલોનું ઈમારતી લાકડું તથા અન્ય નિકાસ માટે વડોદરા રાજ્યે આ બંદર વિકસાવવા ધારેલું. આ બંદરે કાયમ બે મીટર ઊંડું પાણી રહે છે. વ્હાર્ફની તથા બર્થિંગની અહીં સગવડ છે. નજીકમાં મટવાડમાં મત્સ્યોદ્યોગ માટે ખાસ જેટી બંધાઈ છે, અને છઠ્ઠી યોજનામાં વાંસીબોરસીના મત્સ્યોદ્યોગના વિકાસ માટે ૧૧,૧૦,૫૦૦ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ઉભરાટને બૉમ્બે હાઈની ગૅસ પાઈપલાઈનના એક ભૂમિમથક તરીકે પસંદ કરાયા પછી અહીંની ખારજમીનને નવસાધ્ય કરવાનું કામ ખોરંભે પડી ગયું છે. ભૂતકાળમાં કોચિન, કાલિકટ, મુંબઈ અને કરાંચી સાથે વાંસીબોરસીનો વેપાર ચાલતો. ૧૯૭૦-'૭૧ થી '૮૧-'૮૨નાં ગાળામાં આ બંદરે કુલ ૫૬૦ વહાણો આવેલાં. અહીંની જેટીને વાવાઝોડામાં સારી પેઠે નુકસાન થએલું જેને સ્થાને નવી જેટી જરૂરી છે, વળી, આ બંદર કાંપથી પણ પુરાતું જાય છે.

ઈમારતી લાકડું, વિલાયતી નળિયાં, નાળિયેર, કાજુ, શીંગદાણા, તેલ, ડુંગળી વગેરેની અહીં આયાત થતી, જ્યારે અહીંથી માછલી મુંબઈ અને કપાસીઆ સૌરાષ્ટ્રમાં જતા હતા. અહીં અર્ધા ઉપરની વસ્તી મત્સ્યોદ્યોગ સાથે જોડાએલી છે. નવસારી આજુબાજુનો પ્રદેશ રૂ, ડાંગર અને જુવારની પેદાશ માટે જાણીતો છે. નવસારીમાં કાપડની મિલો તથા ઈજનેરી માલ-સામાન બનાવતાં નાનાં કારખાનાંઓ પણ છે. અહીંનું લંબતારી રૂ રેલમાર્ગે મુંબઈ જાય છે, જ્યારે કપાસિયા રેલવે માર્ગે સૌરાષ્ટ્રમાં જાય છે. સને ૧૯૬૪-'૬૬ થી '૭૫-'૭૬ દરમિયાન વાંસીબોરસીની આયાત-નિકાસ અનુક્રમે ૩૨,૦૭૯ અને ૪૭૧ ટનની હતી. આમાં આયાતમાં ઘણો વધારો તથા નિકાસમાં ઘટાડો હતો. આમાં '૬૮-'૬૯ની ૪૭૪૮ ટનની આયાત સૌથી વધુ તથા ૨૪૪ ટનની નિકાસ વધુમાં વધુ હતી, જે ૧૯૭૩-'૭૪માં નોંધાઈ હતી. આ ગાળામાં મચ્છીની નિકાસ ૫ થી ૩૨ ટન જેટલી હતી. ૧૯૭૪-'૭૫થી અહીંથી નિકાસ લગભગ બંધ છે. જ્યારે મીઠું, નળિયાં, સીંગતેલ અને પરચૂરણ માલ આયાત થાય છે. '૭૨-'૭૩માં માત્ર પાંચ જ ટન નિકાસ થએલી. જ્યારે '૭૫-'૭૬માં ૧૩૭૨ ટનની આયાત હતી. ૧૯૭૬-'૭૭ થી '૮૨-'૮૩ દરમિયાન ૪૭૯૧ ટન માલની આયાત થએલી. '૭૮-'૭૯થી આયાતનું પ્રમાણ ૧૦૦૦ ટનથી યે ઓછું હતું અને '૮૨-'૮૩માં તો માત્ર ૧૯૫ ટન માલ જ અહીં ઊતરેલો.

બિલિમોરા

ગણદેવી તાલુકામાં અંબિકા નદીને કિનારે બિલિમોરાનું બંદર છે. નવસારીથી ૧૫·૬ કિમી અને વલસાડથી ૮·૪ કિમી દૂર છે. અહીંથી ખુલ્લો સમુદ્ર ૧૪·૪ કિમી દૂર છે.

બિલિમોરા ૧૮મી-૧૯મી સદીમાં ગાયકવાડના નૌકાદળનું મથક હતું. ચાંચિયાઓ અને સીદીઓના કાફલા સામે એ વહાણોનું રક્ષણ કરતું. ઈ. ૧૮૬૦માં બી.બી. ઍન્ડ સી. આઈ. રેલમાર્ગ શરૂ થયો તે પહેલાં સોનગઢ, વ્યારા ને વાંસદાનાં જંગલોનું ઈમારતી લાકડું આ બંદરેથી નિકાસ થતું હતું. ૧૯૭૦-'૭૧માં ૫૦,૦૦૦ ટન લાકડાની રેલમાર્ગે નિકાસ થઈ હતી.

આર.સી.સી.ની એક અને લાકડાની ચાર જેટી, સ્ટેકિંગ અને બાર્ચિંગ વિસ્તારની આ બંદરે પૂરતી સગવડો છે. રાજ્યના ધોરીમાર્ગ તથા રેલમાર્ગે બિલિમોરા સૂરત-વલસાડ-મુંબઈ સાથે જોડાએલું છે. ધોરીમાર્ગ છેક ડાંગ, ચીખલી અને વઘઈ સુધી જાય છે, જ્યાંથી ડાંગનું

મંદબુદ્ધિની માવજત

હિમા યાજ્ઞિક

અનેક પ્રકારના માનવીઓથી ભરેલો છે આ સંસાર. તેમાં સમાજની રીતરસમોને નહિ ગાંઠનારો એક વર્ગ પણ રહેલો છે. સમજમાંથી ઘડાય તે નિયમોને પાળનારો વર્ગ તે સમાજ એવો અર્થ કરીએ તો ખોટું નહિ. પણ જેમાં સમજની જ ઓછપ હોય તેવા વર્ગને આપણે શામાં મૂકીશું ?

અલબત્ત, સમજણ વિનાના જ ઘણાખરા જીવતા માણસો ડહાપણનો ભંડાર હોવાનું કહાવી શકે, પણ સમજણના થોડા અભાવવાળા ગાંડામાં જ ખપે એ યે સમાજની એક રસમ છે! છતાં કહી દઉં કે દરેક ડાહ્યા માણસો પૂર્ણતઃ ડાહ્યા હોતા નથી, તેમ દરેક ગાંડા યે સંપૂર્ણ ગાંડા હોતા નથી. માનવ જો બિલકુલ સંપૂર્ણ નથી, તો બિલકુલ અપૂર્ણ પણ નથી જ.

અમારા દૂરના સગાનો એક દીકરો જરા મંદબુદ્ધિનો. મૂર્ખને સારા શબ્દોમાં 'ભગવાનનો માણસ' કહેવાની પ્રથા છે તે રીતે જ હું એ ભાઇને મંદબુદ્ધિના કહું છું, બાકી ખરેખર તો એને ગાંડા જ ગણાય.

અનેક પ્રકારના પાગલપણામાં એક મુખ્ય ખાસિયત ખોરાક અંગેની હોય છે. ખાવાની બાબતમાં કંઈ વિવેકમર્યાદા જ નહિ. ખોરાકનો જથ્થાબંધ સંઘરો કરનાર સંઘરાખોર જ નહિ. સાથોસાથ ગમે તે પ્રકારનો – કાચો, પાકો, સારો, સાધારણ બગડેલો કે ગમે તે સ્વાદનો ખોરાક સ્થિતપ્રજ્ઞની અદાથી એ સ્વીકારે. આથી એ બીમાર પણ પડે. ગુજરાતમાં મીઠું ચડાવીને માટલામાં આખા વર્ષ માટેની આમલી ભરી રાખવાનો રિવાજ છે. એક વખત આ ભાઇને લાગ મળ્યો ત્યારે બીજું કંઈ હાથ ન ચડતાં આમલીનું માટલું પેટમાં ઠાલવી દીધું, અને પછી જે થાય તે જ થયું – ભાઈ માંદા પડ્યા.

પચીસેક વર્ષની એમની ઉમર. એના ઉધમાતથી ઘરનાં થાકે કે ઘરમાં કોઈ પ્રસંગની ધમાલ આવી પડી હોય અને એમને સાચવવાનું મુશ્કેલ બની જાય તેમ હોય, અથવા વાસ્તવિકતા આદર્શ અને પ્રેમને ગૂંગળાવી મારે ત્યારે પેલા ભાઇને અમારે ત્યાં રહેવા આવવાનું થાય. મારાં મા એને દીકરાની જેમ સાચવશે એવી હૈયાધારણથી જ તો! અને એ ભાઈ પણ મારાં માને જોઇને હરખઘેલા થઈ માશી માશી કરતાં ઓછાઓછા થઈ જતા. કુદરતે દીધેલી ઓછપને અળખામણી નહિ માનતાં મારાં માના હૃદયમાંથી વાત્સલ્ય ઝરતું. આમ, શબ્દોની પરસ્પર આપલે વિના યે તેઓના સ્નેહતંતુ મજબૂત રહેતા, અને જગતમાં ગાંડો ગણાતો માણસ પણ હૃદયની ભાષાનો સમજદાર ઠરતો.

અમારે ત્યાં હોય ત્યારે જમવાની થાળી પહેલી એની પીરસાય. અમારો બાળકોનો વારો પછી. આ તો સાવ નાનું બાળ કહેવાય ને! અને અમારા આ નરહરિભાઇને અમારી સાથે જ જમવું ગમતું. શું કારણ હશે એ તો મને ખબર નથી, પણ મને લાગે છે કે કાં તો એમને અમારી સાથે હસતાં-રમતાં જમવામાં મઝા આવતી હશે, યા તો બાળકો સાથે જમીએ તો આચરકૂચર અઢાર વસ્તુઓ ખાવા મળે તેવી લાલચ હશે.

ગમે તે હોય, પણ અમે ઘરનાં સૌ બાળકો કિલ્લોલ કરતાં સાથે જમતાં. પરંતુ આ સાથે અમારે સમજુ બાળકોનો પાઠ પણ ભજવવો પડતો. માએ અમને સમજાવી-પટાવી રાખેલું કે, 'મારા બોલવા પર ધ્યાન ન આપશો. નરહરિભાઇને સંતોષવા કંઈક કીમિયો કરવો પડે ને?' અને અમે સૌ પણ ડહાપણભરી સહમતિ આપીએ. જમવા બેસીએ અને રોટલી પીરસાય ત્યારે મા કહે, 'નાની હિમાને એક બે રોટલી, મારા નરહરિને ઝાઝી રોટલી.'

આ સાંભળતાં જ, પોતાના પ્રતિ થતા પક્ષપાતથી નરહરિભાઈ પોરસાઈ જતા, અને વિજયસૂચક દૃષ્ટિ અમારા પર ફેંકતા. શાણાં બાળકો લગભગ સમજીને ચૂપ રહેતાં, પણ ક્યારેક તો મા ખરેખર પક્ષપાત નહિ કરતાં હોયને એવો સંદેહ પણ થઈ આવતો. છતાં ગાડી ગબડયે જતી. માનો અમારા પરનો પ્રેમભાવ અને નરહરિભાઇનો પણ

લાકડું બિલિમોરા આવે છે. આ લાકડાં વહેરવા માટે સો-મિલો, સુતરાઉ તથા રેશમી કાપડની મિલ, ઈજનેરી સામાન તથા લોખંડ અને લાકડાનું ફર્નિચર બનાવવાનાં ઘણાં કારખાનાં છે. ઈંટ ને નળિયાં પણ અહીં બને છે. હાથીદાંત અને સુખડના લાકડાનું સુંદર કોતરકામ પણ અહીં થાય છે. અને અહીં વહાણો પણ બંધાય છે.

ઈ. ૧૯૭૩–'૭૪ થી '૮૧–'૮૨ દરમિયાન આ બંદરે કુલ ૬૦૦૯ વહાણો આવ્યાં હતાં, જેમાં '૭૭–'૭૮માં સૌથી વધુ—૧૦૦૫ તથા તથા '૮૦–'૮૧માં સૌથી ઓછાં—૫૧૩ વહાણો આવેલાં. અહીં ૫૦ ટનથી ઓછા વજનનાં વહાણો આવી શકે છે. બંદરમાં ટગ, ક્રેઈન વગેરેની સગવડની જરૂર છે. વલસાડ જિલ્લામાં નવસારી પછી આ બીજા નંબરનું ઔદ્યોગિક શહેર ગણાય છે.

ઈ. ૧૯૫૦–'૫૧માં તથા '૫૧–'૫૨માં બિલિમોરામાં અનુક્રમે ૮,૧૫૭ તથા ૯,૫૪૦ ટનની આયાત, અને ૨૧,૬૧૯ તથા ૧૪,૪૭૯ ટન માલની નિકાસ થઈ હતી. રૂપિયા ૪૦,૩૧,૩૭૫નો તેનો વેપાર હતો. જેમાંથી ૩૭,૪૫,૯૮૫ રૂપિયાની નિકાસ હતી. વિલાયતી નળિયાં, મીઠું, સીંગતેલ, ડુંગળી, માછલી, ઇમારતી લાકડું, પથ્થર તથા પરચૂરણ માલ વગેરેની આયાત, અને માછલાં, અનાજ, ઈમારતી લાકડું, વાંસ, કેરી તથા પરચૂરણ માલની અહીંથી નિકાસ થઈ હતી. પણ ૧૯૫૮–'૫૯ થી '૮૨–'૮૩ દરમિયાન તેમાં ક્રમશઃ ઘટાડો થતો રહ્યો હતો. ૧૯૫૮ થી '૬૨ દરમિયાન ૨૦,૦૮૭ ટન માલની આયાત તથા ૧૬,૫૪૨ ટનની નિકાસ નોંધાએલી. તે પછી ૧૯૬૪થી '૭૬ દરમિયાન ૫૫,૬૫૩ ટનની આયાત અને ૮,૨૭૯ ટનની નિકાસ થઈ. ૧૯૭૭ થી'૮૩ સુધીમાં ૭,૫૨૯ ટનની આયાત અને ૫૦ ટનની નિકાસ થએલી. ૧૯૭૪–'૭૫માં વધુમાં વધુ ૪,૦૦૦ ટનથી થોડી વધુ આયાત થએલી. પણ '૭૫–'૭૬માં કેવળ ૮૭૬ ટનની જ આયાત થઇ. તે પછી તેમાં થોડો વધારો થઈ ફરી ઘટાડો થવા લાગ્યો. આમાં મીઠું, ડુંગળી અને નળિયાંની આયાત ઘટી ગઈ હતી. ઈ. ૧૯૫૮–'૫૯માં ૫,૬૧૮ ટન માલની નિકાસ પછી તેમાં યે ઘટાડો થઇ '૬૬–'૬૭ પછી ૧,૦૦૦ ટનથી યે ઓછી નિકાસ નોંધાએલી. ૧૯૭૫–'૭૬માં તો માત્ર ૧૩ ટન માલની જ નિકાસ થઇ, અને પછી લગભગ નહિવત્ બની ગઈ. '૮૨–'૮૩માં ૫૦ ટન માલ બહાર ગયો ખરો, પણ દરિયાઇ માર્ગે માલ મોકલવાનું વધુ ખર્ચાળ તથા વધુ સમય લેનારું બની જતાં મોટે ભાગે ટ્રકનો ઉપયોગ વધતો ગયો છે. હાલમાં અહીં ચૂનો, ચૂનાના પથ્થરો, બેન્ટોનાઈટ, ડુંગળી વગેરેની આયાત, તથા ઇમારતી લાકડું અને વાંસની નિકાસ થાય છે.

વલસાડ

સમુદ્રથી પાંચ કિલોમીટર દૂર ઔરંગાને કાંઠે વલસાડનું નાનું બંદર છે. તેના વિષે ૧૮૭૪ પછીની વિગતો મળે છે તે પ્રમાણે સૂરત અને બિલિમોરા પછી તેનું ત્રીજું સ્થાન હતું. મુંબઈ–વડોદરા વચ્ચે રેલમાર્ગ નખાયા પૂર્વે પણ ડાંગ, ધરમપુર અને નાસિક તરફનું ઇમારતી લાકડું આ બંદરેથી સૌરાષ્ટ્રમાં જતું. જેમાં મુખ્યત્વે સાગનું પ્રમાણ વિશેષ રહેતું. બહુધા વલસાડથી જ આવતું હોઈ એ 'વલસાડી

અમારા પ્રત્યેનો પ્રસંગોપાત્ત અનુભવાતો પક્ષપાત સાચી સમજણ મેળવવામાં મદદગાર બનતો. કોઈ પણ વડીલ તરફથી ઠપકો મળતો હોય કે કંઈ શિક્ષા ભોગવવાની આવે ત્યારે આ નરહરિભાઈ અચૂક માફી માગતા. અને અમારી શિક્ષામાં થતો ઘટાડો યે તેમને જ આભારી.

ચારેક રોટલી પીરસાય એટલે માની નોટિસ શરૂ થાય. 'નરહરિ, હવે બે રોટલી મળશે, હં.' બે રોટલી મળે એટલે પછી અરજદાર અરજી કરે, 'માશી એક આપો, પછી બસ.' મનથી તો આપવા તૈયાર જ એવી મા તુરત રોટલી આપે. લ્હાણી મળ્યાના આનંદથી જમવાનું આગળ ચાલે. રોટલી પૂરી થાય ન થાય ત્યાં, 'માશી, હવે ફક્ત એક જ, પછી નહિ માગું,' એવી ખાતરીસૂચક દયામણી દૃષ્ટિ માશી પર ઠરે. માશી પણ એ મૂક ભાષા સમજી જઈ તેને ખુશ કરી દે.

પોતાના મનની ઇચ્છા એકલાં માશી જ સમજી શકે તેવાં છે, તેવી એમની માન્યતા દૃઢ થતી. અને કદાચ એથી જ એમને તૃપ્તિ થઈ જતી હશે. આમ, આઠદસ રોટલી અને તેના પ્રમાણમાં દાળ-ભાત-શાક સાથે જમણની પૂર્ણાહુતિ થતી. સામાન્ય રીતે મહેનત કરતા યુવાનનો જેટલો ખોરાક હોય તેટલો જ ખોરાક તેમને એકંદરે મળી રહેતો, અને સાથેસાથે આ રીતે જમાડવાની માની આગવી શૈલીથી તેની ભૂખ બાબતની કુદરતદત્ત લાચારી પ્રેમાળ વર્તનથી તૃપ્તિ પામતી. અને એથી જ અમારા ઘેર એમનું પાગલપણું કદી પાગલ થતું નહિ.

આ ગાંડા ગણાતા માનવીમાં પણ કેવી ભાવનાઓ હતી? હું તો ત્યારે સાવ નાની. ઘરમાં સવારે મારે ખાસ કામ કરવાનું ન હોય, એટલે અમારી બંનેની સવારી ઊપડે વાડીમાં. રોજ સવારે વાડીમાં તૈયાર થએલાં, નીચે પડેલાં ફળોની શોધ કરીએ. ક્યારેક આડેધડ ફળ પાડીએ ને એથી વઢ પણ ખાવી પડે. પછી રસોઈ માટે લાકડાં તોડવા-વીણવા નીકળીએ. બળતણને યોગ્ય લાકડું શોધવાનું કામ મારું, ને એને તોડવાનું આપણા સાથીદારે. આમ અમારી જોડી આખો દિવસ કામની નેંનકામી પ્રવૃત્તિ કર્યા કરે. ક્યારેક મારે સીધા થડવાળા કોઈ ઝાડ ઉપર ચડવું હોય તો મારો પનો તો ટૂંકો પડે અને સીધા થડ ઉપર ચડતાં યે બહુ આવડે નહિ. અશક્તિ ને અણઆવડત જાહેર થાય તો સ્વમાન ઘવાય. પણ એવે વખતે નરહરિભાઈ ચારે પગે ઘોડો થાય. પોતાની પીઠ પર ઘોડેસવારી કરવા મને પાનો ચડાવે અને પછી ધીરે-ધીરે ઊભા થઈ જઈ કહે, 'ચડી જા હવે ઝાડ ઉપર.' માનભંગ થયા વિના ઝાડ પર ચડવા મળે તેથી વિશેષ આનંદ બાળકને મન કયો હોઈ શકે? બાળપણના એ નિર્દોષ વર્તનમાં એક ગાંડા માણસનું ડહાપણ મને આજે સમજાય છે, પણ મારા મનોભાવોને સમજવાનો આથી વધુ પ્રયત્ન બીજા કોણે કર્યો હોત? અને એટલે જ એમને મળતી આગવી સગવડો અમારી અગવડ ક્યારેય બની નહિ.

અભ્યાસના અનેકવિધ વિષયોમાં 'માનસશાસ્ત્ર' પણ એક વિષય છે, એટલું જ્ઞાન પણ નહિ ધરાવતાં મારાં માને કુદરતે ભારે કોઠાસૂઝ આપી હતી. માણસના હૃદયને સંતોષ હોય તો જગત આખું ભર્યુંભર્યું લાગે, અને નહિ તો અસંતોષની જ્વાળા પોતાના અને સૌના જીવનને બાળે, એ વાત એમને અનુભવના પ્રતાપે આપોઆપ સમજાઈ ગઈ હતી. રાશથી બાંધેલો શક્તિશાળી બળદ એ દોરી તોડવા સમર્થ હોવા છતાં પોતાના માલિક પાસે જે કારણોસર બંધાએલો રહે છે, તેવી જ રીતે પ્રેમ અને વાત્સલ્યના પાતળા દોરે બંધાએલો માનવી પોતે એ દોર તોડવા અસમર્થ છે તેમ દર્શાવવામાં ગૌરવ અનુભવે છે.

આપણે માનીએ છીએ કે વિદ્યાપીઠોમાં શીખવાતા અભ્યાસક્રમોના વિષયો વડે જીવનઘડતર થાય છે, જીવનનાં મૂલ્યો સમજાય છે, કે જીવન-દૃષ્ટિ સાંપડે છે અને કેળવાય છે. પરંતુ આપણે કદાચ જીવનની શાળાના અનુભવો શીખ્યા પછી જ વિદ્યાપીઠોમાં તેને અભ્યાસક્રમોનાં ચોકઠાંમાં બાંધી દેવા જેવો બાલિશ પ્રયત્ન કરીએ છીએ.

માણસ પોતાના મગજને કોઈ ખૂણે પાગલપણું સંઘરી શકે છે, પરંતુ પોતે આપેલી પ્રેમભાવનાને ન સમજી શકે તેટલો બધો પાગલ માનવી ઇશ્વર ક્યારેય સર્જતો નથી, તેથી જ જગતમાં જેમ કોઇ સંપૂર્ણ ડાહ્યુ નથી તેમ કોઇ સંપૂર્ણ પાગલ પણ હોતું નથી – જો તેને સમજવાનું જરા જેટલું પણ શાણપણ વાપરીએ તો. □

સાગ' નામે જ ઓળખાતું. હજી યે ધરમપુર બાજુથી આ બંદરે ૫૦૦૦ ટન જેટલું ઈમારતી લાકડું આવે છે. આ ઉપરાંત, થાણા અને નાસિક જિલ્લાનું લાકડું પણ અહીં આવે છે. વલસાડથી નાસિક ૧૪૪ કિ.મી. દૂર છે. આ લાકડું બહુધા સૌરાષ્ટ્રમાં તળાજા, મહુવા ને ભાવનગર બંદરે તથા મુંબઈ જાય છે. હવાફેર માટે સુખ્યાત તીથલ વલસાડથી પાંચેક કિમી. જ દૂર છે, અને 'અતુલ' તથા 'લેડરલી કંપની'નાં કારખાનાં આઠેક કિમી દૂર પારડી-પારનેરા નજીક આવેલાં છે. વલસાડ ધોરી માર્ગો દ્વારા મુંબઇ, બિલિમોરા, નવસારી, સૂરત, ગણદેવી વગેરે અનેક સ્થળો સાથે જોડાએલું છે. રેલમાર્ગે તે સૂરતથી ૬૪ અને મુંબઈથી ૧૮૪ કિમી દૂર છે.

ચોમાસામાં આ તરફ સારી પેઠે વરસાદ પડતો હોઈ ઊંચા પ્રકારની ડાંગર, ચીકુ, કેરી સારા પ્રમાણમાં પાકે છે. વલસાડી હાફુસ કેરી તથા આ તરફના નવાબી 'કોલમ' ચોખા પ્રખ્યાત છે. કાંઠાના ખારાસણ વિસ્તારમાં મીઠું પાકે છે. જેસપોર પાસેથી રંગીન માટી નીકળે છે.

મુસ્લિમ શાસન દરમિયાન વલસાડ એક અગત્યનું બંદર ગણાતું હતું. 'મિરાતે અહમદી'એ નોંધેલાં ગુજરાતનાં ૮૪ બંદરોમાં વલસાડની પણ નોંધ છે. પોર્ટુગીઝોએ ઈ. ૧૫૦૦માં સીદી અમીર પાસેથી વલસાડ જીતી લીધું હતું, પણ લાંબો સમય તેઓ તેનો કબજો રાખી શકેલા નહિ. પોર્ટુગીઝોએ અહીં 'કારટેઝ' કે પાસ જેવી પદ્ધતિ દાખલ કરેલી, એ વખતે એમની દરિયાઈ સર્વોપરિતાને કારણે તેઓએ વલસાડનાં વહાણોને અવરજવર માટે એમનો પરવાનો લેવાની ફરજ પાડી હતી

આ સદીના આરંભમાં – ૧૯૦૩માં વલસાડ બંદરની આયાત-નિકાસ બાર લાખ રૂપિયા જેટલી થતી હતી. ઈ. ૧૯૩૨-'૩૩માં અહીં ૯,૦૨,૦૦૦ રૂપિયાના માલની આયાત તથા ૮,૪૫,૦૦૦ રૂ.ની નિકાસ નોંધાઈ હતી. આગળ જતાં લાકડાંની નિકાસમાં ઘટાડો થતાં અહીં ઈ. ૧૯૩૬-'૩૭માં ૧૧,૭૧,૦૦૦ની આયાત તથા ૭,૯૬,૦૦૦ની નિકાસ થએલી. પાંચેક વર્ષ પછી તેનો કુલ ૧૯,૬૭,૦૦૦ રૂપિયાનો વેપાર હતો. તે પછી ૧૯૫૯-'૬૦ થી '૬૧-'૬૨ દરમિયાન કુલ ૨૮,૧૦૯ ટન માલની આયાત, તથા ૨૯,૫૦૭ ટનની નિકાસ થઈ. ૧૯૬૪-'૬૫થી '૭૬-'૭૭ના ગાળામાં એકંદ ૨,૨૧,૯૨૧ ટનની આયાત અને ૪૨,૩૯૭ ટનની નિકાસ થઈ, જેમાં ૧૯૭૪-'૭૫માં વધુમાં વધુ – ૨૩,૮૪૪ ટનની આયાત, અને ૧૯૬૬-'૬૭માં ૯,૨૫૬ ટનની નિકાસ થએલી જે એ ગાળામાં વધુમાં વધુ હતી. તે પછી નિકાસમાં ઘટાડો થતો જઈ, '૭૪-'૭૫માં માત્ર ૬૬૬ ટનની નિકાસ નોંધાઈ. ૧૯૭૭-'૭૮ થી '૮૨-'૮૩ના ગાળામાં ૧,૦૬,૬૫૮ ટનની આયાત અને ૨૨૬૨ ટનની નિકાસ થઈ. ૧૯૮૨-'૮૩માં ૬૫૯૧ ટન આયાત અને ૬૯ ટન નિકાસ થઈ. અને '૮૨-'૮૩માં તો પરચુરણ માલ સિવાય કોઈ વસ્તુની નિકાસ થઈ નથી. 'અતુલ પ્રોડક્ટ્સ' આ બંદરે મીઠું મગાવે છે.

આ બંદરેથી સામાન્યત: ઈંટો, વિલાયતી નળિયાં, મીઠું, ડુંગળી, ઈમારતી લાકડું, સૂકી માછલી, ચૂનાના તથા અન્ય પથ્થરો, અનાજ,

માટી, બેન્ટોનાઈટ, માછલીનું ખાતર, શણના કોથળા વગેરે સાથે પરચૂરણ માલની આયાત થતી રહી છે; જ્યારે ઇમારતી લાકડું, બળતણ, કોલસા, બારદાન, નળિયાં, ચોખા, તેલીબિયાં, મીઠું, ખજૂર, કેરી વગેરેની નિકાસ થાય છે.

શ્રી એ. બી. ત્રિવેદી સમિતિએ આ બંદર તથા નદીની વચ્ચે રેતીનાં ઊભાડાં હોવાનો ઉલ્લેખ કરેલો છે. મોટી ભરતી વખતે અહીં ૫૦ ટનનાં વહાણો આવે છે અને પૂનમ-અમાસના મોટા જુવાળ વખતે એથી મોટાં વહાણો પણ. અહીં હનુમાન ભાગડા નામના સ્થાને નદીકિનારાનું ધોવાણ થતું અટકાવવા સાત ગ્રોયની (ઘુણા)ની રચના કરવામાં આવી છે. વલસાડ અને કોસંબા વચ્ચેના રેતીનાં ભાઠાંને સ્ટેક એટલે કે લાકડાની થાંભલીઓ દ્વારા અંકિત કરવાનું સમિતિએ જણાવ્યું છે. નાની ભરતી કે ઓટ વખતે ઓછું પાણી હોય ત્યારે વ્હાર્ફ કે જેટી સુધી વહાણો પહોંચી શકતાં નથી, એટલે કાદવ ખૂંદીને વહાણ સુધી ગાડાં લઈ જઇને માલની હાથોહાથ હેરફેર કરવી પડે છે. સમિતિની ભલામણથી ૧૯૬૧-'૬૨માં અહીં જેટી બંધાઈ છે. દક્ષિણ ગુજરાતના આ અગત્યના બંદરના વ્હાર્ફને લંબાવવાની તથા સ્ટેકિંગ-વિસ્તાર વધારવાની અને આ બંદરને એક નાની ટગબોટ આપવાની પણ ભલામણ કરી હતી. નદીમાં એકઠા થતા કાંપને હઠાવવાનું પણ સૂચન હતું. જેટી ૪૩ મીટર લાંબી છે તેને ૧૫૦ મીટર સુધી લંબાવવાની અને આગળ-પાછળ હરીફરી શકે તેવી મોબાઇલ ક્રેઇનની પણ જરૂર છે. હાલમાં ૫૪-૭૫×૧૧ મીટરની વ્હાર્ફની દીવાલ છે.

નજીકમાં વાપી અને ઉમરગાંવ વચ્ચે ઔદ્યોગિક વસાહતો વધી હોઈ તેના માટે કાચો માલ આયાત કરવા વલસાડ બંદરનો ઉપયોગ વધે એ સ્વાભાવિક છે. જો ઇમારતી લાકડું વધારે ઉપલબ્ધ થાય તો તેની નિકાસ પણ વધે. નળિયાં તો હવે બીજે પણ બનતાં થયાં હોઈ અહીંથી તેની નિકાસ વધવાની શક્યતા નથી. એ જ રીતે સૌરાષ્ટ્રમાં શેરડીનું વાવેતર અને સિંચાઈની સગવડો વધતાં તથા ત્યાં પણ ખાંડ તેમજ ખાંડસરીનાં કારખાનાં ઊભાં થયાં હોઈ અહીંથી ખાંડ-ગોળની નિકાસ પણ વધે તેમ નથી. વળી હજીરા બંદરનો વિકાસ પણ આ બંદરને થોડી વિપરીત અસર પહોંચાડે એવી શક્યતા ખરી.

ઉમરસાડી

તળ ગુજરાતની કંઠારે એક નાની ખાડી ઉપર ઉમરસાડીનું નાનું બંદર આવેલું છે. ઓછી ભરતી વખતે એ ખાડીના મુખ પાસે રેતીનું ભાઠું સુકાઈ જાય છે, પણ મોટી ભરતી વખતે ઉતરાણના સ્થળે સાડા-ત્રણ મીટર જેટલું ઊંડું પાણી મળતું હોઇ મુખ પાસેના ભાઠાથી જરા દૂર રેતીયુક્ત ખાડીમાં વહાણો લંગર નાખી શકે છે. મુખથી પશ્ચિમે ત્રણ સાડાત્રણ કિમી. સુધી પાણીની ઊંડાઇ ૦·૮ મી.થી ઓછી રહે છે ખુલ્લા સમુદ્રથી બંદરગાહ ૧·૬ કિ.મી દૂર પાર નદી ઉપર આવેલી છે, જે પારડીના રેલવે સ્ટેશનથી ત્રણેક કિમી દૂર છે. પારડી સાથે એ પાકી સડક દ્વારા ને ત્યાંથી રાષ્ટ્રીય ધોરી માર્ગ સાથે જોડાએલું છે.

'અતુલ પ્રોડક્ટ્સે' પાર નદી પર પોતાનાં કારખાનાં નજીક જેટી બાંધવા વિચારેલું છે, પણ હજી સુધી આ અંગે કંઇ પગલાં લેવાયાં નથી. રાજ્ય સરકારે ઉમરસાડીને મત્સ્યબંદર તરીકે વિકસાવવા એક જેટી બાંધી છે. સન ૧૯૭૫-'૭૬ થી '૮૧-'૮૨ દરમિયાન આ બંદરે ૩૨૩૧ વહાણો આવેલાં, જેમાં સૌથી વધુ સંખ્યા '૭૬-'૭૭માં — ૫૪૯ વહાણોની - નોંધાઇ હતી, જ્યારે '૭૫-'૭૬માં માત્ર ૩૧૬ વહાણો જ અહીં આવેલાં. અલબત્ત, આમાં મોટા ભાગનાં વહાણો નાનાં અને કેટલીક તો મચ્છીમારી માટેની મોટી હોડીઓ જ હતી.

આ વિસ્તાર ચોખા, કેરી, ચીકુ અને કેળાંના વિપુલ પાકને માટે જાણીતો છે. કેટલાક વિસ્તારોમાં ઘાસ ઉગાડાય છે જેની મુંબઇ નિકાસ થાય છે. અહીં સારા પ્રમાણ વરસાદ પડે છે, ને હવામાન સમધાત રહે છે. નાના છતાં જૂના આ બંદરનું એક સમયે સૂરત, બિલિમોરા અને વલસાડ પછીનું ચોથું સ્થાન હતું. આ તરફનાં અન્ય નાનાં બંદરોની જેવા જ માલની અહીંની આયાત-નિકાસ રહી છે. તેમાં વધઘટ થતી રહેવા સાથે ઇ. ૧૯૭૭-'૭૮ થી '૮૨-'૮૩ દરમિયાન કુલ ૩૧૭૫ ટન માલની આયાત, તથા ૪૩૬ ટનની નિકાસ હતી. આમ, આયાતનું પ્રમાણ આગળ જતાં ૫૦૦ ટન કરતાં યે ઓછું અને નિકાસ ૧૦૦ ટનથી યે ઓછી થઇ ગઇ હતી. ભૂમિમાર્ગે માલની હેરફેર વધી જતાં, જળમાર્ગે તેનો ઘટાડો સ્વાભાવિક છે. સન ૧૯૮૨-'૮૩માં તો ઉમરસાડીથી નિકાસ તદ્દન બંધ થઇ ગઇ છે. પરંતુ મત્સ્યોદ્યોગ, નજીકની ઔદ્યોગિક વસાહતોના વધતા વિકાસ ઉપરાંત, પાણીની વિપુલતા, સસ્તી મજૂરી, સમધાત હવામાન તથા મુંબઇનું સામીપ્ય આ બંદરના વિકાસ માટે આશાસ્પદ ગણી શકાય.

કોલક

પારડીથી પશ્ચિમે દસ કિલોમીટર અને ઉદવાડા રેલવે સ્ટેશનથી ૬·૪ કિમી દૂર કોલક નદીના મુખ ઉપર કોલકનું નાનું બંદર છે. લગભગ પોણા બસો મીટર પહોળી ખાડીમાં નાનાં વહાણો માટે આ એક મઝાનું બંદર છે. અહીં નદીના પટમાં રેતીના ભાઠા આગળ વિપુલ પ્રમાણમાં ઑઇસ્ટરની છીપ જોવા મળે છે. પ્રાપ્ત નોંધ પ્રમાણે ઇ. ૧૯૭૪·ાં આ બંદરની આયાત-નિકાસ અનુક્રમે ૧૨,૫૫૦ અને ૩૨.૩૨૦ રૂપિયાની હતી. નવસારી પછી આ બંદરનું સ્થાન હતું. ઈ. ૧૯૫૯-'૬૦થી '૬૧-'૬૨ દરમિયાન તેની આયાત-નિકાસ અનુક્રમે ૩,૩૭૫ અને ૨,૭૧૭ ટન હતી, જ્યારે ૧૯૬૪-'૬૫થી ૭૬-'૭૭ દરમિયાન તેની કુલ આયાત-નિકાસ અનુક્રમે ૮૫૯૫ અને ૧૯૦૮ ટન હતી. જેમાં સૌથી વધુ-૧૩૪૯ ટન ૧૯૬૦-૬૧'માં, અને સૌથી વધુ નિકાસ ૧૯૫૯-'૬૦માં ૧,૧૮૮ ટનની હતી. આ પછી ક્રમશ: ઘટાડો નોંધાયો હતો, અને સન ૧૯૬૪-૬૫'થી આયાત ૧૦૦૦ ટનથી પણ ઓછી હતી, જ્યારે નિકાસ પણ ૭૫-'૭૬થી ૫૦૦ ટનથી યે ઓછી રહી હતી.' ૬૮-૬૯થી નિકાસ વધુ ઘટીને ૧૦૦ ટન કરતાં પણ ઓછી થઈ હતી. '૬૬-'૬૭માં ૫૪૦ ટન નિકાસ હતી તે એકદમ ઘટીને બીજે વર્ષે ૧૦૮ ટન થઇ ગએલી, પણ પછી '૭૫-'૭૬માં તો માત્ર ૧૦ ટન જ નિકાસ નોંધાઇ હતી સન ૧૯૭૭-'૭૮થી '૮૨-'૮૩ દરમિયાન કુલ આયાત-નિકાસ અનુક્રમે ૧૭૨૭ અને ૨૧૩ ટન હતી. આયાતમાં મુખ્યત્વે વિલાયતી નળિયાં, માછલી, અનાજ એને પરચુરણ માલ તથા નિકાસમાં ઈમારતી લાકડું ને મીઠું વગેરે હતાં. ૧૯૮૨-'૮૩માં તો નિકાસ સાવ બંધ હતી. ૧૯૭૬-'૭૭થી '૮૧-'૮૨ દરમિયાન અહીં કુલ ૧૮૮૩ વહાણો આવ્યાં હતાં. મુખ્યત્વે આ મત્સ્યબંદર છે અને અહીં એક જેટીની સગવડ છે.

કલાઈ

પૂરતો ટ્રાફિક ન હોવાથી '૭૨-'૭૩થી આ બંદર બંધ કરી દેવામાં આવ્યું છે. સન ૧૯૬૪-'૬૫થી '૭૧-'૭૨ દરમિયાન તેની કુલ આયાત-નિકાસ અનુક્રમે ૭૫૩ અને ૧૨ ટન હતી. આમાંયે '૬૬-'૬૭ થી તો નિકાસ તદ્દન બંધ થઈ ગઇ હતી. સામાન્યત: અહીં વિલાયતી નળિયાં આવતાં અને માછલીની નિકાસ થતી.

મરોલી

વરોલી નદીના મુખથી ઉત્તરે ૯.૭ કિ.મી. ઉપર મરોલી બંદર છે. મત્સ્યોદ્યોગ માટે અહીં એક જેટીની સગવડ છે. નળિયાં અને માછલીની આયાત તથા ઈમારતી લાકડાંની નિકાસ એ અહીંનો મુખ્ય બંદરી વેપાર. હવે તો નળિયાંની બહુ જરૂરત રહેતી નથી, જ્યારે ઇમારતી લાકડું કષ્ટપ્રાપ્ય બની રહ્યું હોઈ આ બંદર ઉપર તેની અસર દેખાઇ આવે છે. સન ૫૯'–'૬૦ દરમિયાન તેની કુલ આયાત-નિકાસ અનુક્રમે ૭૦૭ અને ૨૪ ટન જેટલી જ હતી. આમાં યે ૫૯–'૬૦ તથા '૬૦–'૬૧માં તો કોઈ માલની નિકાસ નોંધાઈ નથી. '૬૪–'૬૫થી '૬૮–'૬૯ના ગાળામાં કુલ ૨૪૪૪ ટનની આયાત, તથા ૧૦ ટનની નિકાસ હતી. ૧૯૭૦–'૭૧થી ૮૨–'૮૩ દરમિયાન કુલ આયાત ૫૦૫૭ ટનની હતી. અહીં નાનાં વહાણો અને મોટે ભાગે તો મચ્છીમારીની હોડીઓ જ આવે જાય છે. આ રીતે તેમની સંખ્યા '૭૭–'૭૮માં ૧૫૬ અને ૭૯'–'૮૦માં ૩૩૯ની હતી.

ઉમરગાંવ

વરોલી નદીની ખાડીના દક્ષિણ કાંઠે ઉમરગાંવનું બંદર છે. મુંબઇ વડોદરા રેલમાર્ગ પર ઉમરગાંવ સ્ટેશન છે. મુંબઈ નજીક હોવાથી તથા ઔદ્યોગિક વસાહતોને રાજ્ય સરકાર દ્વારા અપાતી છૂટછાટ અને રાહતના કારણે તેનો વિકાસ થયો છે. મીઠા પાણીની વિપુલતા પણ તેમાં એક કારણરૂપ છે

આ ઉમરગાંવ તથા અન્ય ૪૯ ગામો અગાઉ થાણા જિલ્લામાં હતાં, પણ ગુજરાત રાજ્યની રચના થતાં એને આ રાજ્યમાં સમાવી લેવામાં આવ્યાં છે. આ પ્રદેશમાં સારો વરસાદ થતો હોઇ આ તરફ જંગલ-વિસ્તાર વધારે છે. આથી ઘાસ, કેરી, ચીકુ કેળાં, ચોખા વગેરેનો સારો ફાલ ઊતરે છે. આ કંઠારનાં અન્ય બંદરોની જેમ આ બંદરની આયાતનિકાસ પણ ઇમારતી લાકડું, ઈંટ, નળિયાં, ડુંગળી અને પરચૂરણ માલ ઉપર નિર્ભર છે. ૧૯૫૯–'૬૦માં ૪૬૫ ટનની અહીં આયાત હતી, તે પછીનાં વર્ષોમાં ૫૦૦ ટન કરતાં વધારે થઈ હતી, જ્યારે ૧૯૬૦–'૬૧માં ૩૫૪૦ ટનની નિકાસ નોંધાયા બાદ '૭૦–'૭૧ પછી તે ઘટીને ૨૦૦ ટન કરતાં યે ઓછી થઈ ગઇ હતી, અને '૭૭–'૭૮થી તો નિકાસ સાવ બંધ છે.

મચ્છીમારોની હોડીઓ માટે અહીં એક જેટી છે. સૌરાષ્ટ્રનાં બંદરો તથા મેંગલોર સાથે તેનો વેપાર-વ્યવહાર ચાલે છે.

લઘુકથા

બે બિંદુ બીજાં પણ

પ્રા. ઋજજતકુમાર ત્રિવેદી

વૃદ્ધાશ્રમના એક ખંડમાં તાવમાં તરફડતા નરસિંહપ્રસાદ એકધારું સુગમનું નામ રટ્યા કરતા હતા. બહાર ધોધમાર વરસાદ વરસતો હતો, છતાં નિયત સમયે સુગમ વૃદ્ધાશ્રમમાં આવી પહોંચ્યો. જેવી તેને ખબર પડી કે નરસિંહપ્રસાદને તાવ આવ્યો છે કે તુરત તેણે પોતાના ફૅમિલી ડૉક્ટરને બોલાવ્યા, અને પછી તો નરસિંહપ્રસાદને તાવ ઊતરીને પરસેવો વળવા લાગ્યો ત્યાં સુધી તે તેમની પાસે ખડેપગે હાજર રહ્યો. નરસિંહપ્રસાદને તેણે પોતાના હાથે કૉફી પાઈ ધાબળો ઓઢાડ્યો અને પછી ઘેર જવાની અનુમતિ માગી. હર વખતની જેમ આભારવશ થઇને નરસિંહપ્રસાદ કંઈક બોલવા ગયા ત્યાં તો—'કશાની જરૂર નથી. મેં તમને અનેક વાર કહ્યું છે કે પ્રભુએ મને બાપુજીની સેવા કરવાની તક જ નથી આપી, એટલે તમારા જેવાની સેવા કરીને હું તો પિતૃસેવાની મારી ભૂખ ભાંગી રહ્યો છું. મારો ઉપકાર માનવાનો કોઈ પ્રશ્ન જ નથી...' અને પછી નરસિંહપ્રસાદને બોલવાની તક આપ્યા વગર જ પથારીમાં લંબાયેલા એમના પગને સ્પર્શ કરીને એ ઝડપથી રૂમની બહાર નીકળી ગયો.

બહાર હજી ઝરમર-ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. રસ્તા પર આવતાં જ સુગમને વૃદ્ધાશ્રમમાં ભુલાઈ ગયેલી છત્રી યાદ આવી. એ લેવા તે પાછો ફર્યો. નરસિંહપ્રસાદના રૂમના બારણા પર લટકાવેલી છત્રી હાથમાં લેતાં સુગમથી અંદર નજર નખાઈ ગઈ. તેણે જોયું તો નરસિંહપ્રસાદ પથારી તળે રાખેલો પોતાના પુત્રનો ફોટો હાથમાં લઈ કંઈ બોલતા હતા :

'ભગવાને મને પણ જો વહેલો ઉપાડી લીધો હોત તો મારો આ કપાતર કોઈકને તો ચાહતો હોત!' સુગમ ત્યાંથી તુરત જ બહાર નીકળી ગયો. ઝડપથી રસ્તો પસાર કરતાં એ પોતાની પત્નીના સ્વભાવને યાદ કરતો કંઈક બીજું જ વિચારતો હતો '...આવી જ દહેશતથી તો ભગવાને બાપુજીને વહેલા નહિ બોલાવી લીધા હોય ને?...'

અને વૃદ્ધાશ્રમની પછીત ઉપરથી રેલાતા પાણીમાં બે બિંદુ બીજાં પણ ભળી ગયાં. □

અનુસંધાન] રસિકો [પૃષ્ઠ ૧૭૪થી

હારજીતની રમતમાં એક દિવસ પૂર્વપદ સવાર થઈ ગયું. પેલી ખુમારીએ શિથિલતા અનુભવી. જ્યાં કામ કરતો'તો ત્યાંના શેઠનું કરીને પલાયન થઈ ગયો. પ્રામાણિકતા એનાથી દૂર ભાગી ગઈ. રહી માત્ર વિકટ પરિસ્થિતિ. મુંબઈ ગયેલો. બેએક વર્ષ પછી પાછો આવ્યો. ત્યારે પ્રામાણિકતાએ પ્રકાશ પાથર્યો. ચહેરા પર તેજ હતું. વળી મુંબઇ ગયો. ક્યાંક ફસાયો. માંડમાંડ નીકળીને વતનમાં આવ્યો. મને કહે : 'ચા પીવી છે.' સાથે પીધી. ખિસ્સામાં જરાય પૈસા નહિ. મેં દસ રૂપિયા આપ્યા. લીધા ખરા પણ આંખોનું નૂર મોતીની જેમ ચમકી રહ્યું હતું. હું એને ઝાંખો દેખાતો'તો. એ પછી વળી ક્યાંક ગયો. છ-બાર મહિને વતનમાં આવતો. મળતો. મળીએ ત્યારે સાથે અચૂક કશું પીતા. 'કેમ છે? ક્યાં છે! મઝામાં ને?' એવી પૃચ્છા થતી. સ્નેહની આપલે. અતીતને યાદ કરી લેતા. છૂટા પડતા.

અમદાવાદમાં એક વાર એક બિલ્ડિંગના ચોથે માળે હું એક ઑફિસ શોધતો'તો ત્યાં બૂમ સંભળાઈ. નાનપણનો તુંકારો હતો. આંખોએ શોધ કરી. સામે જ રસિકો. મળ્યા. આંખોએ જાણે તૃપ્તિ અનુભવી : મન પ્રફુલ્લ બન્યું. વાતાવરણમાં સ્વજનની હવા વ્યાપ્ત હતી. વાણી નહિવત્ વાપરી. પણ હૃદયે દાયકાનો ભાવ ભરી લીધો. આ એ જ રસિકો. પાતળો ને ધોળો. માથે આછા ભૂખરા વાળ. સરસ મઝાનું નાક. સહેજ વાંકો. ભાષામાં એ જ વ્યંગ. મોં પર એ જ હાસ્ય. હા, એ જ રસિકો. મારો ગોઠિયો, મારો સ્વજન. અભિન્નમાંથી ભિન્ન બનેલા અમે. કાળે કેવા લાચાર કરી દીધા છે અમને!

રસિકાના વ્યક્તિત્વમાં કશી વિશેષના નથી. છે માત્ર એની ભીનીભીની કથા ને વ્યથા. એના ભાવથી ભીંજાએલો એવો હું એકલો પડી ગયો છું. મારા હાથમાં મેં મૈત્રીની રેખા શોધી કાઢી છે. એ તૂટક તૂટક આગળ વધે છે. એ રેખા જોઉં છું, ને એ સત્યને પોતાનું ગણું છું. □

બ્રિજ અને શતરંજ

— સુરેશ મોદી —

આ વખતે પણ આપણે 'નો ટ્રમ્પસ'માં રમાતો કોયડો જોઇએ. તેમાં ઉત્તર-દક્ષિણને બહુ થોડા હાથ કરવાના છે.

	S 7 H 9 8 7 6 5 D A 9 7 C Q	
S A K J S 2 H 4 D K J 2 C J	ઉ પશ્ચિમ પૂર્વ દક્ષિણ	S 3 H Q J 10 3 D 6 5 4 3 C 9
	S Q 10 9 8 6 4 H — D Q 10 8 C 10	

હુકમ : નો ટ્રમ્પસ. કોયડો : દક્ષિણે ઊતરવાનું અને ચાર હાથ કરવાના.


કુલ્લીની ઊતર પર ઉત્તરની રાણીનો હાથ લઇને લાલથી પૂર્વના હાથમાં ઊતર આપે. પૂર્વ લાલના બે હાથ જ લે. (ત્રીજો લે તો ઉત્તરના હાથમાં તે રંગનાં બે સર્વોપરી પાનાં બાકી રહે, અને તેથી ઉત્તર-દક્ષિણનું કામ સરળ બની જાય.) પૂર્વની લાલની એ બે ઊતર ઉપર દક્ષિણ એક હલકી કાળી અને ચોકટનો દસો (!) ફેંકે, અને પશ્ચિમ પણ એક કાળી ફેંકે. હવે પૂર્વ ચોકટ ઊતરે જેમાં દક્ષિણ રાણી ઊતરે અને પશ્ચિમના રાજાનો હાથ થવા દે.

હવે પશ્ચિમ ચોકટ ઊતરે તો ઉત્તર તેમાં બે હાથ લઈને કાળી ઊતરે, અને દક્ષિણને છેલ્લે કાળીની રાણીનો ચોથો હાથ મળે. પણ પશ્ચિમ કાળીના બે હાથ લઇને પછી ચોકટ ઊતરે (કાળી ઊતરે તો દક્ષિણને તે રંગમાં બે હાથ મળી જાય.) ઉત્તર ચોકટનો હાથ લઈ લાલ ઊતરે. પૂર્વ લાલમાં હાથ મેળવી લાલ કે ચોકટ - જે ઊતરે તેમાં ઉત્તર હાથ લઈ શકે છે. અને આ રીતે ઉત્તર-દક્ષિણના ચાર હાથ થાય છે.

લાલની બીજી ઊતર પર દક્ષિણે ચોકટનો દસો શા માટે ફેંક્યો તે આપણે જોઇએ. જો તે એક વધુ કાળી ફેંકે તો પશ્ચિમ તેના પર ચોકટ ફેંકત અને પૂર્વ તે પછીની ઊતરમાં કાળી ઊતરત. પશ્ચિમ કાળીમાં ત્રણ હાથ મેળવી દક્ષિણને તે રંગમાં એક હાથ આપી દેત. ચોકટમાં એક હાથ મેળવી ઊતર પશ્ચિમના હાથમાં આપવી પડત, અને તે કાળીમાં એક વધુ હાથ મેળવી શકત. આથી લાલ ઉપર ચોકટ ફેંકવી જરૂરી છે. પણ અઠ્ઠો શા માટે નહિ? અઠ્ઠો ફેંકવાથી ચોકટમાં છેલ્લે ઉત્તર પાસે A 9, પશ્ચિમ પાસે J 2 અને દક્ષિણ પાસે 10 એમ પાનાં બાકી રહેત. દક્ષિણના દસા પર પશ્ચિમ દુરી ઊતરે તો ઉત્તર-દક્ષિણને ચોકટમાં એક જ હાથ મળે, જ્યારે તેની જગ્યાએ અઠ્ઠો હોય તો પશ્ચિમની દુરી પર નવ્વો અને ગુલામ પર એક્કો ઊતરી ચોકટમાં બે હાથ મેળવી શકે આ રીતે ભારે પાનું ફેંકી દેવાથી રંગ 'unblock' કર્યો કહેવાય. અલબત્ત, દક્ષિણ ચોકટની રાણી પણ ફેંકી શકે તેમ હતું. □

અહીં આપણે જે સ્થિતિ જોઇએ છીએ તેમાં બન્ને પક્ષે સરખાં મહોરાં છે. પણ સફેદનાં મ્હોરાં વધુ જગ્યાનો કાબૂ ધરાવે છે. સફેદનો રાજા એક તરફ છે, જ્યારે કાળાનો રાજા વચ્ચે છે. આ સ્થિતિનો લાભ લઇને જીતવા માટે સફેદ એક સુંદર કૉમ્બિનેશન રમે છે :

COOKE



THOMAS

સફેદે રમવાનું

1 N-B6 ! અહીં 2 R × Pch, Q × R; 3. Q × Q દ્વારા મ્હાતની ધમકી છે. તેથી કાળાએ ઘોડાનો ભોગ સ્વીકારવો રહ્યો.

1..., B × N; 2. R × Pch !

ઘોડા પછી હાથીનો ભોગ. હાથી વજીર પર પણ હુમલો કરતો હોવાથી આ ભોગ પણ સ્વીકારવો જરૂરી છે.

2..., Q × R; 3 Q × Bch, Q-Q2; 4 Q × Rch.

ભોગ આપેલા ઘોડા અને હાથીના બદલામાં સફેદને ઊંટ અને હાથી પાછાં મળી ગયાં અને પ્યાદું માર્યું તે નફામાં. પણ કૉમ્બિનેશન અહીં અટકતું નથી.

4..., K-K2; 5 P-B6ch અને સફેદ હાથી જીતે છે.

અથવા 4...,Q-Q1; 5 R-K1ch, K-Q2; 6R-Q1ch. અને સફેદ હાથીના બદલામાં વજીર મેળવીને રમત જીતે છે. □

વિજ્ઞપ્તિ....

મનીઑર્ડરથી લવાજમ મોકલનારે મનીઑર્ડર ફૉર્મની નીચેની કાપલીમાં પોતાનું પૂરું નામ-સરનામું, ગ્રાહક નંબર તથા અન્ય વિગત પૂરેપૂરી અને સુવાચ્ય રીતે જણાવવા ખાસ વિનંતિ છે. અવાચ્ય અને અપૂર્ણ વિગતોથી તેને અંગેની વ્યવસ્થા મુશ્કેલ બને છે.

ચરિત્ર-નિબંધ

રસિકો

—'આનંદશર્મન'—

હું, રસિકો અને સૂતરિયો.
હું એટલે હું પોતે.
રસિકો એટલે રસિક જોષી.
સૂતરિયો એટલે કનુ સૂતરિયા.
ત્રણે ય મિત્રો.
ત્રણે ય સહાધ્યાયી.
ત્રણે ય તોફાની.
ત્રણે ય મશ્કરા.
ત્રણે ય ટીચકા.
ત્રણે ય ચડ્ડી પહેરીએ.
ત્રણે ય એક બેન્ચ પર બેસીએ.

ત્રણે ય અભિન્ન હતા. આજે ભિન્ન છીએ. મૅટ્રિકથી સૂતરિયો જુદો પડ્યો તે પડયો. આજ લગી જોયો નથી. એની છાતીમાં ખાડો હતો. સરસ ચિત્રો દોરતો. મને ક્યારેક તે કનુ દેસાઈ જેવો મોટો ચિત્રકાર લાગતો. અમારી –મારી અને રસિકાની ચિત્રકામની નોટમાં યે દોરી આપતો. વાર્ષિક પરીક્ષામાં પણ ચિત્રો દોરી આપે. આખો વર્ગ જાણતો. કોઈ કામમાં એકલાપણું નહિ. જે કંઈ હોય, ત્રણે ય સરખા ભાગીદાર. સુખ-દુ:ખમાં સરખા હિસ્સેદાર. સૂતરિયો જ્યારે અમને છોડીને ગયો ત્યારે રડયો'તો. મહાનગરમાં વસેલો. એનું ગણિત પાકું. પણ વ્યવહારમાં ક્યાંય ગણિત નહિ. મહાનગરમાં ઘણી વાર સૂતરિયાને યાદ કરું છું. કોનાં ચિત્રો દોરતો હશે એ આજે!! ભીનુંભીનું સ્મરણ લઇને ઘણી વાર નગરમાં ભમ્યો છું.

અમે ત્રણે ય તોફાની, પરંતુ રસિકો વિશેષ. ભણવામાં હું અને સૂતરિયો લગભગ સમકક્ષ. એને ગણિત સારું આવડે. મને અંગ્રેજી, રસિકાને બેમાંથી એકે ય ન આવડે. એને આવડે માત્ર કૉપી કરતાં. છતાં એ મૅટ્રિક પાસ ન થયો. અમે થયા. અમારી સફળતાનો અમને રંજ હતો. એને આનંદ હતો. પરિણામ લેવા સાથે ગયેલા. પાછા ફરતાં સૂતરિયો કહે: 'રસિકા, તું પાસ થયો હોત તો મઝા પડત.'

'હું નહીં તો તમે તો પાસ થયા છો ને!'

'તું નપાસ થયો ને?' મેં ધીમે અવાજે કહેલું.

'એમાં રોવરા શું કામ? ચાલ, હું આઈસ્ક્રીમ ખવડાવું. હું કાં પાસ થવાનો હતો?'

'ના, ના. આઈસ્ક્રીમ નથી ખાવો.'

'બધા ય થોડા પાસ થવાના હતા?' એમ કહીને અમને પરાણે આઈસ્ક્રીમ ખાવા લઈ ગયો. પોતાના નપાસ થવાના દુ:ખ કરતાં અમારા પાસ થવાનો આનંદ એને વિશેષ હતો. રસિકાનું રસિકત્વ તે દિવસે જોવા મળ્યું હતું. કાળની કેડીમાં આવા મિત્રોના સ્મરણથી તો જીવન ભર્યુંભર્યું લાગે છે! અન્યથા અવશેષ રહે છે પણ શું?!

રસિકો ભારે આળવીતરો હતો. જરા ય સરખો ન બેસે. વર્ગમાં બેન્ચ પર વચ્ચે બેસતો. મારો અને સૂતરિયાનો હાથ પકડીને બેસે. માત્ર એક જ નોટ લઇને આવતો. પેન પાસે હોય. પરંતુ કાયમ કોઇકને લખવા આપી દે. દસમા ધોરણમાં અમારો વર્ગ નવા મકાનના પહેલે માળે હતો. માત્ર અમારો વર્ગ, બીજો એકે ય નહીં. એકાદ તાસ ભરે ને પછી રખડે. સામે જ મમરાની ફૅક્ટરી હતી ત્યાંથી મમરા લઈ આવે. છેલ્લી બેન્ચ પર બેસીને ખાય. કોઈ એને વતાવે નહીં. વર્ગ પણ તોફાની તો ખરો જ. કેટલાક શિક્ષકો પણ ત્યાં આવતાં ડરતા. એક વાર એક નવા આવેલા શિક્ષકે રસિકાને વર્ગની બહાર જવા કહ્યું. રસિકો ન ગયો. પેલા શિક્ષકે રૂઆબ બતાવવા એની પાસે છેલ્લી બેન્ચ પર ગયા. જઇને કહે:

'બહાર નીકળ. ગેટ આઉટ.'

'નહિ જવાય.'

'આઈ સે ગેટ આઉટ.' શિક્ષક બરાડયા.

'કીધું ને નહિ જવાય.'

'કેમ?'

'એમ!'

'એમ ન ચાલે, તારા બાપનું ઘર નથી.'

'તારા બાપનું છે?' રસિકાએ સામે પરખાવ્યું. વર્ગ આખો પાછો વળીને એ તરફ જોતો'તો. રસિકાએ આંખનો ઈશારો કર્યો. હું અને સૂતરિયો ત્યાં પહોંચી ગયા. ટોળું વળી ગયું શિક્ષકની આજુબાજુ. મેં જોરથી ધક્કો માર્યો. એમ જ ધક્કામુક્કી થઈ. વચ્ચે માસ્તર અટવાયા. રસિકો બાજુએ રહ્યો. આખા વર્ગ પર એ ગુસ્સે થયા. એટલી વારમાં રસિકાને કંઈક સૂઝ્યું તે કહે: 'ચાલો બધા. હેડમાસ્તર પાસે જઇએ.' વર્ગ બહાર નીકળ્યો. નવા જ આવેલા શિક્ષક બિચારા ગભરાયા. આજીજી કરવા લાગ્યા. એ પછી 'રસિકાને કશું ન કહેવું' એવી નૈતિક બાંહેધરી લઇને સહુ પાછા ફર્યા. તે દિવસથી રસિકો આખી સ્કૂલમાં પ્રખ્યાત થઈ ગયો. રીસેસમાં ટમાટાંની લારી પર કહે:

'વાંક મારો જ હતો.'

'શું કરતો'તો?' મેં પૂછ્યું.'

'બીડી પીતો'તો.'

'ખરેખર!'

'હા.'

'અમે તો ન જોઈ.'

'બારી બહાર ફેંકી દીધી હતી.'

ટમાટાં ખાઇને અમે વર્ગ તરફ ગયા. રસિકો 'આવું છું' કહીને અમારાથી છૂટો પડ્યો. ઑફિસમાં જઇને પેલા શિક્ષક પાસે દિલગીરી વ્યક્ત કરી આવ્યો. તોફાન ખરું, પણ સાથે કબૂલાતેય ખરી જ. નિખાલસતા પણ એવી જ. ઘણી વાર તોફાન કર્યા પછી અફસોસ કરતો. 'ન કર્યું હોત તો સારું' એવું અનુભવતો. ક્યારેક એ વિચારે ગંભીર થતો. ક્યારેક અધવચ્ચે જ બહાર ચાલ્યો જતો, ક્યારેક બીડી પી લેતો. બીડી જાણે એનું આશ્વાસન હતું! આજ દિન સુધી છોડી શક્યો નથી એને. આજે તો એને પ્રત્યેક ઘડીએ આશ્વાસન જોઇએ છે! પાસે હું યે નથી ને સૂતરિયો પણ નથી. રહી છે માત્ર બીડી.

રસિકાના પિતાનો દાબ ખાસ્સો. રસિકો ખૂબ બીએ એમનાથી. બીડી તમાકુ જેવાં વ્યસનો ઘર કરી ગયાં 'તાં. પિક્ચર જોવાનો ભારે શૉખીન. પિતાની મંજૂરી ન મળે. વાંચવા જવાનું બહાનું કાઢીને જોઈ આવે. એના પિતાને મારા પર વિશ્વાસ. રસિકાની મૈત્રી જાળવવા મેં ઘણી વાર એ વિશ્વાસનું ખૂન કર્યું છે. અનેક વાર જૂઠું બોલ્યો છું. અનેક વાર એણે જેમ કહ્યું તેમ કહ્યું છે. એનાં વિપરીત પરિણામો પણ ભોગવ્યાં છે. આજે સ્વસ્થતાથી વિચારું છું તો લાગે છે કે તે દિવસોમાં મૈત્રી ન જાળવી હોત તો સારું થાત. રસિકાનું ભવિષ્ય ન બગડત. એની અનેક એબોને મેં ઢાંકી. એમ અનેક રીતે એને નુકસાન પહોંચાડયું. દરેક ગુનો છુપાવવા એ મને ઢાલ રૂપે ધરતો. વળી નવો ગુનો કરતો. નાની બાબતમાં અસત્ય બોલતો. મૅટ્રિકમાં નાપાસ થતાં એ અલગ પડયો. ખોટા માણસની મૈત્રી થઈ. એમ જ વરલી મટકાના ધંધે ચડી ગયો. જુગાર રમતો-રમાડતો. એક છોકરીની પાછળ ગાંડો થયેલો. ચારિત્ર્ય ગુમાવતો ગયો. મારી થોડીક શરમ રાખતો. બાકી એનું જીવન સાવ બદલાઈ ગયું. બીજે વર્ષે કૉલેજમાં દાખલ થયેલો, પણ ભણી ન શક્યો. કૉલેજની ચૂંટણીમાં હું સી.આર. તરીકે ઊભો રહેલો. સામસામાં જૂથો હતાં. હું તટસ્થ હતો. મારી વિરુદ્ધ પ્રચાર કરનાર સાથે એ ઝઘડેલો. એને ચૂંટણીમાં રસ નહિ, પણ મારે ખાતર સક્રિય બનેલો. બે-ચાર જણ સાથે શરત પણ મારેલી. માણસ જ હારજીતનો. હાર અને જીત બંનેમાં ખુમારી તો એવી જ. ખુમારીથી જ જીવતો. ખુમારી તો એનું જીવન હતું. સારું કમાતો. ખુમારીથી વાપરતો – પાણીની જેમ વાપરતો.

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૨)

એટલે તું એના પર બેસી શકશે, અને પછી તો જો એનો કંઈ આનંદ છે!

ક: (હર્ષમાં આવી જઈ) ખરેખર?

અ: હા, હા; ખરેખર. આ ચીજનો તો કંઈ મહિમા છે! (પઠન કરે છે)

ભૂતલ ખુરશી પદારથ મોટો
બ્રહ્મલોકમાં નાહીં રે...

હવે તમે સહુ મારી સાથે એક વાર આ લલકારો.

ભૂતલ ખુરશી પદારથ મોટો
બ્રહ્મલોકમાં નાહીં રે

(ત્રણેય જણ આ પંક્તિ લલકારે છે.)

ક: (ખુરશી જમીન પર ટેકવી ઉપર બેસી જાય છે) હા...શ, આના પર બેસવાની તો મજા આવે છે! એ ય, તમે સહુ આમ બાઘાંની જેમ મારી સામે કેમ ઊભાં છો? (વધુ સત્તાવાહી સ્વરે) સાંભળતાં નથી હું કહું છું તે? તમે આમ બાઘાંની જેમ મારી સામે કેમ ઊભાં છો?

બ: (દબાએલા અવાજે) મને કેમ આમ સેવકભાવ જાગે છે?!

ડ: (એવા જ અવાજે) મને પણ થાય છે કે જાણે હું સેવક છું!

અ: (એ જ રીતે) મને પણ એવું જ લાગે છે! પેલાની એક હાકે મારાં ગાત્રો શિથિલ થઈ જાય છે, મારાં અંગમાંથી અસ્મિતા સરી જતી લાગે છે! કેમ આમ થાય છે આજ?!

ક: (સત્તાથી) તમે સહુ શું વિચારો છો? હજુ પણ આમ બાઘાંની જેમ મારી સામે કેમ ઊભાં રહ્યાં છો?

અ: (સ્વગત) અરે, મને તો ડર લાગે છે! મારું કેમ આમ ગુલામમાં પરિવર્તન થતું લાગે છે? (યાદ આવતું હોય તેમ) હં! ભેદ હવે સમજાયો! કારણ કે પેલો ખુરશી પર બેઠો અને હું સામે ઊભો છું.

ક: હું અહીં બેઠા પછી નવા નવા ભાવ અનુભવી રહ્યો છું.

અ: પણ હું તો એક જ ભાવ અનુભવી રહ્યો છું — હુકમ ઉઠાવવાનો.

ડ: આજે આમ કેમ બનતું લાગે છે કે જાણે હું હું જ નથી!

બ: મને પણ એમ જ લાગે છે.

અ: એનું રહસ્ય જ આ છે. આ સામે પેલો બેઠો છે તેમ ખુરશીમાં બેસવું.

ક: (સત્તાવાહી સૂરે) એ ય!

અ: જી, સાહેબ.

ક: મેં પેલું કામ તને સોંપ્યું હતું તે પતી ગયું કે?

અ: કયું કામ, સાહેબ?

ક: મુરખ, તું પ્રશ્ન કરે છે? જો આ રીતે તું બેદરકારી દાખવીશ તો હું તારી વિચિત્ર રીતે બદલી કરાવી નાખીશ. કદાચ એથી પણ આગળ વધીને તને કોઇ એવી વાતમાં ભેરવી દઈશને કે પછી આપઘાત કરવા જ વારો આવશે.

અ: (થથરતાં) પણ એ સોંપેલું કામ—

ક: હા, એ સોંપેલું કામ તારે તત્કાલ પાર પાડવાનું છે. એ જૂની ફાઇલોનો કુશળતાથી તારે નાશ કરવાનો છે. એના નાશને આધારે જ મારી અને તારી પ્રગતિનો આધાર છે. (ખંધાઈથી) કે...મ, સમજી ગયો?

અ: હા, જી. હું હમણાં જ એ પતાવી દઈશ.

ક: જો, ઊભો રહે. એમાં મદદનીશ તરીકે તારે કોઈની જરૂર પણ પડે તો આને લેતો જા. ('બ'ને ઉદ્દેશીને) જો, એ ય.

બ: જી સાહેબ?

ક: તું આની સાથે જા. એ કહે તે પ્રમાણે તારે એને મદદ કરવાની છે.

બ: ભલે, સાહેબ.

ક: તો તમે જલ્દી કરો.

અ: (જતાં જતાં) તમે સાહેબ, હવે બેફિકર રહો.

બ: (જતાં જતાં) એ કામ હવે થઈ ગયું જ સમજ જો, સાહેબ.

ક: ઓ. કે. બાય, ધેન. (સ્વગત) ગયાં! એ ફાઇલોના વિનાશમાંથી સર્જાશે મારો સ્વપ્નમહેલ! (ચમકીને) અરે, પણ આ અત્યારે મને બીજો જ ભાવ થાય છે. જાણે હું એક કંપનીનો મૅનેજર છું. (ખંધું હાસ્ય. પછી પેલી બીજી સ્ત્રીને ઉદ્દેશીને) સેક્રેટરી.

ડ: યસ, બૉસ.

ક: (જરા ખંધાઈથી) જુઓને, હમણાંથી તમારું ચિત્ત બરાબર કામ કરતું લાગતું નથી. મારા ડિક્ટેટ કરાવેલા ડ્રાફ્ટમાં ઘણી બધી ભૂલો રહી જવા પામે છે.

ડ: બૉસ, હવેથી હું કાળજી રાખીશ.

ક: (ખંધા લટકા સાથે) બ...સ, તો પછી હું પણ તમારી કાળજી રાખીશ. (થોડું લુચ્ચું હાસ્ય)

ડ: થૅંક યુ, બૉસ.

ક: (જરા પીગળતો પીગળતો) અરે, સિમ્પલ થૅંક યુ જ! આઈ વૉન્ટ સમથિંગ... આઈ મીન, મારે તમારી લાગણી પણ જોઇએ. (વળી પાછું લુચ્ચું હાસ્ય)

ડ: (પલળતા અવાજે): ધૅટ યુ કૅન અર્ન, માય બૉસ. (એનું પણ એવું જ હાસ્ય)

ક: ધેન વી શેલ મીટ એટ ધેટ ફાઇવ સ્ટાર હોટેલ ધિસ ઈવનિંગ.

ડ: યસ બૉસ, હૂં!

(બંનેનું લુચ્ચું હાસ્ય ચાલે છે ત્યાં જ 'અ' પ્રવેશે છે ને ખમચાઇને ઊભો રહી જાય છે)

અ: સાહેબ, કામ પતી ગયું છે.

બ: (પ્રવેશતાં) આપને હવે ચિંતા નહિ રહે, સાહેબ. બધું કામ પતી ગયું છે.

ક: (ક્રોધથી) પણ તમે રજા વગર અહીં કેમ ઘૂસી આવ્યાં?

અ: તો પાછાં જઇએ. (વિંગમાં ચાલ્યો જાય છે.)

બ: હો, તો પાછાં જઇએ. (વિંગમાં ચાલી જાય છે.)

અ: (દૂરથી) હું અંદર આવી શકું, સાહેબ?

બ: (દૂરથી) અને હું પણ અંદર આવી શકું કે, સાહેબ?

ક: હા, તમે અંદર આવી શકો છો?

અ: (પ્રવેશતાં) સાહેબ, કામ પતી ગયું છે.

બ: (પ્રવેશતાં) હા, બધું જ કામ બરાબર પતી ગયું છે.

ક: તો હવે તમારાં ઇનામો સાચાં.

અ: કયાં ઇનામો, સાહેબ?

બ: શું ઇનામ, સાહેબ?

ક: બઢતી! (હસે છે.)

અ: (અત્યુત્સાહમાં) બઢતી! બઢતી! બઢતી! (હસે છે.)

બ: (અત્યુત્સાહમાં) હા, બઢતી! બઢતી! બઢતી! (હસે છે.)

અ: (ઉત્સાહથી) એટલે હવે અમને આવી આવી ખુરશી મળશે, સાહેબ?

બ: (ઉત્સાહથી) હા, સાહેબ! ખુરશી મળશે અમને?

અ: (અધીરાઈથી) ક્યારે મળશે, સાહેબ?

બ: (અધીરાઈથી) હા, સાહેબ; ક્યારે મળશે?

ક: હા, મળશે; જરૂર મળશે. (ખંધાઈથી) પણ અત્યારે તો આ એક જ છે.

અ: ('બ' અને 'ક'ને બાજુ પર બોલાવે છે) તમે બંને જે ખુરશી પર બેઠાં નથી તે આમ આવો.

બ: (નજીક સરીને) શું છે, બોલ?

ડ: (નજીક સરીને) હા, હા; શું છે, કહે?

અ: જો તમે મને સાથ આપો તો આપણે ખુરશી મેળવીએ.

બ: જરૂર

ડ : અમારો સાથ છે, જા.

અ : તો પછી બોલો : અમે ખુરશી મેળવીને જ જંપીશું.

બ : અમે ખુરશી મેળવીને જ જંપીશું.

અ : તો હવે ચાલો, આપણે સરઘસ કાઢી પેલા ખુરશીવાળા પાસે જઇએ. હું આગળ છું, તમે બંને મારી પાછળ પાછળ આવો. હું નારો લગાવીશ, તમારે ગજાવવાનો. તો ચાલો, હું શરૂ કરું છું. અમે ખુરશી મેળવીને જ જંપીશું.

બ અને ડ : અમે ખુરશી મેળવીને જ જંપીશું (આ નારો ગજવતાં ગજવતાં ત્રણે ય રંગમંચના એક છેડાથી બીજા છેડા સુધી જઈ પાછાં ફરે છે અને પછી પેલો ખુરશી પર બેઠો છે તેની નજીક સરતાં જાય છે.)

ક : (સ્વગત) અરે, આ તો સરઘસ આવી રહ્યું છે! હવે શું થશે? (નારો ગજવતાં ત્રણે ય વધુ ને વધુ નજીક સરતાં આવે છે) અરે, હવે શું થશે? સરઘસ તો આ નજીક આવી પહોંચ્યું!

અ : અમે ખુરશી મેળવીને જ જંપીશું.

બ અને ડ : અમે ખુરશી મેળવીને જ જંપીશું.

અ : અમને બઢતી આપો.

બ : અમને ખુરશી આપો.

ડ : અમને અનુભવ આપો.

ક : (ત્રાડ પાડીને) ચૂપ રહો. હટી જાઓ. વીખેરાઈ જાઓ. (આવેશમાં ને આવેશમાં 'ક' ખુરશીમાંથી ઊભો થઈ જાય છે.)

બ : અરે, આ તો ખુરશીમાંથી ઊભો થઈ ગયો!

અ : હજુ જોરથી નારો લગાવો : અમે ખુરશી મેળવીને જ જંપીશું".

બ અને ડ : અમે ખુરશી મેળવીને જ જંપીશું.

ક : (ત્રાડ પાડીને) ભાગી જાવ. (આવેશમાં ખુરશી છોડી આગળ આવે છે)

ડ : અરે આ તો ખુરશી છોડી આગળ આવ્યો!

અ : વધુ જોરથી નારો લગાવો : અમે ખુરશી મેળવીને જ જંપીશું.

ક : (ખુરશી છોડી ત્રણેયની સામે જોતાં ત્રાડ પાડવાનો વૃથા પ્રયત્ન કરે છે) ભાગી... (સ્વગત) અરે, મારા ગળામાંથી ત્રાડ કેમ નથી નીકળતી?

અ : (વિજયનું હાસ્ય કરતાં) બેટમજી, ખુરશી પર હવે ક્યાં છો તે ગળામાંથી ત્રાડ નીકળે!

ડ : ના, ના; લે, પાડને હવે ત્રાડ.

બ : હા, હા; હવે પાડ ત્રાડ.

ક : અરે, હું તમારી સાથે જ છું. આપણે સહુ એક જ છીએ.

બ : (ભારપૂર્વક) ના.

ક : (સૂચક રીતે) તો?

ડ : આપણે સહુ એક નથી.

ક : કેમ?

બ : ભૂલી ગયો?

ક : શું?

બ : તેં અમને સહુને જુદાં કહ્યાં હતાં તે!

ક : ક્યારે?

અ : જ્યારે મેં કહેલું કે 'તું' એ 'હું' નથી ત્યારે.

ક : માટે જ તો મેં તમને જુદાં કહ્યાં હતાં. ને આજે એટલે જ કહું છું કે આપણે સહુ એક છીએ.

ડ : ના, ના; આપણે સહુ આપણે જ નથી.

અ : હા, 'હું' એ 'હું' નથી.

બ : અને હા, 'તું' એ 'તું' નથી. (એકદમ અંધારું થઈ જાય છે.)

ડ : (ચમકીને) અરે, આ અંધારું કેમ થઈ ગયું?

અ : કારણ કે આપણે એકબીજાને જોઈ ના શકીએ.

ક : તેથી શું?

અ : તેથી સત્ય પામી શકીએ.

ડ : કયું સત્ય?

અ : પોતાને જ જોવાનું. પોતાને જ પામવાનું. અંધકારમાં જ સાચો પ્રકાશ છે. આ જુદા પ્રકાશે જ આપણને છૂટાં પાડ્યાં હતાં.

ક : કઈ રીતે?

બ : હા, હા; કઈ રીતે?

ડ : હા, હા, બતાવ; કઈ રીતે?

અ : જુઓ આ રીતે. (ગંભીર અવાજ કરીને) લેટ ધેર બી લાઈટ.

બ : ઍન્ડ ધેર વૉઝ લાઈટ. (પ્રકાશ થાય છે.)

અ : હવે આપણે સહુ ભિન્ન છીએ. તું, 'તું' છે; હું, 'હું' છું; તે, 'તે' છે. અને એટલે સહુ માણસ છીએ.

બ : તો તો મજાનું!

ક : તો ચાલો આપણે સહુ...

ડ : માણસ માણસ રમીએ.

(સ્ટેજ પર અંધારું વ્યાપી જાય છે. પડદો પડતો નથી.)

[આ નાટકનો કોઈ પણ પ્રકારે ઉપયોગ કરતાં પહેલાં નીચેના સરનામેથી લેખકની અનુમતિ મેળવવી અનિવાર્ય છે : 'લાવણ્ય', વિજય પાર્ક, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯]

અનુસંધાન] **વેસાલિયસ** [પૃષ્ઠ ૧૬૧થી

પાંસળીઓની સંખ્યા એકસરખી જ હોય છે. ધર્મપુરુષોએ એનો વિરોધ કર્યો ઇવનું સર્જન કરવા ઇશ્વરે આદમની એક પાંસળી લઇને તેનો ઉપયોગ કર્યો હતો એવું ધર્મગ્રંથોમાં લખ્યું છે એટલે પુરુષની પાંસળીઓની સંખ્યા બંને બાજુ એક સરખી હોઇ ન શકે એવો એમનો દાવો હતો. આવી જ કેટલીક માન્યતાઓ સ્વીકારતા ઘણા દાક્તરોએ પણ એ ગ્રંથનો વિરોધ કરેલો. વેસાલિયસે સાથળનાં હાડકાંને, ગેલનના મત પ્રમાણે વાંકા નહિ પણ સીધાં દર્શાવ્યાં હતાં. એ જોઇને એના જૂના ગુરુ સીલ્વિયસે પણ જાહેર કર્યું કે ગેલનનું કથન ખોટું ન જ હોય, પણ તે પછી વિતેલાં વર્ષોમાં માનવદેહમાં આવો ફેરફાર થયો હશે, અને તેનું કારણ ઇજાર જેવાં સીધાં કપડાં પહેરવાની ટેવ ફેલાઇ છે તે જ હશે. આટલું જ નહિ, સીલ્વિયસે તો વેસાલિયસના આ કાર્યને તદ્દન નિરર્થક અને શાબ્દિક ખીચડા જેવું જણાવીને તેના વખાણનારાઓને 'બેપગા ગધેડા' ગણાવ્યા હતા. વેસાલિયસે હૃદયના ડાબા-જમણા ભાગમાં જતાઆવતા લોહી માટે તે બંને ભાગની વચ્ચેના પર્દામાં છિદ્રો હોવાના ગેલનના અભિપ્રાયને પણ ખોટો ઠેરવ્યો હતો.

એ કાળે એક બીજી યે માન્યતા પ્રચલિત હતી કે શરીરમાં એક એવું હાડકું હોય છે કે જેનો નાશ થતો નથી, અને આ હાડકામાં એક એવું કેન્દ્ર છે જેના આધારે કયામતના દિવસે નવો દેહ રચાય છે. વેસાલિયસે એ અંગે માત્ર એટલું જ કહેલું કે, 'એની સાબિતી તો ધર્મશાસ્ત્રીઓએ જ આપવી રહી, દેહરચનાશાસ્ત્રીઓનો એ વિષય નથી.'

પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિએ એ એક ઉત્તમ પ્રકાશન હોવા છતાં વેસાલિયસ સામેના વિરોધનું દબાણ એટલું બધું વધી પડયું કે અંતે એણે પોતાનું પ્રાધ્યાપક-પદ ફગાવી દીધું. આ પછી એ સ્પેઈનના ચાર્લ્સ પાંચમાનો તથા તેના સૈન્યનો સલાહકાર દાક્તર બન્યો. ફિલિપ બીજાના સમયમાં પણ તેનું એ પદ જારી રહેલું. સ્પેઈનથી એણે લખેલું કે, 'હું હજી યે એવી આશામાં જીવું છું કે ગમે ત્યારે ફરી એક વાર હું માનવદેહ અને પ્રકૃતિના અભ્યાસને આગળ વધારવા સદ્‌ભાગી બનીશ.'

પણ એની એ આશા ફળી નહિ. કંઈ પણ નવું કર્યા વિના હતાશાભરી અવસ્થામાં વીસ વર્ષ પછી ઈ. ૧૫૬૪માં ૫૦ વર્ષની વયે એનું અવસાન થયું હતું.

— બિ.

ડાઈનોસૉર્સ

અને ગુજરાતમાં મળેલા એમના અશ્મિભૂત અવશેષો

— ડૉ. સુશ્રુત પટેલ —


કરોડો વર્ષ પૂર્વે પૃથ્વી પર લગભગ બધા ભૂખંડોમાં ઉષ્ણ લોહીવાળાં આ સરીસૃપ પ્રાણીઓ વિચરતાં હતાં. બહુ જ નાનાથી માંડી મોટી ઇમારતો જેવડાં એમનાં કદ અને વિવિધ આકાર તથા ખાસિયતોવાળી એમની સંખ્યાબંધ જાતો હતી. તાજેતરમાં અમદાવાદથી સો-એક કિલોમીટર દૂર બાલાસિનોર નજીકથી ડાઇનોસૉર-નાં ઈંડાં તથા અશ્મિભૂત અસ્થિઓ મળી આવ્યાં છે ત્યારે એમના વિષેનો આ માહિતીપ્રદ લેખ અનેક રીતે રસપ્રદ બની રહેશે.

ગુજરાત ખાતેની જીઓલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયાના ડાયરે-ક્ટર ડૉ. એમ. રામકૃષ્ણનની ઑફિસમાં તથા શ્રી ગજેન્દ્રનાથ એન. દ્વિવેદીની ઑફિસમાં મૂકેલા ગુલાબી રંગના, સફેદ છાંટવાળા, સહેજ શ્યામ પથ્થરોને અડકતાં મેં રોમાંચ અનુભવ્યો. ભીમકાય શરીર અને ત્રણ માળના મકાનની ઊંચાઈ જેટલી લાંબી પાતળી ડોક ધરાવનાર 'ડાઇનોસૉર'નાં એ અશ્મીભૂત અસ્થિઓ તેમજ એમનાં અશ્મીભૂત થએલાં ઇંડાં હતાં. મારી સામે જુલે વર્નની 'જર્ની ટૂ ધી સેન્ટર ઑફ ધ અર્થ', એચ. જી. વેલ્સની 'ધી લૉસ્ટ વર્લ્ડ' અને જાપાનીસ ફિલ્મ 'રોડાન' ઉપરાંત સંખ્યાબંધ વિજ્ઞાન-કથાઓ તથા પ્રાગૈતિહાસિક પ્રાણીઓને જીવંત કરતી અંગ્રેજી ફિલ્મો ખડી થઈ ગઈ. વર્તમાનકાળમાંથી ખેંચાઇને એચ. જી. વેલ્સના 'ટાઇમ-મશીન'માં જાણે કે હું ૨૩ કરોડ વર્ષ પૂર્વેના ભૂતકાળમાં સરકી ગયો.


'ડાઇનોસૉર' એ ગ્રીક શબ્દ છે 'deinos' અર્થાત્ 'ભયંકર' (terrible) અને 'sauros' એટલે 'ગરોળી' કે 'ઝેરી જાનવર'. આમ 'ડાઇનોસૉર' એટલે 'ભયંકર જાનવર' કે 'ભયંકર સરીસૃપ'. આ શબ્દ બ્રિટનના સર રિચાર્ડ ઓવેને (૧૮૦૪–'૯૨) ઈ. ૧૮૪૨માં પ્રથમ પ્રયોજેલો. આ પ્રાણીઓ કદની દૃષ્ટિએ તથા કેટલાંક હિંસકવૃત્તિની દૃષ્ટિએ ખરેખર ભયંકર હતાં. જે કાળમાં તેઓ ધરતીને ધમધમાવતાં હતાં તે કાળમાં ભૂગોળ અને હવામાન તેમજ વનસ્પતિ આજે છે તેવાં ન હતાં. સસ્તન પ્રાણીઓ ન હતાં, આજના જેવાં પક્ષીઓ ન હતાં, ફૂલો કે ફળો ન હતાં, અને માનવી નામનાં પ્રાણીનું તો નામોનિશાન સુધ્ધાં ન હતું. તેર કરોડ વર્ષોથી વધુ સમય સુધી પૃથ્વી ઉપર રાજ કરનાર ડાઇનોસૉર પશ્ચિમ ચીનથી યુરોપ અને અમેરિકા સુધી અને ભરતખંડમાં તથા મધ્ય અને દક્ષિણ આફ્રિકામાં રાજ કરતાં હતાં. આમાંનાં કોઈ ધરતી ઉપર રહેતાં હતાં, કોઈ નાનાં કદનાં વૃક્ષોમાં તો વિરાટ કદના ડાઇનોસૉર પાણીમાં રહેતાં હતાં. એમાંનાં કેટલાંક ઊડ-વાના ઢંગધડા વગરના પ્રયાસ કરતાં હતાં.

પૅલિયોઝોઈક (પુરાજીવી), મેસોઝોઈક (મધ્યજીવી) અને સીનો-ઝોઇક (નૂતનજીવી) એવા ત્રણ મહાકલ્પો યા યુગ (era)માં પૃથ્વીની વયને વહેંચી નાખવામાં આવી છે. આ પ્રત્યેક મહાકલ્પોના પાછા કેટલાક વિભાગો (કાળ) કે કલ્પ (Period) પાડવામાં આવ્યા છે. જેમ કે મેસોઝોઈક મહાકલ્પની વાત કરીએ તો એના ટ્રિઆસિક (કે ટ્રાઇએસિક), જૂરૅસિક અને ક્રિટેશસ (કે ક્રીટેશિયસ) એવાં ત્રણ કલ્પ પાડવામાં આવ્યાં છે. આ મધ્યજીવી મહાકલ્પ આશરે ૨૩ કરોડ વર્ષો પહેલાં શરૂ થયો અને ૬ કરોડ ૫૦ લાખ વર્ષ પહેલાં તેનો અંત આવ્યો. આ મહાકલ્પમાં સરીસૃપોની અનેક જાતો વિહરતી હતી, અને એમાં ડાઇનોસૉર એકહથ્થુ શાસન ચલાવતાં હતાં. બીજા શબ્દોમાં મેસોઝોઈક મહાકલ્પ એ સરીસૃપોનો યુગ હતો. એ કાળે હિમાલયનો જન્મ થયો ન હતો તે સમયે ગોંદવાના નામનો એક મહાખંડ હતો. (આ નામ આપણા મધ્યપ્રદેશની ગોંદ આદિવાસી પ્રજાના નામ પરથી આવ્યું છે.) દક્ષિણ અમેરિકા, આફ્રિકા, દક્ષિણ ભારત, ઈન્ડોનેશિયા, ઑસ્ટ્રેલિયા, દક્ષિણ ધ્રુવખંડ વગેરેનો તે બનેલો હતો. હવામાન લગભગ એકસરખું હતું. અને બહુ ઊંચા પહાડો ન હતા. ગરમ ચા પર તરતું 'ગ્લુકોઝ'નું બિસ્કિટ ભાંગી જાય અને તેના કટકા છૂટા પડી જાય તેમ લાવારસ ઉપર તરતો આ મહાખંડ ભાંગતો ગયો અને તેના કટકા જુદીજુદી દિશામાં સરકવા લાગ્યા. કાળે કરીને તે બધા આજે છે ત્યાં પહોંચી ગયા.

મહારાષ્ટ્રના ચંદા જિલ્લાના એક ગામે ૧૯૫૯માં ૪૭ ફૂટ લાંબું, ૧૨ ફૂટ ઊંચું અને ૧૬ કરોડ વર્ષ જૂનું ડાઇનોસૉરનું એક અસ્થિપિંજર શોધી કાઢવામાં આવેલું. પાછળથી તેને કલકત્તાના સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટના ભૂસ્તરીય સંગ્રહસ્થાનમાં ઊભું કરવામાં આવ્યું. આ અગાઉ મળેલા ડાઇનોસૉર-ના હાડપિંજરને પણ કલકત્તાના મ્યૂઝિયમમાં મૂકવામાં આવ્યું છે. વિન્ધ્યાચલની દક્ષિણના ભારતમાં ડાઇનોસૉરની ડઝનબંધ જાતોના અવશેષો મળી આવ્યા છે, અને તે જ જાતોના અવશેષો માડાગાસ્કર અને દક્ષિણ અમેરિકામાં પણ મળી આવેલાં છે. આ સામ્ય દર્શાવે છે કે આ ત્રણે ખંડો એક કાળે જોડાએલા હતા, એટલું જ નહિ, ભરતખંડના દક્ષિણ ભાગમાં ડાઇનોસૉરનો વિકાસ ઠીકઠીક થયો હતો, અથવા કહો કે વિકાસ પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. આ કાળ ક્રિટેશસ કલ્પ હતો, જે ચૌદ કરોડ દસ લાખ વર્ષ પહેલાંનો હતો. આ કાળમાં આજે જોવા મળતા ચૂનાના પથ્થર બન્યા હતા. ('ક્રીટા' એટલે ચૉક-chalk, ક્રિટેશસ કે ક્રીટેશિયસ એટલે ચૉકનો કાળ)



અત્યાર સુધીમાં જ્યાં જ્યાંથી ડાઈનોસૉરના અશ્મિલ અવશેષો મળી આવ્યા છે તે તે વિસ્તાર આ નકશામાં કાળા રંગે દર્શાવ્યો છે.



▽મળી આવેલા અશ્મિલ અવશેષો જોડીને બનાવેલાં, 'પ્રોટાસેરેટોપ્સ' જૂથનાં ડાઇનોસૉર્સનાં બે અસ્થિપિંજરો. બાજુમાં ખાડો કરી આ પ્રાણીઓ પોતાનાં ઈંડાં કઈ રીતે રાખતાં હશે તે દર્શાવ્યું છે. નીચે : ડાઇનોસૉરના પગલાથી પડેલો ખાડો. અઢાર ગેલન પાણી સમય તેટલો એ મોટો છે. તેમાં બેઠેલા બાળક પરથી ડાઈનોસૉરના વજન અને કદનો ખયાલ આવશે.

આ કલ્પ પૂરો થતાં અથવા બીજા શબ્દોમાં કહીએ તો મેસોઝોઇક મહાકલ્પ પૂરો થતાં, એટલે કે આજથી છ કરોડ પચાસ લાખ વર્ષ પહેલાં આ બધાં જ ડાઇનોસૉર તેમજ એમની સાથેની પ્રાણીઓની કેટલીક જાતિઓ તથા વનસ્પતિ મરી પરવારી. આવો સામૂહિક સંહાર કેમ થયો એ જીવાશ્મવિજ્ઞાન (પૅલિઍન્ટૉલૉજી–Palaentology)નું એક વણઉકલ્યું ગૂઢ રહસ્ય છે.

ગુજરાતમાં ડાઇનોસૉરનાં ઈંડાં

ગુજરાત રાજ્યના ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકા તથા બાલાસિનોરથી આશરે ૧૦ કિ.મી. ઉત્તરે આવેલા રૈયોલી ગામની આસપાસથી ડાઇનોસૉરના અશ્મિલ અસ્થિઓ (Fossilised bones ૧૯૮૧-'૮૨માં મળી આવ્યાં. આ શોધ કરનાર હતા. ઉપર જેનો ઉલ્લેખ કર્યો તે શ્રી ગજેન્દ્રનાથ એન. દ્વિવેદી અને શ્રી ધનંજય એમ. મોહબે (Mohabey). આ બંને સંશોધકોએ ૯ નવેમ્બર, ૧૯૮૨માં વારાણસી ખાતે ભરાએલી ચોથી 'ઇન્ડિયન જીઓલૉજિકલ કૉંગ્રેસ'ની પરિષદમાં આ અંગેનું સંશોધન-પેપર વાંચેલું. 'કુમાર'ના વાચકોને યાદ હશે કે મારા 'અશ્મિલ અવશેષો' ઉપરના નવેમ્બર-ડિસેમ્બર, ૧૯૮૨ (સળંગ અંક ૭૦૭ અને ૭૦૮)ના લેખમાં આ શોધ અંગેનો ઉલ્લેખ હતો. એમાં લખ્યું હતું કે ગુજરાતમાંથી ડાઇનોસૉરના અશ્મીભૂત અસ્થિ મળવાનો આ સૌપ્રથમ કિસ્સો છે, અને કદાચ 'કુમાર' પણ એની પરંપરા મુજબ, એના વાચકોને આ વૈજ્ઞાનિક શોધના સમાચાર આપનાર સર્વ પ્રથમ સામયિક હતું.

એ વખતે તો ત્યાંથી માત્ર અસ્થિઓ જ શોધાએલાં, પણ પાછળથી આ બંને સંશોધકો પૈકીના એક શ્રી ધનંજય મોહબેએ બાલાસિનોર ખાતેની ચૂનાની ખાણમાંથી ડાઇનોસૉરનાં અશ્મિભૂત ઇંડાં શોધી કાઢયાં. આ શોધનું મહત્ત્વ બીજા શબ્દોમાં દર્શાવવું હોય તો કહી શકાય કે જ્યારે લોથલનું ખોદકામ થયું ત્યારે તથા તાજેતરમાં કચ્છના અખાતમાંથી સમુદ્રમાં ડૂબેલી દ્વારકાના અવશેષો સાંપડ્યા ત્યારે જે ઉત્તેજના ફેલાએલી તેવી જ ઉત્તેજના આ ડાઇનોસૉરનાં ઇંડાંએ ફેલાવી છે, અને દુનિયાના નકશામાં રૈયોલીનું તથા ખેમપુરનું સ્થાન નિશ્ચિત કર્યું છે. ભારતમાં આ અગાઉ માત્ર જબલપુર તથા ત્રિચિનાપલ્લી પાસેથી જ આવાં અશ્મિભૂત ઈંડાં મળ્યાં છે, અને એ પણ ત્રુટક, કટકારૂપે. જ્યારે ગુજરાતમાંથી આવાં ઇંડાં મોટી સંખ્યામાં તો મળ્યાં જ છે, પણ એમાંના મોટા ભાગનાં જળવાઇને આખાં રહ્યાં છે. આમ, ગુજરાતનો બાલાસિનોર તાલુકો જગપ્રસિદ્ધિને વર્યો છે, કારણ કે દુનિયા આખીમાં, આપણે ઉપર જોયું તેમ, તથા ભારતમાં જબલપુર, કોટા અને પ્રાન્હીતા-ગોદાવરી વિસ્તારમાંથી ડાઇનોસૉરનાં અસ્થિઓ તો પુષ્કળ પ્રમાણમાં મળ્યાં છે, પણ એમનાં ઇંડાં બહુ જ ઓછાં સ્થળોએથી સાંપડ્યાં છે.

મળેલાં આ ઈંડાં ચાર અને દસનાં ઝૂમખાંમાં છે તથા દરેકનો આકાર ગોળાકાર છે. કદમાં એ ફૂટબૉલ જેવડાં છે. એમનો વ્યાસ ૧૨ થી ૨૦ સે.મી. જેટલો, તથા કવચની જાડાઇ ૨ થી ૩ મિલિમીટર જેટલી છે. ખડકોમાં ઈંડાંની ગોળાકાર કાચલી કથ્થાઈ-કાળા રંગથી અંકિત થએલી જોઈ શકાય છે. જાણે મોટી ગોળ બંગડી મૂકીને પથ્થર પર કોઇએ પેનસિલથી ચકરડું કર્યું હોય તેવાં આ ઇંડાં જણાય છે. ફ્રાન્સમાંથી મળી આવેલાં ઈંડાં આકારમાં આ ઈંડાંને મળતાં આવે છે, જ્યારે મોંગોલિયામાંથી મળેલાં ઈંડાં લંબગોળ છે. શ્રી દ્વિવેદીએ મને કહ્યું કે વિસ્તૃત સંશોધનથી સંભવ છે કે અહીંથી કેટલીક નવી જ જાતિનાં ડાઇનોસૉર મળી આવે. જો કે આ માટે ડાઇનોસૉરનાં બધાં જ અસ્થિઓ મળવાં જોઇએ. એમને જોડવાં જોઇએ અને ત્યારે જ



એના આકાર-કદ વગેરેનો ખયાલ આવે. છૂટકછૂટક અસ્થિઓને ગોઠવીને આખું પ્રાણી બનાવવું, એમાં ખૂટતાં અસ્થિઓ બનાવવા એ કામ ઘણા ખંત સાથે વિષયની નિપુણતા માગી લે છે. ઘણી વાર પૂછડીને સ્થાને માથું ગોઠવ્યાના હાસ્યાસ્પદ પ્રસંગો પણ બને છે. તેમ છતાંય, અત્યાર સુધીના અધ્યયનથી કહી શકાય છે કે આ પૈકી કેટલાંક ડાઇનોસૉર વનસ્પત્યાહારી તથા કેટલાંક માંસાહારી હતાં. વળી, અહીં ઘણી બધી જાતિઓનાં ડાઇનોસૉર રહેતાં હોવાં જોઈએ. એમનાં ઇંડાંનાં કદ તથા માળામાં એકસાથે મુકાએલાં ઈંડાંની સંખ્યા પરથી ડાઇનોસૉરની જાતિ નિર્ધારિત કરી શકાય. એક આશ્ચર્ય છે કે આ વિશાળકાય ડાઇનોસૉરનાં ઈંડાંનાં કવચ પ્રમાણમાં પાતળાં કેમ હશે, પણ એનો સંભવિત ખુલાસો એ છે કે જો કવચ જાડું હોય તો એનાં બચ્ચાં એને તોડીને બહાર ન આવી શકે. અમદાવાદનું જીઓલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા બાલાસિનોર ખાતે, સ્થળ ઉપર જ એક 'રાષ્ટ્રીય ડાઇનોસૉર પાર્ક' બનાવવાનું વિચારે છે. મળી આવેલાં ઈંડાં ડાઇનોસૉરનાં જ છે એની ખાતરી સ્કેનિંગ ઇલેક્ટ્રૉન માઇક્રોસ્કોપ દ્વારા કરવામાં આવી છે. શ્રી ધનંજય મોહબે તથા ચંડીગઢ યુનિવર્સિટીના પ્રો. અશોક સહાની આ ઈંડાંનો વિસ્તૃત અભ્યાસ કરે છે. મળેલાં આ ઈંડાંમાંથી કેટલાંક પરિપક્વ નથી કે સેવાયાં નથી. આવાં ઇંડાંના એક્સ-રે પણ લેવાવા જોઈએ. જેથી એનો અંદરનો ગર્ભ (Embryo) જો હોય તો, દેખાય. અમેરિકાના ટેક્સાસ ખાતે જૂનામાં જૂના કોઇ મહાકાય સરીસૃપનું એક ખાસ્સું મોટું, છ સેન્ટીમીટર લાંબું ઇંડું મળી આવ્યું, ત્યારે એના એક્સ-રે ફોટો લેવામાં આવ્યા હતા, જોકે એમાં કોઈ ગર્ભ દેખાયો ન હતો. સંભવ છે કે એ પૂરેપૂરું સેવાયું ન હોય અથવા તો એ મુકાયા પછી બગડી ગયું હોય.

સહુથી મોટાં ઈંડાં

ડાઈનોસૉરનાં આજ સુધીમાં મળેલાં સહુથી મોટાં ઇંડાં ૩૦ સે.મીટર (લગભગ ૧૨ ઇંચ) લાંબાં અને ૨૫ સે.મીટર (લગભગ ૧૦ ઇંચ) પહોળાં છે. એમનું દળ (Volume) આશરે ૫,૦૦૦ ઘન સેન્ટીમીટર જેટલું થયું. આજના હયાત શાહમૃગ પક્ષીનાં ઈંડાં સાથે આની સરખામણી કરીએ તો શાહમૃગનાં ઈંડાં કરતાં એ ચાર ગણાથી વધારે મોટાં થાય (આજનાં પક્ષીઓમાં શાહમૃગનું ઈંડું સહુથી મોટું હોય છે). ડાઈનોસૉરનાં આ સહુથી મોટાં ઇંડાં ઑક્ટોબર ૧૯૬૧માં દક્ષિણ ફ્રાન્સના એક્સ-એન-પ્રોવેન્સ (Aix-en-Provence)ની પાસે દૂરાં (Durance) નામની ખીણમાંથી મળી આવેલાં. વૈજ્ઞાનિકો માને છે કે ડાઇનોસૉરની બધી જ્ઞાત જાતિઓમાંથી હિપ્સેલોસૉરસ પ્રિસ્કસ (Hypselosaurus Priscus) જાતિનાં ઈંડાં સહુથી મોટાં હતાં. એટલે આ ઇંડાં એનાં જ હોવાં જોઈએ.

જોકે દુનિયામાં સહુથી મોટાં ઈંડાં ઈપીઑર્નિસ (Aepyornis) નામનાં પક્ષીનાં છે. આ પક્ષીને 'tall-bird' કે 'elephant bird' પણ કહે છે. એ એક કાળે માડાગારકરમાં થતાં હતાં. આજે તો એ વિલુપ્ત થઇ ગયાં છે. એમનાં ઇંડાંનું દળ ૮,૯૦૦ ઘન સે.મીટર જેટલું હતું. આમ, શાહમૃગનાં ઇંડાં કરતાં કદમાં આઠ ગણું મોટું, અને મરઘીનાં ઇંડાં કરતાં ૧૮૦ ગણું મોટું એ કદ ગણાય. ડેવિડ એટનબરોએ પોતાના 'Journeys to the Past' નામના પ્રવાસ પુસ્તકમાં માડાગાસ્કર વિષેના પ્રકરણમાં આ લુપ્ત થએલાં પક્ષીનાં ઇંડાં અંગે સચિત્ર માહિતી આપી છે.


ગોબીના રણમાંથી પહેલી વખત મળેલાં ઇંડાં

મોંગોલિયા ચીનની ઉત્તર આવેલું છે. દુનિયાના કોઈ પણ દેશ કરતાં દર ચોરસ માઇલે અહીં ઓછામાં ઓછી માનવવસ્તી જોવા મળે છે. સહુથી ઓછી માનવવસ્તીવાળા આ દેશના ગોબીના રણમાં એક કાળે સહુથી વધારે ડાઇનોસૉર વસતાં હતાં. ૧૯૨૨માં અહીં જ સૌપ્રથમ ડાઈનોસૉરનાં ઇંડાં મળેલાં. અને એ શોધવાનું માન એક ફોટોગ્રાફરને ફાળે જાય છે. એનું નામ શેકલફોર્ડ (Shackelford). અમેરિકાના દુનિયાના સહુથી મોટા 'ધી અમેરિકન મ્યૂઝિયમ ઑફ નૅચરલ હિસ્ટરી'ના એક વિભાગના ક્યુરેટર અને આશરે ૩૦ થી પણ વધુ સફરો કરી ચૂકેલા અનુભવી વૉલ્ટર ગ્રેંગર (Walter Granger)ની રાહબરી નીચે સંશોધક ટુકડીનો કાફલો ચીનની શોધ-સફરેથી પાછો ફરી રહ્યો હતો, ત્યારે ગોબીના રણમાં રસ્તા વચ્ચે કોઇ કારણસર મોટરો અટકી પડી, એ તકનો લાભ લઇ આ ફોટોગ્રાફર કમ 'ફૉસિલ-હંટર' પગ છૂટા કરવા નીકળ્યો, ત્યારે થોડે જ દૂર એની નજરે થોડાં અસ્થિ અને પછી ઇંડાંનાં કવચો મળી આવ્યાં. આ શોધનું મહત્ત્વ સ્વીકારીને બીજે જ વર્ષે સંશોધકોએ ત્યાં બે મહિના રહીને તે જ સ્થળેથી વધુ ખોદકામ કરીને ઇંડાંવાળો આખો માળો અને અનેક અસ્થિઓ તથા ડાઈનોસૉરની પચાસથી પણ વધુ ખોપરીઓ શોધી કાઢી! આ સ્થળને તેમણે 'Flaming Cliffs' એવું નામ આપ્યું. આ ઇંડાં પોપટની ચાંચ જેવા મુખવાળાં ૬ થી ૮ ફૂટ જેટલાં લાંબાં પ્રોટોસિરેટોપ્સ (Protoceratops) નામનાં ડાઇનોસૉરનાં હોવાનું મનાય છે. (જુઓ સાથે આપેલો ફોટો) ડાઇનોસૉર ઈંડાં મૂકતાં હોવાનો આ સહુ પ્રથમ પુરાવો હતો. સમુદ્રી કાચબી કાંઠે આવી, ખાડો ખોદી જેમ ઈંડાં મૂકે, તેવી જ રીતે આ ડાઇનોસૉર ઈંડાં મૂકતાં હોવાનું જણાયું.

પ્રોટોસિરેટોપ્સ ઉપરાંત, અન્ય પ્રકારનાં ડાઇનોસૉરનાં ઈંડાં પણ પાછળથી મોંગોલિયામાંથી મળ્યાં છે. એ પછી તો ડાઈનોસૉરનાં અશ્મિભૂત ઈંડાં ફ્રાન્સ, પોર્ટુગલ, ટાન્ઝાનિયા, બ્રાઝિલ, આર્જેન્ટિના, અને ઉત્તર મોન્ટાના, અમેરિકાના કોલોરેડો, લોસ એંજિલિસ પાસેથી, એરિઝોના વગેરે જેવા પશ્ચિમી ભાગોમાંથી પણ મળી આવ્યાં. આ બધાંએ દર્શાવ્યું કે બધી નહિ તો ડાઇનોસૉરની ક્રમસેક્રમ કેટલીક જાતિઓ તો ઈંડાં મૂકતી જ હતી. આમ, ડાઇનોસૉરનો સંબંધ ઈંડાં મૂકતાં મગર, કાચબા, ગરોળી, સાપ વગેરે આજનાં સરીસૃપો સાથે જોડવામાં આવ્યો. વળી ૧૯૭૮માં સેન્ટ્રલ મોન્ટાનામાંથી હેડ્રોસૉરસ (Hadrosaurs)ના અવશેષો મળી આવ્યા. આ બધાં પ્રમાણમાં યુવાન હતાં, અને એક સાથે જ રહેતાં હોવાનું જણાયું. આ શોધે દર્શાવ્યું કે ડાઇનોસૉરમાં પોતાનાં બચ્ચાં પ્રત્યે જવાબદારીનું ભાન હોવું જોઈએ. અને મા-બાપ બચ્ચાંની અમુક ઉમર સુધી દેખભાળ કરતાં હોવાં જોઈએ. આ સંશોધન-તારણ આજના કાચબાથી એમને અલગ પાડે છે, કારણ કે કાચબી ઇંડાં મૂક્યા પછી પોતાની જવાબદારી પૂરી થએલી માને છે.

જોકે આધુનિક સંશોધનો કહે છે કે ડાઇનોસૉર એ કાંઈ સરીસૃપોની જેમ ઠંડા-લોહીવાળાં પ્રાણીઓ ન હતાં, એટલે કે પર્યાવરણના ઉષ્ણતામાન પ્રમાણે તેમના શરીરના ઉષ્ણતામાનમાં વધઘટ થતી ન હતી. કેટલાક વૈજ્ઞાનિકો તો આગળ વધીને કહે છે કે હકીકતે ડાઇનોસૉર ગરમ-લોહીવાળાં પ્રાણીઓ હતાં, એટલે કે પક્ષીઓ તથા સસ્તનોની જેમ પોતાના શરીરમાં ઉષ્ણતાનિયંત્રક તંત્ર ધરાવતાં હતાં, જેને પરિણામે શરીરનું એકસરખું ઉષ્ણતામાન જળવાયા કરતું. જોકે આ અંગે કોઈ એકમત નથી. દર વર્ષે એક માત્ર ઍન્ટાર્કટિકાને બાદ કરતાં નવેનવે સ્થળેથી અત્યાર સુધીમાં અજ્ઞાત એવાં નવાંનવાં, ડાઇનોસૉરનાં અસ્થિઓ મોટી સંખ્યામાં મળતાં રહ્યાં છે, એટલે નવીનવી માહિતીઓ ઉમેરાયા કરે છે. આવો એક શોધક છે અમેરિકાનો જેમ્સ એ. જેનસન (James Jensen: જન્મ: ૨ ઑગસ્ટ, ૧૯૧૮). એણે એટલાં બધાં ડાઇનોસૉર-અસ્થિઓ શોધ્યાં છે કે એનું નામ જ 'ડાઇનોસૉર જિમ' (Dinosaur Jim) પડી ગયું છે. અને ખૂબીની વાત તો





આલાસિનોરથી દસેક કિલોમીટર દૂર રૈયોલી ગામ પાસેથી મળેલાં ડાઇનોસૉરનાં અશ્મિલ ઈંડાં. ડાબી બાજુની છબીમાં નીચેની બાજુએ ચૂનાના પથ્થર પર વળગેલી એક ઇંડાની કાચલીના અવશેષો છે. જ્યારે તેની ઉપર દેખાતું વર્તુળ ઇંડાનો ઘેરાવો દર્શાવે છે. જમણી તરફની છબીમાં દેખાતાં વર્તુળાકારો પણ ઈંડાંના જ છે. ચૂનાના પથ્થર વચ્ચે અશ્મિભૂત થએલાં આ ઇંડાંની કાચલીથી રચાતી વર્તુળરેખાઓ તેને પથ્થરથી અલગપાડે છે.

એ છે કે એણે કોઈ પદ્ધતિસરની તાલીમ કે કૉલેજનું શિક્ષણ લીધું નથી! આવી જ એક અંગ્રેજ સ્ત્રી હતી મેરી ઍનિંગ(Mary Anning : ૧૭૯૯-૧૮૪૭) કે જેણે કોઈ પણ પ્રકારની તાલીમ લીધી ન હતી અને માત્ર ૧૨ વર્ષની ઉંમરે ઇકૃથિયોસૉર (Ichthyosaur) પ્રાણીના અશ્મિલ અવશેષ શોધી કાઢેલા! એની સલાહ લેવા અનેક વૈજ્ઞાનિકો પણ આવતા. આવાં તો કંઈક ઉદાહરણો આપી શકાય. આવા જ નવશિખાઉઓએ આજના જીવાશ્મ વિજ્ઞાનને પોતાના અનુભવોથી વખતોવખત સમૃદ્ધ કર્યા જ કર્યું છે.

ડાઇનોસૉર્સની ઉત્પત્તિ અને વર્ગીકરણ

આજથી આશરે ૨૩ થી ૨૮ કરોડ વર્ષ પહેલાં એટલે કે પૅલિયોઝોઇક મહાકલ્પના અંતે ચાર પગવાળાં આશરે ત્રણેક ફૂટ ઊંચા પ્રાણીઓ પૃથ્વી પર જોવા મળતાં હતાં. એમનું મૂળ શોધવું મુશ્કેલ છે પણ આર્કોસૉરિયા (Archosauria) નામના સરીસૃપોના એક ઉપવર્ગ (Sub-class)માં આવતાં 'થેકોડૉન્ટ' ગણ (Order)માં એમને મૂકી શકાય. આ સરીસૃપ પ્રાણીઓ માંસાહારી હતાં ને ઝડપથી દોડવામાં પાછળના પગનો ઉપયોગ કરતાં હોવાથી તથા લગભગ ઊભાં ચાલતાં હોવાથી એ પગ વધુ વિકસ્યા હતા. સમતુલન માટે પૂછડીનો સહારો લેતાં એ લાંબી બની હતી. વિશેષતા એના મજબૂત જડબામાં દાંતની ગોઠવણની હતી. એમના જડબામાં વાટકી જેવા ખાડા (ગર્ત) હતા, જેમાં દાંત મજબૂતપણે જડાએલા હતા, એ પરથી Thecodont (teeth-in-sockets) અથવા તો 'ગર્તદંતી' તરીકે વૈજ્ઞાનિકો એને ઓળખે છે. ઑર્નિથોસૂકસ (Ornithosuchus) તથા યૂપારકેરીઆ (Euparkeria) નામનાં પ્રાણીઓ ગર્તદંતીનાં જાણીતાં ઉદાહરણો છે.

આ પ્રાણીઓમાંથી આજનાં મગર, ઘડિયાલ તેમજ પંખીઓ ઉદ્દભવ્યાં. ટૅરોસૉર્સ (Pterosaurs) તરીકે ઓળખાતાં ચામાચિડિયાં જેવાં ઊડતાં-સરીસૃપો પણ એમાંથી જ ઉદ્દભવ્યાં. આ ઊડતાં સરીસૃપો પૈકી કેટલાંકની પાંખ ૨૫ ફૂટ લાંબી હતી! કાળાંતરે આવાં ઊડતાં પ્રાણીઓ નાશ પામ્યાં પછી ક્યારેય એ પ્રકારનાં પ્રાણીઓ પૃથ્વી પર થયાં નથી.

આ ગર્તદંતીમાંથી જ બે સ્વતંત્ર ફાંટારૂપે ડાઇનોસૉર વિકસ્યાં. આજના મગર કે ગરોળી જેવાં સરીસૃપોના શ્રોણિનાં હાડકાં (Pelvic bones)ની ગોઠવણને મળતી ગોઠવણ ધરાવતાં પ્રાણીઓ સૉરિસ્કિયા (Saurischia) કહેવાયાં, જ્યારે આજનાં પક્ષીઓમાં જોવા મળતી શ્રોણિનાં અસ્થિઓની ગોઠવણ ધરાવતાં ડાઇનોસૉર ઑર્નિથિસ્કિયા (Ornithischia) કહેવાયાં. આ ઉપરાંત, પ્રાણીના દાંત, ખોપરી, નસકોરાં વગેરેને પણ વર્ગીકરણ કરતાં ધ્યાનમાં લેવાય છે.

ઑર્નિથિસ્કિયા ડાયનોસૉર સંપૂર્ણ વનસ્પત્યાહારી હોઇ એ કદમાં પણ ઘણાં મોટાં થયાં, જ્યારે સૉરિસ્કિયા ડાઇનોસૉર માંસાહારી તેમજ વનસ્પત્યાહારી હોઈને નાનાં-મોટાં વિવિધ કદનાં થયાં. આ ઉપરથી, સૉરિસ્કિયા ગણના પાછા બે કે ત્રણ ઉપગણ(Suborder) પાડવામાં આવ્યા છે. જેમ કે માંસાહારી, બે-પગાળાં 'થેરોપૉડ' (Theropod) કહેવાયાં, જ્યારે વનસ્પત્યાહારી, ચાર-પગાળાં 'સૉરોપૉડ' (Sauropod). થેરોપૉડને પગ તો ચાર જ હતા, પણ પાછલા પગો વધુ વિકસિત હતા. સહુથી નાનામાં નાના કદનાં, આજના કબૂતરથી પણ નાના ડાઇનોસૉર કૉમ્પસોગ્નેથસ (Compsognathus) આ પ્રકારનાં હતાં. સૉરોપૉડ સમૂહના સૉરિસ્કિયા ડાઇનોસૉર વજન, ઊંચાઇ, કદ અને લંબાઇ એમ દરેકમાં વિરાટ હતાં. અરે, નાનામાં નાનાં પ્રાણી પણ આજના હાથી કરતાં તો ક્યાંય મોટાં હતાં. આ પૈકી બ્રોન્ટોસૉરસ, બ્રેકિઓસૉરસ તથા ડિપ્લોડોકસ (Diplodocus) વધુ જાણીતાં છે. આ બધાં સૉરોપૉડ બહુધા પાણીમાં, પાણીકાંઠે તેમજ કેટલાંક જમીન ઉપર વસતાં હતાં.

ઑર્નિથિસ્કિયા ડાઇનોસૉરના ચાર ઉપગણ પડ્યા (કેટલાંક વિદ્વાનો પાંચ પાડે છે). જેમ કે પાછળનાં બે પગનો વધુ ઉપયોગ કરતાં, બતક જેવી ચાંચવાળા તથા પંજામાં બતક જેવી ચામડી ધરાવતાં ઑર્નિથોપૉડ(Ornithopod); બખ્તરીયા, પ્રમાણમાં નીચાં, ૨૦ ફૂટ લાંબાં ઍંકિલોસૉરસ (Ankylosaurus); મસ્તક ઉપર શિંગડાંધારી ૫ થી ૨૦ ફૂટ લાંબાં સેરૅટૉપ્સિયન (Ceratopsian); અને ઊંચી કમાન જેવી પીઠ ઉપર પાંદડા આકારની બે માંસલ પંક્તિઓ ધરાવનાર, ચાર પગનો ઉપયોગ કરતાં સ્ટેગોસૉરસ (Stego aurus). વીસેક ફૂટ લાંબાં આ સ્ટેગોસારસ પરની આ તક્તીઓ એના રક્ષણ માટે હોવાનું અત્યાર સુધી મનાતું હતું, પણ આધુનિક સંશોધનો કહે છે કે એમાં જણાએલી સૂક્ષ્મ નલિકાઓ એમાં પુષ્કળ લોહી વહી જતી હશે, જે સાબિત કરે છે કે આ તકતીઓનો ઉપયોગ આ પ્રાણીઓનું ઉષ્ણતામાન એકસરખું જળવાઈ રહેવામાં થતો હશે. વળી, બતક જેવી ચાંચવાળા ઑર્નિથોપૉડ ડાઇનોસૉરનાં દાંત કદમાં તથા સંખ્યામાં સારા એવા વિકસેલા હતા – એના મોંમાં બે હજારથી પણ કદાચ વધુ દાંત હતા! આ બતાવે છે કે આ પ્રાણીઓના શરીરમાં વધુ માત્રામાં ઉષ્મા પેદા થતી હશે, જેને પહોંચી વળવા એમણે વધુ ઝડપથી તથા વધુ માત્રામાં ખોરાક ચાવવો પડતો હશે, અને આ રીતે ઠંડા લોહીવાળાં સરીસૃપો કરતાં એ જુદા પડતાં કહી શકાય. પચ્ચીસથી ત્રીસ ફૂટ લાંબાં 'ઈગ્વેનોડૉન' આ પ્રકારનાં – ઑર્નિથોપૉડ ડાઇનોસૉર હતાં.

જીવનપદ્ધતિ

મોંગોલિયામાંથી મળી આવેલા એક ડાઇનોસૉરના પેટમાંથી ૧૧૨ નાના-નાના પથ્થરો મળી આવેલા. એવી જ રીતે તાજેતરમાં સમુદ્રી-સરીસૃપ પ્લીસિઓસૉર (Plesiosaur) નામના ડાઇનોસૉરના પેટ-માંથી પણ આવા પથ્થરો મળી આવ્યા છે. કદાચ વધુ પડતા પથ્થરો ગળી જઇને વજન વધી જતાં એ બધાં ડૂબી જઇએ નિર્વંશ બની ગયાં હોય તો નવાઈ નહિ! (ઈ.સ. ૧૮૨૧માં મેરી એનિંગે સૌપ્રથમ પ્લીસિઓસૉર શોધેલું.) આજનાં મરઘાં તથા દાણા ચણતાં અન્ય પંખીઓ કાંકરા ગળી જાય છે, જે એક ખાસ અવયવ – પેષણી કે ગિઝર્ડ-(gizzard)માં જમા થાય છે. આ પથ્થરને આથી 'ગિઝર્ડસ્ટૉન' કહે છે. આ પથ્થરો ખોરાકને દળી આપે છે. માંસભોજી તથા ફલાહારી પંખીઓમાં આ ગિઝર્ડનો કાંઈક અંશે હ્રાસ થએલો જોવા મળે છે. અળસિયાં, કરચલા વગેરેમાં આવી રચના હોય છે. દળી આપવાનું કામ પથ્થરો ઉપરાંત, એમાંના 'દાંત' દ્વારા પણ થાય છે. શાર્ક વર્ગનાં મત્સ્યમાં આવી વ્યવસ્થા હોય છે. ડાઇનોસૉરના પેટમાંથી મળેલા પથ્થર પણ સૂચવે છે કે એમનામાં ખોરાક પચાવવા માટે તેને પેટમાં દળવાની આવી કોઈ પદ્ધતિ હોવી જોઇએ.

આપણી લંબાઈ ૬ ફૂટ, હાથીની ૧૨ ફૂટ અને સસ્તન બ્લૂવ્હેલની લંબાઈ ૧૦૦ ફૂટ હોય છે, જ્યારે ડિપ્લોડોકસ ડાઇનાસૉર આશરે ૯૦ ફૂટ લંબાઈ ધરાવતાં હતાં! ડાઇનોસૉરની અનેક જાતો ચિત્રવિચિત્ર આકાર ધરાવતી હતી. શરીરનાં કદના મુકાબલામાં એમનાં મગજ બહુ જ ટચૂકડાં હતાં, અને વૈજ્ઞાનિકો માને છે કે એમની પીઠ ઉપર કોઈ બીજું વધારાનું મગજ પણ હોવું જોઇએ! ૫૦-૧૦૦ ટનનું વજન ધરાવતાં એમનાં અસ્થિપિંજરોનો ઈજનેરોએ પણ અભ્યાસ કર્યો છે. આટલું બધું વજન વેંઢારતાં એમનાં અસ્થિઓમાં જરૂર એવી કોઈ વિશિષ્ટતા હોવી જોઇએ. કોઈ ડાઇનોસૉરની પૂછડીને છેડે લાંબા કાંટા હતા, કોઇને શરીરે ઢાલ કે ગળામાં ઝાલર હતી, કોઈ કાંગારુ જેમ બે પગે ચાલતાં હતાં તો કોઈ જાનવરમાન કાચંડા જેવાં લાગતાં હતાં, ને કોઈ થાંભલા જેવા ચાર પગે ચાલતાં હતાં. ત્રણ ફૂટ લાંબા, શાહમૃગ જેવા દેખાવના ઓવિરેપ્ટૉર (Oviraptor) બીજી જાતોનાં ઈંડાં ખાઈ જતાં, તો કોઈ અન્યોન્યને ખાતાં આમ તેમની વસતિ કાબૂમાં રહેતી.

સામૂહિક નાશ

ઈ. ૧૮૨૨માં ગીડિયોન મૅન્ટેલ (Gideon Algernon Mantell, ૧૭૯૦-૧૮૫૨ નામના એક અંગ્રેજ તબીબે સસેક્સ પરગણા-માંથી દુનિયાનું સર્વપ્રથમ ડાઇનાસૉર અવશેષરૂપે શોધ્યું જે કેટલાક દાંત તેમ જ થોડાંક અસ્થિઓ રૂપે હતું. એણે એને 'ઈગ્વેનોડૉન' (Iguanodon) નામ આપ્યું. લગભગ એ જ અરસામાં, ઇંગ્લૅન્ડના જ રેવરંડ વિલિયમ બકલૅન્ડે (William Buckland) ઑક્સફર્ડ પાસેથી બીજા એક ડાઇનાસૉરનાં દાંત અને અસ્થિ શોધ્યાં. એ પછી ૧૯૩૪માં તો કૅનેડાના પશ્ચિમ ભાગમાંથી ડાઇનોસૉરની બાર કરોડ વર્ષો જૂની સચવાએલી ચામડીના અનેક અવશેષો મળ્યા. ભારેખમ ડાઇનોસૉરના પગલાંની છાપો પણ મળી છે. આ બધું મળ્યું પણ આ વિશાળકાય જીવો તેમજ એ સમયની મોટા ભાગની જીવસૃષ્ટિ મેસોઝોઈક મહાકલ્પની વિદાય સાથે કેમ ગાયબ થઈ ગઈ, અને કેટલીક જાતો કેવી રીતે બચી ગઈ તે એક મોટું આશ્ચર્ય છે. જેમ કે સરીસૃપોની અનેક શાખાઓ પૈકી કેમાંથી મગર, ઘડિયાલ વગેરેમાં પરિણમી તે ઉત્ક્રાંતિ દરમિયાન ટક્કર ઝીલી ગઈ અને બચી ગઈ. તેવા જ રીતે થેકોડોન્ટમાંથી કાળાંતરે પક્ષીઓ જન્મ્યાં.

શું કોઈ રોગચાળો પ્રસર્યો હશે? ઝેરી વનસ્પતિની નવી જાતો ઊગી નીકળી હશે, જે ખાતાં આ પ્રાણીસૃષ્ટિનો નાશ થયો હોય? સપુષ્પ વનસ્પતિનો ઉદ્ભવ થતાં વાતાવરણમાં પ્રાણવાયુનું પ્રમાણ બદલાઈ ગયું હશે? કોઈ ઉલ્કા યા લઘુગ્રહ સાથે પૃથ્વી ટકરાઈ હશે? કૉસ્મિક રેડીએશનની અસરો કે ભૂચુંબકીય ઊલટાસૂલટીને કારણે આમ બન્યું હશે? આકાશમાં સુપરનોવાનો સ્ફોટ થયો હશે? ખંડો ખસતાં ઊથલ-પાથલ થઇને જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ સર્જાતાં આવું થયું હશે? મોટા જ્વાળામુખ ફાટતાં સૂરજનાં કિરણો અટકી જઈ પ્રાણી-સૃષ્ટિ તેમજ વનસ્પતિસૃષ્ટિ નાશ પામી હશે? શું સમુદ્રોના પાણીની સપાટી નીચી ઊતરી જવાથી આવું થયું હશે? (મેસોઝોઈક મહાકલ્પમાં સમુદ્રની સપાટી નીચી ગયાની તેમજ ઉષ્ણતામાનમાં ઘટાડો થયાની સાબિતીઓ સાંપડી છે.) શું મીઠા પાણીની તંગી સર્જાઈ હશે? શું ડાઇનોસૉરનાં જનનાંગો ઉપર ઠંડી-ગરમીની વધુ પડતી અસરોથી તેમનામાં વંધ્યત્વ આવ્યું હશે? સસ્તનોનો પ્રાદુર્ભાવ થવાથી? નાનાં ઉંદર જેવાં પ્રાણીઓ શું ડાઇનાસૉરના બધાં ઈંડાં ખાઈ ગયાં હશે? કે પછી સૃષ્ટિનો સર્જનહાર અફુરાળ હાથોથી વિવિધ ઘાટ ઘડવાના અખતરા કરતો જઈ જે ઘાટ ન ગમે તેને ભાંગી નાખવાની કામગીરી ઉત્ક્રાંતિરૂપે કરતો જતો હતો? અથવા શું ઉત્ક્રાંતિમાં એમનો વિકાસ ખોટે માર્ગે ચઢી ગયો હતો?

ઈસ્ટ્રોજન, ઈંડાનાં કોચલાં અને લઘુગ્રહ તથા ઇરીડિયમ

જર્મન વૈજ્ઞાનિકોએ ડાઇનોસૉરનાં આશરે ૨,૫૦૦ જેટલાં ઈંડાં-ઓનાં કોચલાંનો અભ્યાસ કર્યા પછી તારણ કાઢ્યું છે કે જેમજેમ વર્ષો વીતતાં ગયાં તેમતેમ નવાં મુકાતાં ઇંડાંનાં કોચલાં પાતળાં બનતાં ગયાં. પંખીઓ, કાચબા, મગર વગેરે ઉપર તાણ (stress)ની અસરોના અભ્યાસે સૂચવ્યું કે લાંબા સમયની માનસિક અશાંતિ માદામાં ઈસ્ટ્રોજન નામના હોર્મોનની માત્રામાં ફેરફાર કરી નાખે છે, જેને પરિણામે એવી માદાનાં ઇંડાંનાં કોચલાં પાતળાં હોય છે. આ બંને સંશોધન-તારણોને ભેગાં કરીએ એટલે ડાઇનાસૉરના સમૂહ-વિનાશનો એક નવો વાદ રચાય. ઇંડાંનું કવચ પાતળું થતાં અંદર વિકસી રહેલા ગર્ભની સલામતી જોખમાય, એ કચરાઈ જાય, ઝટ ભાંગી જાય, તો સામે છેડે આવાં પાતળાં કોચલાંમાંથી તેમ જ એમાંનાં ઝીણાં છિદ્રોમાંથી ગર્ભની આસપાસનું જરૂરી પ્રવાહી બહાર 'ઝમી' જાય અને નિર્જલીકરણ થતાં જન્મતા પૂર્વે જ ડાઇનાસૉરના ગર્ભ સુકાઇને મરી જાય. આપણે ત્યાંથી મળેલાં ડાઈનાસૉરનાં ઈંડાંનાં કવચ જુદી-જુદી જાડાઇનાં હોઈ, આ સંબંધી અભ્યાસ પૂરો પાડી શકે.

નોબેલ પારિતોષિક-વિજેતા અમેરિકન વૈજ્ઞાનિક ડૉ. લુઇસ અલ્વારેઝે આ પ્રાણીઓના વિનાશ સાથે બાહ્ય (લઘુ)ગ્રહની અથડામણ જોડી છે, અને એની સાબિતીરૂપે મેસોઝોઇક મહાકલ્પ સમયના ખડકો-માં વધુ માત્રામાં મળી આવતા 'ઇરીડિયમ' નામના તત્ત્વની સાબિતી જોડી છે. આ તત્ત્વ અન્ય ગ્રહો ઉપર સારા એવા પ્રમાણમાં છે. જ્યારે પૃથ્વી ઉપર મેસોઝોઇક મહાકલ્પના ખડકોને બાદ કરતાં નહિવત્ છે. આમેય દર દસ કરોડ વર્ષે પૃથ્વી સાથે એકાદ લઘુગ્રહની આવી અથડામણ થયાના પુરાવાઓ મળ્યા છે.

કદાચ ડૉ. અલ્વારેજ સાચા હોય, કદાચ જર્મન વૈજ્ઞાનિકો સાચા હોય અને કદાચ આપણે ધારીએ એથી અલગ કારણો પણ હોય, પરંતુ હાલના તબક્કે તો મૂળ પ્રશ્ન ગૂંચવાએલો જ રહ્યો છે. એ જે હોય તે, પણ અમદાવાદથી ૧૨૦ કિ. મીટર દૂર આવેલા રૈયોલીમાંથી ડાઈનોસૉરનાં વિરલ એવાં અશ્મિભૂત ઈંડાં શોધી કાઢીને ગુજરાત અને એના ખેડા જિલ્લાને વૈજ્ઞાનિક નકશામાં મહત્ત્વનું જ નહિ, પણ મોખરાનું સ્થાન મેળવી આપવા બદલ જીઑલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા અને એના યુવાન વૈજ્ઞાનિકો – ખાસ કરીને શ્રી મોહબે તથા શ્રી ત્રિવેદીને લાખ લાખ સલામ! ☐

સાહિત્યસંપર્ક

બે કાવ્ય-સંગ્રહો

(પ્રફુલ્લ રાવલ)

અવાજનું અજવાળું

યોગેશ જોષીનાં ૭૪ કાવ્યોનો આ સંગ્રહ ચાર ગુચ્છોમાં વિભક્ત છે. છેલ્લો ગુચ્છ ગઝલ અને ગીતનો છે. અન્ય ગુચ્છોમાં અછાંદસ રચનાઓ છે. પ્રકૃતિ, પ્રણય અને મૃત્યુ એ ત્રણ વિષયોમાં યોગેશની કવિતાનો વિહાર છે. સનાતન પણ એ ત્રણ જ છે. આથી જ યોગેશની કવિતાનું કાલગત મૂલ્ય રહેશે.

પ્રથમ ૨૯ કાવ્યોમાં તાન્કા ને હાઈકુ મળીને ૩૪ કૃતિઓ ઉપલબ્ધ થાય છે. છેલ્લું કાવ્ય કટોકટીને લગતું છે, પરંતુ આ ગુચ્છનો વિષય છે પ્રકૃતિ. તેમાં વૃક્ષ, પંખી, પતંગિયુ, વાવાઝોડું, સમુદ્ર, જંગલ, રણ, ખીણ, રેતી, વરસાદ, શિશિર, ગ્રીષ્મ ઇત્યાદિ પ્રકૃતિનાં અનેક પરિમાણો જોવા મળે છે. કવિનજરમાં ઘણું સમાસ પામ્યું છે. કવિ કહે છે:

'હું તો બસ
રાહ જોયા કરીશ –
વૃક્ષને પાન ફૂટવાની.'

પ્રકૃતિને પોતીકી કરનાર કવિ જ આવું કહી શકે. ૧૩મા કાવ્યનો અંત આવો છે:

'તમને ખબર ન હોય
તો કહી દઉં
કે આવતી કાલથી
દીવાની જ્યોતને ફૂંક મારીને
પતંગિયાં
પ્રયાણ કરવાનાં છે
કાળમીંઢ ખડક તરફ.'

'જેસલમેર' નામક રચના સાવ નાની છે. પરંતુ પ્રકૃતિનું સુંદર દર્શન આપી રહે છે:

'સાવ
કોરા કાગળ જેવું
શ્રાવણનું
આકાશ જોઈને થાય છે
કે લાવ,
એની હોડી બનાવીને
રણમાં તરતી મૂકું –
કોઈ ઊંટની પીઠ પર મૂકીને!'

એક સરસ કલ્પન મળી રહે છે. 'કવિ' નામક રચનામાં સૂર્યનો વિનિયોગ કર્યો છે. 'રૂપાન્તર'નો પ્રારંભ માણીએ:

'શિશિરની નીરવ રાત્રિ પાસે હું
ઝાકળની ભાષા શીખવા ગયેલો
પણ સવાર પડતાં જ કોણ જાણે કેમ
મારું રૂપાન્તર થઈ ગયું ધુમ્મસમાં!'

'હાઈકુ'માં મહદ્અંશે માપ જળવાય છે. ક્યારેક શ્રુતિનો ખયાલ નથી હોતો, પરંતુ કલ્પન બનતું નથી. યોગેશ જોષીનું એક હાઈકુ સરસ કલ્પન બન્યું છે:

'ક્યાંકથી કોક
પતંગિયું ઊડયું; થૈ
હવા જીવતી'

દ્વિતીય ગુચ્છનાં કાવ્યો સદ્ગત અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને અર્પણ થયેલાં છે. એ મૃત્યુ-કાવ્યો છે. આ સંગ્રહમાંનાં સારા–ઉત્તમ કાવ્યોમાં મૃત્યુને લગતું એક કાવ્ય સ્થાન પામી શકે તેટલું ચારુ છે. અન્ય કાવ્યો પણ કૃતિ રૂપે સંતર્પક છે. એકસાથે મૃત્યુકાવ્યો પ્રથમ વાર કોઈ કવિ પાસેથી મળે તેનું ઐતિહાસિક મૂલ્ય હોય છે. ૩૪મું કાવ્ય આસ્વાદવા જેવું છે:

'કદાચ કાલે
એકે ય પાંદડું નહીં હોય પીપળા પર!
દરિયો યે એનાં મોજાંઓથી
વિખૂટો થતો જાય છે.
ને આ ડિસેમ્બરમાં તો
એકે ય પંખી નથી આવ્યું નળ સરોવર
નિઃસ્તબ્ધ થઈને
સૂતું છે સરોવરનું નિરભ્ર જળ
ને એકે ય માછલી
સહેજે નથી સળવળતી!
જાણું છું, પીંછી લઈને
પીળાં પાંદડાં પર લીલો રંગ ચોપડવાથી
વસંત ન આવે.
સૂરજ જેવો સૂરજ પણ
વિખૂટો થતો જાય છે તડકાથી!
ને...હવે તો
નરી આંખે જોઇ શકું છું
વિખૂટા થતા જતા
ભગવા રંગથી ઝળહળતા મારા શ્વાસ!
કલ્પના,
બારી ખોલી નાખ
ને મને
ભરી ભરીને
સાંભળી લેવા દે
પીપળાનાં સુકાં પાંદડાંનું ગીત!
કદાચ કાલે —'

આ કાવ્યમાં 'કલ્પના'નો ઉલ્લેખ છે. એ કવિની કલ્પિત (?) કાવ્ય નાયિકા છે. ત્રીજો ગુચ્છ પ્રણયકાવ્યોનો છે. યોગેશનું કહેવું છે: 'મારી કવિતા જેટલો જ પવિત્ર છે પીપળો.' પ્રણય સાથે પ્રકૃતિ વણી લીધી છે. ૪૬મા કાવ્યના પ્રારંભે પ્રણયની સુચારુ અભિવ્યક્તિ છે:

'પણ તું
ક્યાં સુધી બંધ રાખીશ બારી-બારણાં?
આજે ફરીથી કલ્પના,
ક્યારની યે આવીને એક કોયલ
બેઠી છે આપણા સંબંધની ડાળે, ચૂપચાપ!'

અને ૫૪મા કાવ્યમાં કવિ કહે છે:

'જાળવીને રસ્તો ઓળંગજે, કલ્પના
ક્યાંક મારા શૂન્યમાં
તારો પગ ન પડી જાય!'

૫૫મા કાવ્યનો અંત આવો છે:

'કલ્પના,
ત્રિભેટે પડેલાં
આંસુઓથી ખરડાયેલા મારા દેહને
હટાવનારું ય
કોઈ જ નથી આ દુનિયામાં
અવાય તો આવી જા એકાદ વાર...'

પ્રણયકાવ્યો વિરહ-વેદનાસભર છે. અંતિમ ગુચ્છમાં ગઝલ-ગીત છે. પરંતુ અછાંદસ જેટલી બળકટતા આ કાવ્યો બતાવી શક્તાં નથી. પારંપરિક ગીતરીતિ–ગઝલરીતિ જ છે. કશોય નવો ઉન્મેષ વર્તાતો નથી

૧૯૮૪ના વર્ષમાં પ્રગટ થયેલા ને થનાર કાવ્યસંગ્રહોમાં 'અવાજનું અજવાળું' પોતાનો ઉજાશ જરૂર પાથરશે. એથી જ શબ્દ સરી પડે છે—સ્વાગતમ્.

[પ્રકાશક: વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા-૫, વિક્રેતા: આર. આર. શેઠની કંપની. રૂ. ૨૫]

થાક

દરરોજ 'નવટાંક મૃગજળ' એકઠું કરતાં કરતાં અને મને '...ધુમ્મસનો નશો ચઢયો છે' એમ માનતા તેમજ 'તારામાં તારાપણું હોય તો ઓળખી કાઢજે એસ. એસ. રાહીને.' એમ આહ્વાન આપતા કવિ 'રાહી'નો ત્રીજો કાવ્યસંગ્રહ 'થાક' એમની ઘડાતી જતી કવિપ્રતિભાનો સમ્યક્ પરિચય આપે છે. અહીં ગઝલ, ક્ષણિકા, તાન્કા, ગીત અને મોનોઇમેજ કાવ્ય સંગૃહીત થયાં છે. ગઝલની સંખ્યા વિશેષ છે, પરંતુ મોનો-ઇમેજનાં ચાર કાવ્યો આ સંગ્રહનાં બળવાન કાવ્યો છે. 'નદી' નામક રચનામાં ૧૧ ચિત્રો રજૂ કર્યાં છે. છેલ્લું અગિયારમું ચિત્ર ગદ્યકાવ્યનો નમૂનો છે, સાથેસાથે મોનો-ઇમેજ કાવ્ય રૂપે પણ તેનું મહત્ત્વ છે જ. એ છેલ્લું નદીનું

આવાર્તા

સ્વ. ભીખુભાઈ આચાર્ય

ગુજરાતમાં કલા અંગે પુનર્જાગૃતિ આણવા સાથે સ્વ. શ્રી રવિશંકર રાવળે કલાકારોનું જે એક નવું વૃંદ તૈયાર કર્યું તેમાંના ઘણાએ પોતપોતાની શક્તિ પ્રમાણે ખ્યાતિ મેળવી છે. ભીખુભાઈ આચાર્ય પણ એમાંના એક હતા. ગઈ ૧૭ જુલાઇએ મુંબઈમાં એમનું અવસાન થતાં દુ:ખ અનુભવીએ છીએ. ભીખુભાઇના કલાસર્જનોમાં ભારતીયતા એ એમની લાક્ષણિકતા રહી છે. ચિત્રકાર તો એ હતા જ, પણ વિધવિધ શોભનક્ષેત્રે એમનું પ્રદાન આગવું જ રહ્યુ છે. પોતાની કલાશક્તિને એમણે આ દિશામાં વાળી ત્યારે તો ગુજરાતમાં આ ક્ષેત્ર હજી નવુંનવું જ હતું. અમદાવાદમાં એમણે શણગારેલો એક ફોટોગ્રાફર મિત્રનો નવો સ્ટૂડિયો હજી યે યાદ રહ્યો છે. નાનાશા એ સ્ટૂડિયોનાં તળપદાં ભાતીગળ શોભનો અને રંગછટા એ સમયે એક અનોખી પ્રતિભા પ્રકટાવતાં હતાં. એમાં યે એમણે આભલાંનો જે સુંદર ઉપયોગ કરેલો તે તો એ કાળે અનન્ય જ હતો. પણ આવાં તો અનેક કામ એમણે કરેલાં. એમણે ઊભા કરેલા લગ્નમંડપો પ્રસંગ ઉકલી ગયા પછી યે રાખી મૂકવામાં આવતા ને લોકો તે જોવા ઊમટતા. એ કાળે આવા મંડપો એક નવાઈ હતી. પ્રાપ્ત સામગ્રીથી તેના શોભનમાં જે અભિનવ કલાદૃષ્ટિ દાખવતા તે તેમની આગવી કલાસૂઝની દ્યોતક બની રહેતી. એટલું જ નહિ, તેમાં ગુજરાતની આગવી કલા પણ પ્રકટ થતી.

છેલ્લા ત્રણ દાયકાથી યે વધુ સમયથી તેઓ મુંબઈમાં વસેલા. ત્યાં એમણે 'ઇન્ટિરીઅર ડેકોરેટર' તરીકે કામ કરવા ઉપરાંત, રંગભૂમિની દૃશ્ય-સજાવટો પણ કરેલી. કેટલીક ફિલ્મોનું કલાનિર્દેશન પણ એમણે કરેલું. 'ધ્રુવસ્વામિની દેવી', 'ગીતગોવિંદ', 'લોપામુદ્રા', 'જયાજયંત', 'અચલાયતન' વગેરે નાટ્યપ્રયોગોમાં એમણે કરેલી દૃશ્ય-રચનાઓ જેમણે જોઈ છે તેઓ હજી યે તે ભૂલ્યા નહિ હોય. ફિલ્મોમાં રાજકપુરની ખ્યાત ફિલ્મ 'આવારા'માં એમણે ઊભું કરેલું એક ગીતનું સ્વપ્નદૃશ્ય પણ એવું જ અવિસ્મરણીય બની ગયું છે. આ સિવાય 'રત્નાવલી', 'સરસ્વતીચન્દ્ર' વગેરે ફિલ્મોનું એમનું કલાનિદર્શન પણ પ્રશંસા પામ્યું હતું.

એમ તો એમણે પન્નાલાલ પટેલના 'એળે નહિ તો બેળે' નાટકમાં એક પાત્ર પણ ભજવેલું. સંગીતના યે એ જાણકાર હતા, અને અમદાવાદની 'એલિસબ્રિજ આરોગ્યસમિતિ'ના સંગીત-નૃત્ય નિકેતનના વાદ્યવૃંદના એ પણ એક કલાકાર હતા. એમનો સરળ-સાલસ સ્વભાવ અને સદાય હસમુખો ચહેરો એમના પરિચયમાં આવનાર સૌ કોઈની સ્મૃતિમાં ચિરંજીવ બની રહેશે. એમના આત્માને શાંતિ પ્રાર્થવા સાથે આ અંકમાં એમની કારકિર્દીના આરંભકાળની એક કૃતિ આપવા સાથે અંજલિ અર્પીએ છીએ. —સં.

પાબ્લો પિકાસો જ્યારે જન્મ્યો ત્યારે તેને મરેલો સમજી એક બાજુએ મૂકી દઇને દાયણ તેની માતાની સારવારમાં લાગી ગઈ હતી. પણ ત્યાં સિગાર પીતા હાજર ડૉકટરે પિકાસોના મોંમાં ફૂંક મારીમારીને એનાં ફેફસાંમાં હવા ભરી તેને જીવાડી દીધો. આમ, જન્મ પછી તુરત જ પ્રથમ શ્વાસમાં પિકાસોને સિગારનો ધુમાડો મળેલો.

ચિત્ર આવું છે: 'આજથી કરોડો વર્ષ પહેલાં કોઈ એક ગાઢ અને ભયાનક રાત્રિએ સ્વર્ગલોકમાં રહેતી એક ખૂબસૂરત પરી માર્ગ ભૂલી ગઈ. તેથી તે મૃત્યુલોકના એક વેરાન, નિર્જન અને બંજર સ્થળે ભૂલી પડી. પોતે ભૂલી પડી ગઈ છે એ જાણીને તે એટલું બધું રડી, એટલું બધું રડી કે પોતે અંધ બની ગઈ અને તેનાં મોતી જેવાં અશ્રુઓથી એક નદીનું સર્જન થયું. હજુ પણ ક્યારેક કોઇ પરી આવી રીતે ભૂલી પડી છે ત્યારે મૃત્યુલોકની નદીઓમાં એક નદીનો વધારો થાય છે.'

'ઝરૂખો', 'મૃગજળ' અને 'ધુમ્મસ' પણ રસમય બન્યાં છે. 'મૃગજળ'માંની એક ગમતી 'ઇમેજ' આ રહી:

'આ મૃગજળ એ તો તમારી આંખોમાંથી ટપકેલા વેદનાના કસુંબલ ટુકડાઓ છે!'

ગીત માત્ર બે જ છે. કોઈ નૂતન સિદ્ધિ નથી. છ ક્ષણિકાઓમાં 'રાહી'નું આગવું કશું જ લક્ષ્ય થતું નથી. માત્ર પારંપરિકતા પામી શકાય છે. વીસ જેટલાં શેરો-મુક્તકોમાંથી બે 'રાહી'ની કવિપ્રતિભાને સમજવામાં સાનુકૂળ થશે:

'અવાજ નામનો ટહુકો લખ્યો કાગળ પર,
ને પેલા સૂર્યને મૂકી દીધો યે ઝાકળ પર;
મેં મૃગ વિશેની કથા સાંભળી નથી ક્યારેય,
ભરોસો કેમ હું રાખું કહો આ મૃગજળ પર?'

'તૃપ્ત હું હોઉં પણ તરસ લાગે,
તપ સુધી પહોંચતાં વરસ લાગે;
આંખ ખોલું તો એનું એ જ બધું,
આંખ બીડું, બધું સરસ લાગે.'

બાર તાન્કાઓ છે. તાન્કાનું સ્વરૂપ હજુ સ્પષ્ટ થયું નથી એટલે તેનો તુલનાત્મક અભ્યાસ અવશેષ છે. આ બધાં જ ઉત્તમ છે એવું નથી. પ્રયત્ન પ્રશસ્ય છે. એક તાન્કા જોઇએ:

વન કન્યાઓ
અવાવરુ ધોધમાં
ખૂબ ન્હાય ને
કાંઠે, જાંબુડી હસે,
કોયલ શરમાય.'

અહીં કોયલનું શરમાવું એ તાજી કલ્પના છે. 'જાંબુડી હસે' દ્વારા જાંબુના વૃક્ષની સમૃદ્ધિ છતી થાય છે. આખી ઇમેજ બને છે. ૨૮ ગઝલો સંખ્યા અને ગુણવત્તા ઉભય દૃષ્ટિએ ધ્યાનપાત્ર છે. એમાંથી થોડાક શેરોને માણીએ:

'જળ-સમાધિ હોડીએ લીધી છતાં
વૃદ્ધ આ દરિયાનો ક્યાં ઊતર્યો છે થાક.'

'દફનાઈ જવાની એક ઘટનાને પામવા
લાગ્યો છું સ્વર્ગમાંથી હું જળ, ઊભા રહો.'

'મૃત્યુની ગાડી ઘણી મોડી મળી
તો ય લાગ્યું જિંદગી થોડી મળી.'

'ખાલીપણાથી કેટલા ટેવાઇ ગયા લોક
પ્યાલી ભરું તો કહે છે છલોછલ ન ભર.'

'તું જીવે કે મૃત્યુ પામું હું, છતાં
કંઈ અસર થાતી નથી ઇતિહાસને.'

'એક દરિયો મારામાં ડૂબી ગયો
એટલે નૌકા ડૂબી શેવાળમાં.'

'મેં તો ઘણા ય જન્મ લીધા છે, મરણ પછી
આ આત્માનું શું? જે વરસોથી કેદ છે.'

'મરણ નામે શાપિત નગરચોકમાં હું
જનમ-કુંડળી લઇ નિરાંતે ફરું છું.'

'પાનખર આવીને ચાલી ગઇ છતાં
બારસાખે ઝૂલતાં'તાં તોરણો.'

'મારા બધા જ પ્રશ્નોનો ઉત્તર મળી ગયો,
વ્હેલી સવારે જ્યારે સૂરજ ડૂબી ગયો.'

થાકને ટહેલતો કલ્પનાર 'રાહી'ની કવિતા થાક વગર સતત ગતિમય રહે અને આથી અદકેરી કવિતા સુલભ થાય તે ઘડી દૂર ન હો.

['થાક'—એસ. એસ. રાહી, પ્રકાશક: રેખા પ્રકાશન, કેઝર ઇલેકટ્રિકલ્સ, સાંગણવા ચોક, રાજકોટ. મૂલ્ય રૂ. ૧૦]

ઊઠી અમર હાકથી યુવક, તું કરે ગર્જના,
સદૈવ પુરુષાર્થથી ડગ ભરી ધપ્યે જા ધપ્યે!

—કૃષ્ણલાલ શ્રીધરાણી—

ફિલસૂફ પ્લેટોને ત્યાં મિજબાનીમાં જમીન પર પાથરેલા મહામૂલા ગાલીચાઓ પર જોરથી પોતાનો પગ ઠોકતો ઠોકતો ડાયોજિનિસ બોલ્યો : 'મારા પગ તળે ચાંપું છું. પ્લેટોના આ ગુમાનને તો.' પ્લેટોએ કટાક્ષમાં એનો ઉત્તર વાળ્યો : 'એટલા જ ગુમાનથી ને?'

:કહેવતોના અર્થ : 'દુશ્મન જુએ પગ સામે, ને હેતુ જુએ મોં સામે.'-સાંસારિક ડહાપણ શીખવતી આપણી કેટલીક કહેવતો પ્રેરક-પ્રોત્સાહક પણ હોય છે. સાદા બોધવચન સમી લાગતી. આ કહેવત એક કાળે બહુ પ્રચલિત હતી. આપણા હેતુ (હિતસ્વી લોકો, ચાહકો) તો આપણા મોં સામે આપણી આબાદી-ઉન્નતિ સામે, સપાટી પરની સ્થિતિ સામે જ માત્ર જોઈ રહે કે રાચે; પરંતુ આપણા દુશ્મનો આપણી ઢીલાશ, કચાશ કે છિદ્ર શોધતા જ હોય છે. માટે હિંમત હાર્યા હોઇએ છતાં પણ પગ પાછો પરઠવો નહિ.

પેટ્રોલિયમ પછી દુનિયામાં સૌથી મોટો વ્યાપાર કૉફીનો છે.

અછબડા એ બાળકો માટે ચેપી ગણાતો રોગ છે. એ થાય ત્યારે ચામડી પર લાલ ચાઠાં પડી ખજવાળ આવે છે, શરીર તાવથી ધગી ઊઠે છે, ગળું બગડે છે અને બેચેની રહે છે. આ રોગને રોકવા માટે એક નવી જ જાતની અસરકારક રસી શોધાઈ છે. જો કે આ રસી વ્યાપક ઉપયોગ માટે લભ્ય બનતાં હજી થોડો સમય લાગશે, પણ લાપોટિયું, લકવા, ડિપ્થેરીઆ અને ધનુર્વાની રસી જેમ તેનો વપરાશ થવા માંડતાં બાળકોમાંથી આ રોગ પણ મોટે ભાગે નાબૂદ થશે.

ઍમેઝોન નદીમાં લગભગ ૧૧૦૦ જેટલાં ઝરણાં ને નાની નદીઓનાં પાણી ભળે છે. આ ઍમેઝોન દરિયામાં એટલું બધું પાણી ઠાલવે છે કે તેના મુખ પાસે સમુદ્રમાં લગભગ એકસો માઈલ સુધી પી શકાય તેવું ચોખ્ખું પાણી જ ફેલાએલું રહે છે.

બૅક્ટીરીઆ એટલા સૂક્ષ્મ હોય છે કે પ્રવાહીના એક જ ટીપામાં એ લગભગ પાંચ કરોડ જેટલી સંખ્યામાં સમાઈ જાય.

દિવસના આરંભ કરતાં દિવસના અંત વખતે વાતાવરણમાં વધુ રજોટણ ફેલાએલી હોય છે. અને એટલે જ ઉદય કરતાં અસ્ત વખતે સૂર્ય વધુ લાલ દેખાય છે.

સામાન્યત: માછલીઓમાં એની પીઠ રંગીન અને પેટનો ભાગ ફિક્કો હોય છે. પણ નાઈલ નદીમાં જોવા મળતી કૅટફિશનું પેટાળ રંગીન અને પીઠ ફિક્કા વર્ણની હોય છે. આ માછલી પાણીમાં હમેશાં પેટ ઉપર અને પીઠ નીચે રાખી ઊંધી થઇને તરે છે.

બિલ ચૂકવ્યા વિના એક ગ્રાહકને ખિસકતો જોઈ હોટલના મૅનેજરે વિવેકથી પૂછ્યું : 'આપ કંઈ ભૂલી તો નથી જતાને?'

ગ્રાહકે ના પાડતાં મૅનેજરે યાદ આપી, 'કદાચ આપ બિલ ચૂકવવાનું ભૂલી ગયા છો.'

'પણ આ પહેલાં હું મારું ઘડિયાળ ને ચશ્માં અહીં ભૂલી ગએલો ત્યારે તો આપે કંઈ યાદ કરાવ્યું નહોતું.'

'જ્યારે ભૂલ વારંવાર થાય ત્યારે તો કહેવું પડે.'

દાંતનો દાક્તર જ એક એવો પુરુષ છે જે મહિલાને મોં બંધ રાખવા કે ખોલવાનું કહેવા છતાં સુરક્ષિત રહી શકે છે.